અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, આસો સુદ ૩ | અંક : ૮૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ભારતીય સિનેમા જગતનો સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કાર

## શાહરૂખ ખાનને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર, ગુજરાતી ફિલ્મ 'વશ'ને નેશનલ એવોર્ડ

### નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં ૭૧માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત કરાયા છે, શાહરૂખ ખાન, રાની મુખર્જીથી લઈને મોહનલાલ સહિતના અનેક દિગ્ગજો પોતાનો પુરસ્કાર લેવા દિલ્હીં પહોંચ્યા હતા

। (એજન્સી) નવીદિલ્હી, તા. ૨૩ ।

રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર ભારતીય સિનેમા જગતનો સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કારમાંથી એક ગણાય છે. ભારત સરકારના સૂચના પ્રસારણ મંત્રાલય તરફથી આયોજિત કરાતા આ પુરસ્કાર સમારોહમાં દર વર્ષે ભારતીય ફિલ્મ કલાકારોને તેમના અદ્વિતીય કાર્ય માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે અને પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે. આજે (૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૫)ના રોજ નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં ૭૧માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત કરાયા છે. શાહરૂખ ખાન, રાની મુખર્જીથી લઈને મોહનલાલ સહિતના અનેક દિગ્ગજો પોતાનો પુરસ્કાર લેવા દિલ્હીં પહોંચ્યા છે. જણાવી દઈએ કે, રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂના હસ્તે ભારતીય ફિલ્મ કલાકારોને આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા છે. ૧ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર ૨૦૨૩ના નામોની જાહેરાત કરાઈ હતી.

'વશ' ફિલ્મને બેસ્ટ ગુજરાતી ફિલ્મનો નેશનલ પુરસ્કાર એનાયત કરાયો છે. ગુજરાતના જાણીતા લેખક અને દિગ્દર્શક કૃષ્ણદેવ યાજ્ઞિક અને કલ્પેશ સોની પુરસ્કાર સ્વીકાર્યો છે.

તેમની 'વશ' ફિલ્મની સફળતા બાદ ગુજરાતી ફિલ્મ પરથી બોલીવુડમાં 'શૈતાન' નામથી ફિલ્મ બનાવવામાં આવી હતી. વશ ફિલ્મમાં હિતુ કનોડિયા અને હિતેન કુમારનો રોલ ખાસ હતો. જોકે, હાલમાં વશની બીજો પાર્ટ વશ લેવલ ૨ પણ રિલીઝ કરાયો છે.



શાહરૂખ ખાનને તેની બ્લોકબસ્ટર ફિલ્મ 'જવાન' માટે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત કરાયો છે. જેને લઈને તેના ચાહકો અને સમગ્ર ફિલ્મ ઉદ્યોગમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે. ફિલ્મ 'જવાન' એ બોક્સ ઓફિસ પર અનેક રેકોર્ડ તોડી નાખ્યા અને વિશ્વભરમાં અસાધારણ કમાણી કરી. શાહરૂખ ખાને આ ફિલ્મમાં ડબલ રોલ ભજવીને દર્શકોના દિલ જીતી લીધા. તેમના શક્તિશાળી અભિનય, એક્શન અને ભાવનાએ સાબિત કર્યું કે તે ફક્ત રોમાન્સના રાજા જ નથી, પરંતુ એક સુપરસ્ટાર છે જે દરેક ભૂમિકામાં જીવંતતા લાવી શકે છે.

શાહરૂખ ખાન અને રાની મુખર્જી આ કાર્યક્રમમાં સાથે બેઠેલા જોવા મળ્યા હતા. શાહરૂખ ખાન બ્લેક લુકમાં હતા, જ્યારે રાની મુખર્જી બ્રાઉન રંગની સાડીમાં ચમકી હતી. વિક્રાંત મેસી પણ શાહરૂખ ખાન અને રાની સાથે બેઠેલા જોવા મળ્યા હતા. ઓફ-વ્હાઈટ સૂટમાં તેમની ડેશિંગ સ્ટાઈલે પણ ચાહકોના દિલ જીતી લીધા હતા. જણાવી દઈએ કે, શાહરૂખ ખાનને બેસ્ટ અભિનેતા અને રાની મુખર્જીને બેસ્ટ અભિનેત્રીનો પુરસ્કાર મળ્યો છે.

**વિજેતાઓની યાદી**

બેસ્ટ ફીચર ફિલ્મ - ૧૨મી ફેઈલ

બેસ્ટ હિન્દી ફિલ્મ - કટહલ - એ જેકફૂટ મિસ્ટ્રી

બેસ્ટ અભિનેતા - શાહરૂખ ખાન (જવાન) અને વિક્રાંત મેસી (૧૨ંર ફેલ)

બેસ્ટ અભિનેત્રી - રાની મુખર્જી (મિસિસ ચેટર્જી વર્સિસ નોર્વે)

દાદાસાહેબ ફાળકે પુરસ્કાર - મોહનલાલ

બેસ્ટ લોકપ્રિય ફિલ્મ - રોકી ઔર રાની કી પ્રેમ કહાની

બેસ્ટ કોરિયોગ્રાફી - રોકી ઔર રાની કી પ્રેમ કહાની (ઢીંઢોરા બાજે રે)

બેસ્ટ દિગ્દર્શન - ધ કેરળ સ્ટોરી (સુદીપ્તો સેન)

બેસ્ટ સિનેમેટોગ્રાફી - ધ કેરળ સ્ટોરી

બેસ્ટ ફિમેલ પ્લેબેક સિંગર શિલ્પા રાવ (છલિયા, જવાન)

બેસ્ટ મેલ ગાયક - પ્રેમિસ્થુન્ના (બેબી, તેલુગુ)

---

## ન્યૂઝ બ્રિફ

### 'અમેરિકા માટે ભારત સાથેના સંબંધો મહત્ત્વપૂર્ણ'



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ભારત અને અમેરિકા વચ્ચે વધતા તણાવપૂર્ણ સંબંધો વચ્ચે, વિદેશ મંત્રી એસ. જયશંકર અને તેમના અમેરિકન સમકક્ષ માર્કો રૂબિયોની મુલાકાત સોમવારે ન્યુ યોર્કમાં થઈ. આ બેઠક એવા સમયે થઈ જ્યારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નવા H-1B વિઝા પર $100,000નો ટેક્સ લગાવવાની જાહેરાત કરી, જેના કારણે ભારતના IT ક્ષેત્રને મોટો ફટકો પડ્યો. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બહાર થયેલી આ મુલાકાતમાં બંને નેતાઓનું ઉષ્માભર્યું સ્વાગત દર્શાવે છે કે આર્થિક મતભેદો હોવા છતાં, બંને દેશો પરસ્પર સંબંધો જાળવી રાખવા ઈચ્છે છે. રૂબિયોએ ભારત-અમેરિકાની ભાગીદારીને 'અત્યંત મહત્ત્વપૂર્ણ' ગણાવી હતી અને સંરક્ષણ, વેપાર, ઊર્જા, દવા અને ક્રિટિકલ મિનરલ્સ જેવા ક્ષેત્રોમાં સહયોગને વધુ મજબૂત બનાવવાનું વચન આપ્યું હતું.

### ભારતના એરસ્પેસમાં પાકિસ્તાની વિમાનોને હજુ નહીં મળે એન્ટ્રી

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૩ ।

ભારતે પાકિસ્તાની વિમાનો માટે એરસ્પેસ બંધ રાખવાની સમયમર્યાદા ફરી એકવાર લંબાવી છે. પડોશી દેશના લશ્કરી તથા નાગરિક વિમાનો ૨૪મી ઓક્ટોબર સુધી ભારતીય એરસ્પેસમાં પ્રવેશી શકશે નહીં. પાકિસ્તાને પણ જાહેરાત કરી છે કે તેનું એરસ્પેસ ૨૪મી ઓક્ટોબર સુધી ભારતીય વિમાનો માટે બંધ રહેશે. ભારત અને પાકિસ્તાને એરમેનને અલગ-અલગ નોટિસ ટુ એર મિશન (NOTAM) જાહેર કર્યું છે, જેમાં એરસ્પેસ બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ભારત દ્વારા મંગળવારે (૨૩મી સપ્ટેમ્બર) જાહેર કરાયેલા આદેશ અનુસાર, કોઈપણ પાકિસ્તાની-રજિસ્ટર્ડ વિમાન, જેમાં લશ્કરી વિમાનનો સમાવેશ થાય છે, અથવા પાકિસ્તાની એરલાઈન્સ દ્વારા ખરીદેલ અથવા ભાડે લીધેલા વિમાનનો સમાવેશ થાય છે, તેને ભારતીય હવાઈ ક્ષેત્રમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં.


---

### નીતિ નિયમો કોરાણી મૂકીને હકપત્રકો પણ ખોટા બનાવીને કોભાંડો કરેલા છે

## સંતરામપુર નગરપાલિકા.મા ચાલતાં ભષ્ટ્રાચાર વિરુદ્ધ ભાજપના સભ્યોએ તપાસ માંગતા ચકચાર મચી

। (પ્રતિનિધિ) સંતરામપુર, તા.૨૩ ।

સંતરામપુર નગરપાલિકામા લાઈટ / પાણી પુરવઠાનો માલસામાન ની ખરીદી તેમજ નગરના બાયપાસ ઉપર આવેલ આદિવાસીઓની ૭૩.એ.એ. લાગુ ખેતીની જમીનો એ.ને. કરવાનું તેમજ હક્કોથી વંચિત રાખવાનું કૌભાંડ આદિવાસીઓની ખેતીની જમીનો ને નીતિ નિયમોને અભરાઈ ઉપર મૂકીને જમીનો એ.ને. કરવામાં આવેલ છે તેમજ નકશા બનાવવામા આવેલ છે સીટી સર્વે ની પ્રોપર્ટી કાર્ડમાં મનમાની કરીને છેડછાડો કરવામાં આવેલા છે તેમજ વિકાસના નામે નાણાકીય કૌભાંડો થયેલ હોવાનું ચર્ચાએ રહેલ છે ચૂંટાયેલા સભ્યોએ હોબાળો કરતાં સંતરામ પુર નો વિકાસ ચોપડા ઉપર હોવાની લોક ચર્ચાએ ચર્ચાઈ રહ્યો હતો... ★ પુર્વે ચીફ ઓફિસર નાં. સમયગાળા દરમ્યાન રુહી ઈલેક્ટ્રીક ને ત્યાં થી અંદાજીત રુપિયા ચોવીસ લાખ ની ખરીદી ને પાણીપુરવઠા નાં સામાન ની રુપીયા અંદાજે વીસ લાખ ખરીદી નગરપાલિકા દ્વારા કરાયેલી ને એજન્સી ને


પવનકુમાર બળવંતભાઈ ડામોર

માલસામાન પુરેપુરો આવેલ નહીં હોવાછતાં પુરેપુરી રકમ નું પેમેન્ટ નગરપાલિકા દ્વારા ચેક થી ચુક વી દીધેલ ને મીલીભગત થી જે સામાન એજન્સી દ્વારા અપાયેલ નથી તે નાં નાણાં એજન્સી પાસે થી વસુલ કરી ને તે નાણાં ની ભાગબટાઈ થઈ જતાં ને ખરીદી માં ગેરરીતિ ને ભષ્ટ્રાચાર થયેલા ની હકીકતો ચુંટાયેલા સભ્યોની ધ્યાને આવતા સંતરામપુર નગરપાલિકા માં ચુંટાયેલા ભાજપાના જ કેટલાક સભ્યો દ્વારા પક્ષના સંગઠન નાં જીલ્લા પ્રમુખ ને પ્રભારી સમક્ષ લેખિત માં આ ભષ્ટ્રાચાર અંગે રજૂઆત કરેલાનુ નગરમાં ચર્ચાઈ રહ્યું છે. સંગઠનના પદાધિકારીઓ દ્વારા રજુઆત કરનાર ભાજપના સભ્યો સાથે બેઠક યોજી ને ચર્ચા થતી હોવાની હકીકતો જોવા મળે છે. ★ ઉલ્લેખનીય છે કે સંતરામપુર નગરપાલિકા દ્વારા બાયપાસ ઉપરની આદિવાસીઓની ખેતીની જમીનો માં 73.a.a નીતિ નિયમ ની સતત અવગણના કરીને તેમજ નીતિ નિયમો કોરાણી મૂકીને હકપત્રકો પણ ખોટા બનાવીને કોભાંડો કરેલા છે 73.a.a. એ.ને. અને અન્ય વિકાસના કામો પૂર્વ.સી.ઓ. અને વહીવટદાર ના શાસનમાં થયેલ તમામ વિકાસ નાં કામો ની ને ખરીદાયેલી તમામ માલસામાન ની ઝીણવટભરી તપાસ કરાય તો મસ મોટું નાણાકીય ગેરરીતિઓ નું કૌભાંડ ને ભષ્ટ્રાચાર બાહર આવે તેમ હોઈ રાજ્ય સરકાર ને શહેરી વિકાસ વિભાગ દ્વારા આ નગરપાલિકા માં નિષ્પક્ષ તપાસ કરાવે ને મુખ્યમંત્રી આ નગર પાલિકા માં ઓપરેશન ગંગાજળ ની કાર્યવાહી કરાવી ભષ્ટ્રાચાર કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરાવશે ખરાં જે ચર્ચાનો વિષય બન્યો હતો...???

---

### દિવાળીએ અયોધ્યામાં અંધકાર છવાશે, આતંકી પન્નુની ધમકી

। નવી દિલ્હી, તા.૨૩ ।

ખાલિસ્તાન સમર્થક આતંકવાદી સંગઠન શીખ્સ ફોર જસ્ટિસ એ દિવાળી પહેલા પ્રવાસીઓને પંજાબ છોડી દેવાનું અલ્ટીમેટમ આપ્યું છે. તેણે પ્રવાસીઓને ૧૯ ઓક્ટોબર સુધીમાં રાજ્ય છોડી દેવા કહ્યું છે. તેણે બટાલા રેલવે સ્ટેશન અને અચલેશ્વર ધામ મંદિર પર ખાલિસ્તાની સૂત્રો લખાવ્યાનો પણ દાવો કર્યો છે.પન્નુએ પોતાનો એક વીડિયો વાયરલ કર્યો છે. તેમાં તેણે લખાવ્યાનો પણ દાવો કર્યો છે. અને બટાલા રેલવે સ્ટેશનના ફોટા પણ શેર કર્યા છે. તેણે સ્પષ્ટપણે કહ્યું છે કે જે લોકો દિવાળીની ઉજવણી નથી કરતા અને તે દિવસે દીવા પ્રગટાવીને બંદી છોર દિવસ ઉજવે છે તેઓ જ પંજાબમાં રહેશે.

---

### અફઘાનિસ્તાનમાં શરિયા કાયદો લાગૂ કરવામાં આવ્યો

## તાલિબાને ૨૦ મહિલાઓ સહિત ૧૧૪ લોકોને ફટકારી અમાનવીય સજા

**સુનબુલામાં ૨૨ ઓગષ્ટથી ૨૨ સપ્ટેમ્બર સુધી ચાબુક ખાનારી મહિલાઓની સંખ્યા બે ગણી વધી ગઇ છે**

। (એજન્સી) અફઘાનિસ્તાન, તા.૨૩ ।

તાલિબાન શાસનના કાબુલમાં કબ્જા બાદ અફઘાનિસ્તાનમાં શરિયા કાયદો લાગૂ કરવામાં આવ્યો છે. કેટલાક માનવીય અધિકાર સંગઠનો અનેંદ્રના વિરોધ બાદ પણ અફઘાનિસ્તાનમાં એવી સજાઓ આપવામાં આવે છે. જે માનવાતાની વિરુદ્ધ છે. એક રિપોર્ટ અનુસાર ગયા મહિને તાલિબાને જાહેરમાં જ ૧૧૪ લોકોને ચાબુક માર્યા હતા. જેમાં ૨૦ મહિલાઓ હતી. સુનબુલામાં ૨૨ ઓગષ્ટથી ૨૨ સપ્ટેમ્બર સુધી ચાબુક ખાનારી મહિલાઓની સંખ્યા બે ગણી વધી ગઈ છે. અગાઉ ૧૦ લોકોને ચાબુક મારવામાં આવ્યા હતા. બાદમાં ૫૦ લોકોને ચાબુક ફટકારાયા. તાલિબાને આ સજા ૧૫ પ્રાંતમાં આપી છે. જેમાં કાબુલ,



પરવાન અને તખ્તમાં સૌથી વધુ સંખ્યા નોંધવામાં આવી છે. ઘોર, લોગર, બલ્ખ, લઘમન, તખ્ત, બદખ્શા, જૌજજાન અને બગલાનમાં ચાબુક મારવાની સજા આપવામાં આવી છે. સમગ્ર દુનિયામાં તાલિબાનની સજાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. માનવાધિકાર કાર્યકર્તાઓએ શારીરિક દંડમાં થયેલા વધારા મામલે નિંદા કરી છે. તાલિબાન પોતાનો ખૌફ વધારવા માટે આ પ્રકારની સજા ફટકારે છે.

---

### ઓગસ્ટમાં આઠ કોર સેક્ટરનું ઉત્પાદન ૬.૩ ટકા વધ્યું : ૧૩ મહિનાની ટોચે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

કોલસા, સ્ટીલ અને સિમેન્ટના ઉત્પાદનમાં વૃદ્ધિને કારણે દેશના આઠ કોર સેક્ટરનું ઉત્પાદન ઓગસ્ટ, ૨૦૨૫માં ૬.૩ ટકા વધ્યું છે. જે છેલ્લા ૧૩ મહિનાની સર્વોચ્ચ સપાટી છે તેમ સોમવારે જારી કરાયેલા સત્તાવાર આંકડામાં જણાવવામાં આવ્યું છે.સત્તાવાર આંકડાઓ અનુસાર જુલાઈ, ૨૦૨૫માં કોર સેક્ટરના ઉદ્યોગોનો વૃદ્ધિ દર ૩.૭ ટકા હતો. ઓગસ્ટ, ૨૦૨૪માં કોર સેક્ટરનો વૃદ્ધિ દર માઈનસ ૧.૫ ટકા હતો. ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલથી ઓગસ્ટ સુધીના સમયગાળામાં આઠ કોર સેક્ટરોમાં ૨.૮ ટકાની વૃદ્ધિ નોંધવામાં આવી છે. ગયા વર્ષના આ જ સમયગાળામાં આ આંકડો ૪.૬ ટકા હતો.સરકારે જારી કરેલા આંકડાઓ અનુસાર ઓગસ્ટ, ૨૦૨૫માં કોલસા, સ્ટીલ અને સિમેન્ટના ઉત્પાદનમાં અનુક્રમે ૧૧.૪ ટકા, ૧૪.૨ ટકા અને ૬.૧ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. બીજી તરફ રિફાઈનરી પેદાશો, ખાતર અને વીજળીના ઉત્પાદનમાં અનુક્રમે ૩ ટકા, ૪.૬ ટકા અને ૩.૧ ટકાની વૃદ્ધિ જોવા મળી છે.

### ૯૪ મિનિટ ફ્લાઇટના લેન્ડિંગ ગિયરમાં છુપાયેલો રહ્યો ૧૩ વર્ષનો બાળક

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૩ ।

દિલ્હી પહોંચ્યા પછી, વિમાનની તપાસ દરમિયાન બાળકનું ઠેકાણું મળી આવ્યું. બાળકની અટકાયત કરવામાં આવી અને પૂછપરછ કરવામાં આવી. રિપોર્ટ અનુસાર, કાબુલથી દિલ્હી જતી KAM એરલાઈન્સની ફ્લાઈટ (RQ-4401) ની તપાસ દરમિયાન બાળક મળી આવ્યું હતું. તે કાબુલથી વિમાનમાં ચઢ્યો હતો અને લેન્ડિંગ ગિયર પાસે છુપાયો હતો. ૨૧ સપ્ટેમ્બરના રોજ સવારે લગભગ ૧૧.૧૦ વાગ્યે, એરલાઈન સુરક્ષા કર્મચારીઓએ બાળકને વિમાનમાં ફરતો જોયો. જ્યારે સુરક્ષા કર્મચારીઓએ બાળકની પૂછપરછ કરી, ત્યારે તેમને ખબર પડી કે તે અફઘાનિસ્તાનના કુન્દુઝનો રહેવાસી છે અને ટિકિટ વિના વિમાનમાં લેન્ડિંગ ગિયરમાં છુપાઈને આવ્યો હતો. વિમાનની સંપૂર્ણ તપાસ દરમિયાન, એરલાઈન સુરક્ષા અને એન્જિનિયરિંગ ટીમને લેન્ડિંગ ગિયર વિસ્તારમાં એક નાનું લાલ ઓડિયો સ્પીકર પણ મળ્યું. અફઘાનિસ્તાનની KAM એરલાઈન્સનું વિમાન કાબુલના હામિદ કરઝાઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી સવારે ૮:૪૬ વાગ્યે IST પર ઉડાન ભરી અને સવારે ૧૦:૨૦ વાગ્યે દિલ્હીના ટર્મિનલ ૩ પર પહોંચ્યું.

---

### નેતાઓની મૂર્તિ માટે સરકારની તિજોરીથી ખર્ચો કેમ?

। (એજન્સી) તમિલનાડુ, તા.૨૩ ।

સુપ્રીમ કોર્ટે સોમવારે (૨૨ સપ્ટેમ્બર) તમિલનાડુ સરકારને ફટકાર લગાવતા સ્પષ્ટ કર્યું કે, પૂર્વ નેતાઓના મહિમામંડન માટે સરકારી નાણાંનો ઉપયોગ ન કરી શકાય. કોર્ટે તુરુનેલવેલી જિલ્લામાં પૂર્વ મુખ્યમંત્રી એમ. કરૂણાનિધિની પ્રતિમા બનાવવાની મંજૂરી માંગતી સરકારની અરજી ફગાવી દીધી હતી. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રાની ખંડ પીઠે સુનાવણી દરમિયાન કડક વલણ અપનાવતા કહ્યું કે, તમે તમારા પૂર્વ નેતાઓના મહિમામંડન માટે જાહેર નાણાંનો ઉપયોગ કરી રહ્યા છો? તો આની મંજૂરી નહીં મળે. જનતાના પૈસાનો ઉપયોગ ફક્ત જનતાના હિત માટે થવો જોઈએ, ન કે રાજકીય વ્યક્તિત્વની પ્રશંસા માટે.

### ભારત અને રશિયાની મિત્રતા સમયની સાથે સાથે વધુ

## રશિયાએ ભારતને આપી Su-57 લડાકૂ વિમાનની ઓફર

### રશિયાએ ભારતને પોતાની પાંચમી પેઢીના Su-57 સ્ટીલ્થ ફાઇટર જેટની સપ્લાઇ અને લોકલ પ્રોડક્શનની ઓફર આપી છે

। (એજન્સી) રશિયા, તા.૨૩ ।

ભારત અને રશિયાની મિત્રતા સમયની સાથે સાથે વધુ મજબૂત બની ગઈ છે. આ વચ્ચે ભારતની વાયુ શક્તિને વધુ શક્તિશાળી બનાવવા અંગે એક મહત્વનો પ્રસ્તાવ રાખવામાં આવ્યો છે. ભારત પહેલેથી જ S-400ના સિસ્ટમનો ઉપયોગ કરી રહ્યુ છે. અને આ ક્ષેત્રમાં સહયોગને આગળ વધારવાની સંભાવના છે. રશિયા પાસેથી મળેલા S-400 ટ્રાયંફ એક ડિફેન્સ સિસ્ટમે હાલમાં જ ઓપરેશન સિંદૂર દરમિયન મોટી ભૂમિકા નિભાવી હતી. અને હવે રશિયાએ ભારતને પોતાની પાંચમી પેઢીના Su-57 સ્ટીલ્થ ફાઈટર જેટની સપ્લાઈ અને લોકલ પ્રોડક્શનની ઓફર આપી છે. આવો જાણીએ Su-57 ફાઈટર જેટની ખાસિયતો વિશે.

Su-57 એ રશિયા દ્વારા વિકસિત પાંચમી પેઢીનું અતિઆધુનિક સ્ટેલ્થ મલ્ટી-રોલ ફાઈટર જેટ છે. આને રશિયાની મુખ્ય એરોસ્પેસની સુખોઈ દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ વિમાન અમેરિકાના F-22 Raptor અને F-35 Lightning II જેટલાં જ શક્તિશાળી માનવામાં આવે છે.

Su-57ની પહેલી પરીક્ષણ ઉડાન ૨૦૧૦માં થઈ હતી અને ત્યારથી રશિયા સતત તેમાં નવી ટેક્નોલોજી ઉમેરતું આવ્યું છે. આ વિમાન હવા-થી-હવા, હવા-થી-જમીન હુમલાઓ અને ઈલેક્ટ્રોનિક યુદ્ધ જેવી અનેક ભૂમિકાઓમાં નિષ્ણાત છે.

### બદનક્ષીને ગુનાની શ્રેણીમાંથી બહાર કરવાનો સમય આવી ગયો છે : સુપ્રીમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

સુપ્રીમ કોર્ટે એક મહત્વ પૂર્ણ ટિપ્પણી કરતા કહ્યું હતું કે હવે સમય આવી ગયો છે કે બદનક્ષીને ગુનાની કેટેગરીમાંથી બહાર કરી દેવાય. એટલે કે બદનક્ષી બદલ ગુનાહિત કાર્યવાહી રદ કરવામાં આવે. સામાન્ય રીતે બદનક્ષી બદલ આર્થીક નુકસાન ભરપાઈની માગ અથવા કેદની સજાની માગ કરવામાં આવતી હોય છે. જેમાં ક્રિમિનલ બદનક્ષીને રદ કરવાની વાત સુપ્રીમ કોર્ટે કરી છે. વેબ પોર્ટલ ધ વાયર સામે જેએનયુના એક પ્રોફેસર દ્વારા દાખલ ક્રિમિનલ બદનક્ષીના મામલામાં સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી કરી હતી. ધ વાયર સામે મેજિસ્ટ્રેટ દ્વારા સમન્સ જાહેર થયા હતા.

### ટ્રમ્પની સુરક્ષાને પ્રાધાન્ય આપી

## ટ્રમ્પનો કાફલો નીકળવાનો હોવાથી પોલીસે ફ્રાંસના પ્રમુખને અડધા રસ્તે રોક્યા

। (એજન્સી) ન્યૂયોર્ક, તા.૨૩ ।

ન્યૂયોર્કના મધ્યમાં સોમવારે સર્જાયેલો ટ્રાફિક જામ એક અસામાન્ય રાજકીય ક્ષણમાં ફેરવાઈ ગયો હતો. ફ્રેન્ચના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોનને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના મોટર કાફલાએ રોક્યા હતા.

આ ઘટનાનો વીડિયો ઝડપથી વાઈરલ થયો છે, જેમાં ફ્રેન્ચ નેતા મેનહટનના રસ્તાઓ પર ટ્રાફિકમાં ફસાયેલા જોવા મળે છે. જેની પાછળનું કારણ પોલીસે અમેરિકન પ્રમુખના કાફલાને રસ્તો આપવા વાહન રોક્યા હોવાનું હતું.

યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીના ૮૦મા સેશનમાં મેક્રોનના ભાષણ બાદ તુરંત જ આ કિસ્સો બન્યો હતો. જ્યાં તેમણે ફ્રાન્સ દ્વારા પેલેસ્ટાઈન રાજ્યને માન્યતા આપવાની ઔપચારિક જાહેરાત કરી હતી. આ ભાષણ બાદ તેઓ યુએન મુખ્યાલયમાંથી બહાર નીકળી ફ્રેન્ચ દૂતાવાસ તરફ જવાની તૈયારી કરી રહ્યા હતા, ત્યારે ટ્રમ્પનો કાફલાની સુરક્ષાને પ્રાધાન્ય આપતાં ન્યૂયોર્ક પોલીસે મેક્રોનની કાર રોકી દીધી હતી. ફ્રેન્ચ મીડિયા આઉટલેટ દ્વારા આ ટ્રાફિકના ફુટેજને મોટા પાયે શેર કરવામાં આવ્યા હતા. જેમાં ન્યૂયોર્ક પોલીસ મેક્રોન સમક્ષ માફી માગતી જોવા મળી હતી. તેમણે કહ્યું કે, હું દિલગીર છું પ્રમુખ, પણ હાલ બધું જ બ્લોક છે. બાદમાં ફ્રાંસના પ્રમુખ કારમાંથી ઉતરી પોલીસ સાથે વાત કરતાં જોવા મળ્યા હતાં. તેઓ વીડિયોમાં થોડા નારાજ અને ગુસ્સામાં દેખાતા હતાં.

## ગાંધીનગરમાં કર્ણાવતી યુનિવર્સિટીના બીટેકના વિદ્યાર્થીનો ફાંસો ખાઇ આપઘાત

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૩ ।

ગાંધીનગરની કર્ણાવતી યુનિવર્સિટીમાં બીટેકના બીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં ૧૮ વર્ષીય યુવકે પોતાની હોસ્ટેલના રૂમમાં ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યુ હતું. ભણતરના ભારથી યુવકે જીવન ટૂંકાવ્યું હોવાનું પ્રાથમિક અનુમાન છે. ઈન્ફોસિટી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ સુરતનો સ્મિત અરવિંદભાઈ ટિમ્બાળીયા કર્ણાવતી કોલેજમાં બીટેકના બીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરતો હતો. સ્મિત અને અન્ય ત્રણ વિદ્યાર્થી કુડાસણ ઓર્બિટ મોલ ખાતે યુનાઈટેડ હોમ્સ નામની હોસ્ટેલમાં આઠમાં માળે રૂમ નં. ૮૨૩માં રહેતા હતા. સ્મિત છેલ્લા દોઢેક વર્ષથી અત્રેની હોસ્ટેલમાં રહેતો હતો. સ્મિતનો પરિવાર સુરતમાં રહે છે અને તેના પિતા વેપારી છે. શનિવારે મોડી સાંજે સ્મિતના રૂમમેટ હોસ્ટેલમાં નીચે હતા અને સ્મિત એકલો જ હતો. થોડીવાર પછી તેનો એક રૂમમેટ આઠમા માળે ગયો હતો અને રૂમનો દરવાજો ખખડાવ્યો હતો, પરંતુ કોઈ જવાબ મળ્યો ન હતો. લાંબા સમય સુધી સ્મિતે દરવાજો ન ખોલાતા અન્ય લોકો ભેગા થઈ ગયા હતા. બાદમાં બધાએ ભેગા મળીને દરવાજો ખોલ્યો હતો.

## શંકર ચૌધરી અને ભાવાભાઈ સહિત ૮ બેઠકો બિનહરીફ

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨૩ ।

એશિયાની સૌથી મોટી ગણાતી બનાસ ડેરીની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે, ત્યારે ચૂંટણી પહેલા જ એક મોટો રાજકીય ફેરફાર જોવા મળ્યો છે. ૧૬ બેઠકોવાળા નિયામક મંડળમાંથી ૮ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે. આ બિનહરીફ બેઠકોમાં રાધનપુર અને અમીરગઢની બે બેઠકોએ સૌથી વધુ ધ્યાન ખેંચ્યું છે.

બનાસ ડેરીના વર્તમાન ચેરમેન શંકર ચૌધરીએ રાધનપુર બેઠક પરથી ઉમેદવારી નોંધાવી હતી અને તેઓ બિનહરીફ ચૂંટાયા છે. રાધનપુરથી તેમની એકમાત્ર ઉમેદવારી હોવાથી કોઈએ ફોર્મ ભર્યું ન હતું. શંકર ચૌધરીની ગેરહાજરીમાં તેમના પ્રતિનિધિ દ્વારા ફોર્મ ભરવામાં આવ્યું હતું, જેને સભાસદો અને સમર્થકોએ આવકાર આપ્યો છે. આ બિનહરીફ પસંદગી દર્શાવે છે કે સભાસદોમાં શંકર ચૌધરીનું વર્ચસ્વ અને લોકપ્રિયતા અતૂટ છે. શંકર ચૌધરી ઉપરાંત, ડેરીના વાઈસ ચેરમેન ભાવાભાઈ પણ અમીરગઢ બેઠક પરથી બિનહરીફ ચૂંટાયા છે. આ બંને મુખ્ય નેતાઓનું બિનહરીફ ચૂંટાવું બનાસ ડેરીના રાજકારણમાં શાંતિપૂર્ણ અને સુમેળભર્યા વાતાવરણનો સંકેત આપે છે. બનાસ ડેરીની કુલ ૧૬ બેઠકોમાંથી રાધનપુર, થરાદ, સાંતલપુર અને અમીરગઢ સહિત કુલ ૮ બેઠકો પર કોઈ પણ હરીફ ન હોવાથી આ બેઠકો બિનહરીફ જાહેર કરવામાં આવી છે.

# વિજાપુરમાંથી ઝડપાયેલા પનીરના સેમ્પલમાં મળી આવી ભેળસેળ


। (એજન્સી) વિજાપુર, તા.૨૩ ।

મહેસાણાના વિજાપુરમાં ભેળસેળ યુક્ત પનીર બનાવતી ફેક્ટરી પર આઠમી ઓગસ્ટના રોજ ફૂડ વિભાગે દરોડા પાડવામાં આવ્યા હતા. ભેળસેળ યુક્ત પનીર બનાવતી ફેક્ટરીમાં દરોડા પાડી ૬૪૯ કિલો પનીર અને ૨૩૮ કિલો પામોલીન તેલનો જથ્થો ઝડપીને લેબોરેટરી ટેસ્ટ માટે મોકલી આપ્યો હતો. હવે આ પનીરના નમૂનાઓ લેબોરેટરી ટેસ્ટમાં ફેઈલ થયા હતા. રિપોર્ટમાં સામે આવ્યું હતું કે, આ પનીરના નમૂનાઓમાં વેજ ફેટ (વનસ્પતિજન્ય ચરબી) હતું, જે પનીર બનાવવાના નિયમ વિરુદ્ધ છે. વિજાપુરમાં હિંમતનગર હાઈવે પર આવેલા આવકાર વેરહાઉસમાં ભેળસેળ યુક્ત બનાવટી પનીર બનાવતી ડિવાઈન ફૂડ નામની ફેક્ટરી ઝડપી પાડી હતી. ફૂડ વિભાગે ૧.૬૧ લાખ રૂપિયાની કિંમતનો પનીર અને પામોલીન તેલનો જથ્થો સીઝ કરી માલિક સામે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. માર્કેટમાં શુદ્ધ પનીર રૂ. ૪૦૦નું કિલોના ભાવે વેચાય છે, પરંતુ નકલી પનીર ૫૦ ટકાના ભાવે એટલે કે રૂ. ૨૦૦નું કિલોના ભાવે વેચાતું હતું. હવે આ પનીરના નમૂનાઓ લેબોરેટરી ટેસ્ટમાં ફેઈલ જાતા ફેક્ટરીનું લાયસન્સ કાયમી ધોરણે રદ કરવામાં આવ્યું છે.

ફૂડ વિભાગ હવે આ કેસને અધિક કલેક્ટરની કોર્ટમાં ચલાવશે. આ મામલે ફેક્ટરી સંચાલકને અંદાજે ૧૦ લાખ રૂપિયાથી વધુનો દંડ પણ થઈ શકે છે. આ દંડની રકમ ગુનાની ગંભીરતા અને વેચવામાં આવેલા નકલી પનીરના જથ્થા પર આધાર રાખે છે.

ગુજરાત મીઠાઈ અને ફરસાણ એસોસિયેશન દ્વારા પણ તાજેતરમાં એવો ઘટસ્ફોટ કરવામાં આવ્યો હતો કે રાજ્યમાં મળતું ૯૨ ટકા પનીર નકલી હોય છે. ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ ઓથોરિટી ગાંધીનગર દ્વારા થોડા સમય અગાઉ જ રાજ્યભરની ૩૦૦થી વધુ હોટલમાં પીરસવામાં આવતાં પનીરનો સેમ્પલ સર્વે કરવામાં આવ્યો હતો. આ સેમ્પલ સર્વેમાં જુદી જુદી હોટલોમાંથી લેવામાં આવેલાં ૩૫ ટકાથી વધુ પનીરના સેમ્પલ ફેઈલ થયાં છે. જે નકલી પનીર અથવા ભેળસેળવાળું પનીર હોવાનું ફુડ એન્ડ ડ્રગ કન્ટ્રોલ ઓર્થોરિટીના સૂત્રોએ જણાવ્યું છે.

ડૉક્ટરોના મતે જો કોઈ વ્યક્તિ ક્યારેક આવું ભેળસેળ યુક્ત પનીર ખાય તો તેને ટૂંકાગાળા માટે અપચો, વોમિટિંગ, ડાયેરિયા, માથાનો દુઃખાવો, ગેસ્ટરાઈટીસ અને એલજી જેવી તકલીફો થાય છે. પરંતુ જો આવો આહાર વારંવાર કે નિયમિત લેવામાં આવે તો પેટનું અલ્સર, પેટનું કેન્સર, કોલેસ્ટ્રોલ જેવી બીમારીનું જોખમ વધે છે જેથી હૃદય અને મગજની ધમનીઓ બ્લોકેજ થવાની સંભાવના રહે છે. આ ઉપરાંત કિડની, લીવર અને ડાયાબિટીસની પણ તકલીફ થઈ શકે છે. ડૉક્ટરોના મતે જો કોઈ વ્યક્તિ ક્યારેક આવું ભેળસેળ યુક્ત પનીર ખાય તો તેને ટૂંકાગાળા માટે અપચો, વોમિટિંગ, ડાયેરિયા, માથાનો દુઃખાવો, ગેસ્ટરાઈટીસ અને એલજી જેવી તકલીફો થાય છે. પરંતુ જો આવો આહાર વારંવાર કે નિયમિત લેવામાં આવે તો પેટનું અલ્સર, પેટનું કેન્સર, કોલેસ્ટ્રોલ જેવી બીમારીનું જોખમ વધે છે જેથી હૃદય અને મગજની ધમનીઓ બ્લોકેજ થવાની સંભાવના રહે છે. આ ઉપરાંત કિડની, લીવર અને ડાયાબિટીસની પણ તકલીફ થઈ શકે છે.



આસામના સોનાપુરમાં સ્મશાનભૂમિમાં સ્વર્ગસ્થ ગાયિકા ઝુબીન ગર્ગના અંતિમ સંસ્કાર દરમિયાન એક ચાહક તેમનું ચિત્ર પકડી રાખે છે.

### અસલાલી પોલીસે ત્રણ આરોપીઓની શોધખોળ હાથ ધરી

# મશીન-પાટ્સર્ની આડમાં લવાયેલા ૧૨ લાખના ગાંજા સાથે એક ઝબ્બે

### પોલીસે સોસાયટીના ગેટ પાસે ઉભેલી આઇસરમાં તપાસ કરતા ૧૨ લાખની કિંમતનો ૧૨૬ કિલો ગાંજો મળી આવ્યો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

અમદાવાદ ગ્રામ્યના બારેજામાં એક ટ્રકમાં ગાંજાનો જથ્થો હોવાની પોલીસને બાતમી મળી હતી. પોલીસે સોસાયટીના ગેટ પાસે ઉભેલી આઈસરમાં તપાસ કરતા ૧૨ લાખની કિંમતનો ૧૨૬ કિલો ગાંજો મળી આવ્યો હતો. પોલીસે ટ્રક માલિકની ધરપકડ કરી તપાસ કરતા આ ગાંજો ઓરિસ્સાથી રાજકોટના શખ્સે મગાવીને બારેજાના યુવકને મોકલ્યો હોવાનું સામે આવ્યું છે. જેથી પોલીસે ફરાર ત્રણ આરોપીઓને શોધવા તજવીજ હાથ ધરી છે.અસલાલી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટરની ટીમે બાતમીના આધારે ગાંજાનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસને બાતમી મળી હતી કે બારેજા ગામમાં આવેલી હરીકૃપા સોસાયટી પાસે એક ટ્રકમાં ગેરકાયદે વસ્તુઓ પડી છે. જેથી પોલીસે રેડ કરીને આ ટ્રકમાં તપાસ કરતા મશીન અને સ્પેરપાટ્ર્સની આડમાં લવાયેલો ૧૨.૬૪ લાખની કિંમતનો ૧૨૬ કિલો ગાંજો મળી આવ્યો હતો. પોલીસે ટ્રક માલિક આરોપી પ્રતાપ બગોરાની ધરપકડ કરી હતી. આરોપીની પૂછપરછ કરતા તેણે પોલીસથી બચવા માટે અલગ અલગ ચારથી વધુ કોથળામાં ૨૫ પડીકા બનાવીને આ જથ્થો છૂપાવ્યો હતો. છ દિવસ પહેલાં તે આ જથ્થો લઈને આવ્યો હતો. આ જથ્થો બારેજાના મહેશ રાવળનો હોવાનું સામે આવ્યું હતું. વધુ તપાસમાં સામે આવ્યું કે આ જથ્થો ઓરિસ્સાના પિન્ટુ પાસેથી રાજકોટના જતીન દેવમુરારીએ મગાવીને આપ્યો હતો. જેથી પોલીસે કુલ ૪૩.૨૪ લાખનો મુદ્દામાલ ઝડપી પાડી ફરાર ત્રણ આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

### હવેથી સર્ટીફિકેટની વેલિડિટી પાંચ વર્ષની રહેશ

## ટેટ-૧ અને ટેટ-૨ ના સર્ટિફિકેટની સમય મર્યાદા વધારવામાં આવી

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૩ ।

હાલ ટેટ-૧ અને ટેટ-૨ ની સર્ટિફિકેટની સમય મર્યાદા ૩ વર્ષની હતી. જેને લઈ શિક્ષણ વિભાગ દ્વારા મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. ટેટ-૧ અને ટેટ-૨ ના સર્ટિફિકેટની સમય મર્યાદા વધારવામાં આવી છે. પાંચ વર્ષ અથવા નવી શિક્ષણ નીતિ જે વહેલું હોય તે રહેશે. હવેથી સર્ટીફિકેટની વેલિડિટી પાંચ વર્ષની રહેશે. હાલ ટેટે-૧ અને ટેટ-૨ ના સર્ટિફિકેટની સમય મર્યાદા ૩ વર્ષની છે. શિક્ષણ વિભાગે નોટીફિકેશન જાહેર કર્યું છે. સરકારના નિર્ણયને કારણે મોટી સંખ્યામાં ઉમેદવારોને રાહત મળશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સ્પેશિયલ ટીચર્સ એલિજિબિલિટી ટેસ્ટ ટેટ-૧ અને ટેટ-૨ ની પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી છે. આ પરીક્ષા તા. ૧૨ ઓક્ટોમ્બર ૨૦૨૫ ના રોજ યોજાનાર છે. ટેટ-૧ ની પરીક્ષા સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી લેવામાં આવશે. જ્યારે ટેટ-૨ ની પરીક્ષા બપોરે ૩ થી ૫ વાગ્યા સુધી લેવામાં આવનાર છે. ટેટ-૧ અને ટેટ-૨ માં રાજ્યમાં ચાર શહેરોમાં પરીક્ષા કેન્દ્રો રાખવામાં આવ્યા છે. જેમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત ખાતે પરીક્ષા લેવામાં આવશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવતા ઉમેદવારો દ્વારા તૈયારીઓને વધુ વેગવંતી બનાવી છે. પરીક્ષા સબંધિત વધુ માહિતી તેમજ પ્રવેશપત્ર આગામી સમયમાં વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે.

### ભાદરવી અમાસના દિને દોઢ લાખ ભક્તોએ માતાજીના દર્શન કર્યા

# નવરાત્રિના આરંભે શક્તિપીઠ પાવાગઢમાં શ્રદ્ધાળુઓનો મહાસાગર છલકાયો

### સુપ્રસિદ્ધ યાત્રાધામ તેમજ શક્તિપીઠ પાવાગઢ ખાતે ગત મધ્યરાત્રી બાદ ડુંગર પર કુદરતી આફતના વાદળો મંડાયા હતા

। (એજન્સી) ગોધરા, તા.૨૩ ।

સુપ્રસિદ્ધ યાત્રાધામ તેમજ શક્તિપીઠ પાવાગઢ ખાતે આસો નવરાત્રીના આગલા દિવસે ભાદરવી અમાસના રોજ દોઢ લાખ ઉપરાંત માઈ ભક્તો માતાજી ના દર્શનાર્થે ઉમટી પડી માતાજીના ચરણ માં શીશ ઝુકાવી ધન્ય બન્યા હતા.૫૧, શક્તિ પીઠ પૈકીની એક શક્તિપીઠ પંચમહાલ જિલ્લાના યાત્રાધામ પાવાગઢ ડુંગર પર બિરાજમાન જગતજનની શ્રી મહાકાળી માતાજી છે. રવિવાર ના રોજ આસો નવરાત્રિના આગલા દિવસે માતાજીના દર્શનાર્થે શનિવારની મધ્યરાત્રીથી ભક્તો માટી સંખ્યામાં



પાવાગઢ ને જોડતા તમામ માર્ગો પર ભક્તોનો સૈલાબ જોવા મળતો હતો. ચારે કોર પગપાળા યાત્રાળુઓ ના કારણે જય માતાજી ના ભારે જયઘોષ સંભળાતા હતા. મધ્યરાત્રીથી મંદિર પરિષદ તેમજ મંદિરના પગથિયા પર ભક્તોની ભારે ભીડ નિજ મંદિરના દ્વાર ખુલે તેની પ્રતીક્ષામાં કલાકો સુધી પ્રતીક્ષા કરતા ભક્તો જોવા મળ્યા હતા.જ્યારે વહેલી સવારે ૪.૩૦ કલાકે માતાજીના મંદિર ના નિજદ્વાર ખુલ્લા મુક્તા ભક્તો દ્વારા જય માતાજી ના ભારે જયઘોષ થતા મંદિર પરિષદ ગુંજી ઉઠ્યું હતું. અને માતાજીના ચરણમાં શીશ નમાવી ધન્ય બન્યા હતા.સુપ્રસિદ્ધ યાત્રાધામ તેમજ શક્તિપીઠ પાવાગઢ ખાતે ગત મધ્યરાત્રી બાદ ડુંગર પર કુદરતી આફતના વાદળો મંડાયા હતા. જોત જોતામાં ડુંગર પર ભારે વીજળીના કડાકા ને ભડાકા તેમજ ભારે પવન સાથે મુશળધાર વરસાદ ખાબકતા યાત્રાળુઓ ભયભીત થઈ ઉઠ્યા હતા.

## ગૃહમંત્રી અમિત શાહ અને શંકર ચૌધરીની વચ્ચે બેઠક

। (એજન્સી) સુરત, તા.૨૩ ।

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાત મુલાકાતે છે. ગત રોજ તેઓ સુરત પહોંચ્યા હતા. જ્યાં ગુજરાતના અનેક નેતાઓ તેઓને મળવા પહોંચ્યા હતા. વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ પણ અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. સુરત સર્કિટ હાઉસ ખાતે શંકર ચૌધરીએ મુલાકાત કરી હતી. તેમજ મંત્રી મંડલ વિસ્તરણને લઈ મુલાકાત કરી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. બનાસ ડેરીની ચૂંટણીની વ્યસ્તતા વચ્ચે શંકર ચૌધરી સુરત પહોંચ્યા હતા. ગુજરાત મંત્રીમંડળનુ વિસ્તરણની લાંબા સમયથી રાહ જોવાઈ રહી છે. જો કે પીએમ મોદી અને અમિત શાહના પ્રવાસ થઈ જવા છતા પણ હજી સુધી મંત્રીમંડળનું વિસ્તર થઈ શક્યું નથી. જો કે ગઈકાલે PM મોદીની ભાવનગર મુલાકાત બાદ આજે તાબડતોબ ગૃહમંત્રી અમિત શાહ પણ સુરત ખાતે પહોંચ્યા હતા.

### મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને જિલ્લાઓના અધિક અને નાયબ ચૂંટણી અધિકારીઓનો વર્કશોપ

# ‘મતદારયાદી સુધારણા, NGSP તથા મીડિયા, અને સોશિયલ મીડિયાથી લોકજાગૃતિ’ વિષયક માર્ગદર્શક સત્રોનું આયોજન





। (માહિતી) અમદાવાદ ।

ભારતના મુખ્ય ચૂંટણી કમિશ્નર શ્રી જ્ઞાનેશ કુમારના માર્ગદર્શનમાં ભારતના ચૂંટણીપંચ દ્વારા મતદારયાદી સુધારણા માટે જાહેર કરાયેલી માર્ગદર્શિકાના સુચારું અમલીકરણ માટે ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી હારીત શુક્લાના અધ્યક્ષસ્થાને વર્કશોપનું આયોજન કરાયું હતું. જેમાં રાજ્યના વિવિધ જિલ્લાઓના અધિક અને નાયબ ચૂંટણી અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. મતદારયાદી સુધારણા અંગેની પોતાના સંબોધનમાં મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યભરમાં મતદાર યાદી સઘન સુધારણા હેઠળ કુલ ત્રણ તબક્કામાં કામગીરી કરવામાં આવશે. રાજ્યના કોઈપણ નાગરિકો ર્ઠી.ક્ષ્નેદ્વક્ક્ંિ.ષ્ર્દ્દૈ.હ વેબસાઈટ પરથી મતદાર યાદીમાં તેમના નામ અંગે ખરાઈ કરી શકે છે. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન સમયબદ્ધતા અને ચોક્કસાઈ પર તેમણે ભાર મુક્યો હતો.

મતદાર યાદી સુધારણાની સમગ્ર પ્રક્રિયામાં અધિક અને નાયબ ચૂંટણી અધિકારીની ભૂમિકા ખૂબ મહત્ત્વપૂર્ણ હોય છે. જેના પગલે વર્કશોપમાં મતદારયાદી સુધારણાની કામગીરીના વિવિધ તબક્કાઓ, પડકારો અને NGSP (National Grievance Services Portal) તેમજ મતદાર યાદી સુધારણાની સમગ્ર પ્રક્રિયા દરમિયાન રાખવાની તકેદારી વિષયક અધિક કલેક્ટર શ્રીમતિ દર્શના રાંકે ઉપસ્થિતોને માર્ગદર્શન આપ્યું હતું. તદુપરાંત ભારતના ચૂંટણીપંચની માર્ગદર્શિકાઓની અમલવારી અંગે લોકોમાં જાગૃતિ લાવવા અને ગેરમાર્ગે દોરનારી ખોટી માહિતીનો પ્રસાર અટકાવવા માટે સોશિયલ મીડિયાના અસરકારક ઉપયોગ તથા સમાચાર માધ્યમોને જરૂરી માહિતી સમયસર આપવા સહિતના વિષયોને અધિક કલેક્ટર શ્રી રિંકેશ પટેલે તેમના સત્રમાં આવરી લીધા હતા. જ્યારે અધિક મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી એ.બી.પટેલે ઉપસ્થિતો સાથે સંવાદ સાધીને તેમની મુંઝવણો દૂર કરી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### પાકિસ્તાન પર કેમ ભડક્યું અફઘાનિસ્તાન । સંબંધો બગડી શકે છે અને ગંભીર પરિણામો આવી શકે છે

# દરેક સમસ્યા માટે અફઘાનિસ્તાન પર આંગળી ચીંધવાનું બંધ કરવું જોઈએ

। (એજન્સી) કાબુલ, તા.૨૩ ।

પાકિસ્તાનને આડેહાથ લેતા અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે કહ્યું છે કે, પાકિસ્તાની નેતાઓએ દરેક સમસ્યા માટે અફઘાનિસ્તાન પર આંગળી ચીંધવાનું બંધ કરવું જોઈએ. તાલિબાનના પ્રવક્તા ઝબીઉલ્લાહ મુજાહિદે ચેતવણી આપી છે કે પાકિસ્તાની નેતાઓએ ઉશ્કેરણીજનક નિવેદનો અને કાબુલ પર ખોટા આરોપો લગાવવાનું ટાળવું જોઈએ, કારણ કે તેનાથી બંને દેશોના સંબંધો બગડી શકે છે અને ગંભીર પરિણામો આવી શકે છે. પાકિસ્તાન દ્વારા કાબુલ વિરુદ્ધ આક્રમક ભાષાના ઉપયોગ અંગે તાલિબાનના પ્રવક્તા ઝબીઉલ્લાહ મુજાહિદે એક



ઈન્ટરવ્યૂમાં પાકિસ્તાનને ચેતવણી આપી છે. આ પ્રતિક્રિયા ત્યારે આવી જ્યારે પાકિસ્તાનની સેના અને સરકારે તાજેતરમાં અફઘાનિસ્તાન પર ગંભીર આરોપો લગાવતા કહ્યું હતું કે, તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP)ને અફઘાનિસ્તાનમાં આશ્રય મળ્યો છે. ઝબીઉલ્લાહ મુજાહિદે પાકિસ્તાનને ચેતવણી આપતા કહ્યું કે, તેના નેતાઓની ધમકીઓથી ટીટીપી પર નિયંત્રણ રાખવું મુશ્કેલ થઈ જશે. પાકિસ્તાની અધિકારીઓ અને નેતાઓની આક્રમક ભાષાને કારણે બંને દેશોના સંબંધોને નુકસાન થશે. પાકિસ્તાની નેતાઓએ વાતાવરણ બગાડવા કે સૈન્ય કાર્યવાહીની વાત કરવાને બદલે વાતચીત દ્વારા સમાધાન શોધવું જોઈએ. તાલિબાનના પ્રવક્તાએ કહ્યું કે, પાકિસ્તાનમાં ઉગ્રવાદીઓ અને આતંકવાદીઓના હુમલાઓ તાજેતરમાં જ શરૂ થયા નથી. પાકિસ્તાને અમને દોષ આપવાને બદલે આવા હુમલાઓને નિષ્ફળ બનાવવા માટે પગલાં ભરવા જોઈએ. મુજાહિદે કહ્યું કે ઈસ્લામાબાદે કાબુલ સાથે પણ માહિતી શેર કરવી જોઈએ જેથી અમે આ જોખમોનો સામનો કરવાના પ્રયાસો કરી શકીએ. અમે શાંતિ ઈચ્છીએ છીએ, પરંતુ પાકિસ્તાન તેમાં રસ ધરાવતું નથી. તાલિબાન તરફથી આવેલા આ નિવેદનને પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફને જવાબ તરીકે જોવામાં આવી રહ્યું છે. શહબાઝે તાજેતરમાં કહ્યું હતું કે, જો અફઘાન તાલિબાન ટીટીપીને સમર્થન આપવાનું ચાલુ રાખશે તો અમે કાબુલ સાથે સંબંધો તોડી નાખીશું. અફઘાન તાલિબાને ઈસ્લામાબાદ અને ટીટીપીમાંથી કોઈ એકને પસંદ કરવું પડશે. પાકિસ્તાન સતત આરોપ લગાવે છે કે ટીટીપીના આતંકવાદીઓ તેના દેશમાં આતંકવાદી ઘટનાઓને અંજામ આપતા રહે છે અને તેમને અફઘાન તાલિબાનનું સમર્થન પણ મળે છે. પાકિસ્તાનનું માનવું છે કે જ્યારેથી કાબુલ પર અફઘાન તાલિબાનનો કબજો થયો છે, ત્યારથી ખૈબર પખ્તુનખ્વા અને બલૂચિસ્તાન જેવા પ્રાંતોમાં સુરક્ષા વ્યવસ્થા એક પડકાર બની ગઈ છે. ટીટીપીના આતંકવાદીઓ પાકિસ્તાનના સુરક્ષા દળો, માળખાકીય સુવિધાઓ અને ચીન પાકિસ્તાન આર્થિક ગલિયારા (CPEC) ને નિશાન બનાવે છે. પાકિસ્તાનની સેના અને સરકાર બંનેનું માનવું છે કે ટીટીપીનો બેઝ અફઘાનિસ્તાનમાં છે.

## ન્યૂઝ બ્રિફ

### ૪ વિશાળ એમ્ફીબિયસ યુદ્ધ જહાજ ખરીદવાની તૈયારી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ભારતીય નેવી ટૂંક સમયમાં ચાર મોટા લેન્ડિંગ પ્લેટફોર્મ ડોક (LPD) યુદ્ધ જહાજોના નિર્માણ માટે ૮૦,૦૦૦ કરોડ રૂપિયાનું ટેન્ડર બહાર પાડશે. આ જહાજો નેવીને સમુદ્રમાંથી કિનારા પર લાંબા સમય સુધી ઓપરેશન કરવાની ક્ષમતા પૂરી પાડશે. સમુદ્રમાંથી કિનારા પરના હુમલાઓ સરળ બનાવવા માટે, આ યુદ્ધ જહાજો કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર તરીકે કામ કરશે, જેમાંથી ફિક્સ્ડ-વિંગ નેવલ ડ્રોન પણ ઉડાવી શકાશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર સંરક્ષણ મંત્રાલય ટૂંક સમયમાં જ નેવીના આ પ્રસ્તાવને મંજૂરી આપવા માટે ઉચ્ચ સ્તરીય બેઠક યોજશે, જે દેશના સપાટી પરના યુદ્ધ જહાજ નિર્માણનો સૌથી મોટો પ્રોજેક્ટ સાબિત થશે. આ પ્રોજેક્ટમાં ભારતીય જહાજ નિર્માતાઓ, જેમાં લાર્સન એન્ડ ટુબ્રો (L&T), મઝગાંવ ડોકયાર્ડ, કોચિન શિપયાર્ડ અને હિન્દુસ્તાન શિપયાર્ડ્સ લિમિટેડ જેવી મોટી કંપનીઓનો સમાવેશ થાય છે.

### અરવિંદ કેજરીવાલે સ્વદેશી ખરીદો અપીલની કરી ટીકા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને AAPના ચીફ કન્વિનર અરવિંદ કેજરીવાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વદેશી ખરીદો પ્રોડક્ટ્સનો હુંકાર કરતાં પત્રની ટીખળ કરી છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન તમામને સ્વદેશી સામાન ખરીદવા માટે અપીલ કરી રહ્યા છે, પરંતુ તેઓ જે વિદેશી એરક્રાફ્ટમાં મુસાફરી કરે છે, વિદેશી સામાન વાપરે છે, તેનું શું? અરવિંદ કેજરીવાલે સોશિયલ મીડિયા X પર પોસ્ટ કરી છે કે, તમે પોતે જ સ્વદેશી પ્રોડક્ટ્સ વાપરવાની શરુઆત કેમ નથી કરતાં? તમે રોજિંદા વિદેશી એરક્રાફ્ટમાં મુસાફરી કરો છો, તે બંધ કેમ નથી કરતાં? તમે રોજિંદા જીવનમાં જે વિદેશી સામાન વાપરો છો, તેનો ત્યાગ કેમ નથી કરતાં? ભારતમાં ચાલતી ચાર અમેરિકન કંપનીઓ કેમ બંધ કરાવતા નથી?

### નેતાજીનો અધૂરો વિકાસ ફુલેકે ચડ્યો, રોડ બને તે પહેલા ઉદ્ઘાટન કરી નાખ્યું

। (એજન્સી) પટના, તા.૨૩ ।

બિહારમાં વિધાનસભાની ચૂંટણી નજીકમાં આવતા આચારસંહિતા લાગૂ થતાં પહેલા વિધાનસભા વિસ્તારોમાં હાલમાં નેતાઓ દ્વારા યોજનાઓના ઉદ્ઘાટન કરવાના નામે દોડાદોડી થઈ રહી છે. ત્યારે આવા જ એક કિસ્સો મધુબની વિસ્તારમાંથી સામે આવ્યો છે, જ્યાં રાજદના ધારાસભ્ય અને બિહાર સરકારના પૂર્વ ઉદ્યોગ મંત્રી સમીર કુમાર મહાસેઠે પણ વિવિધ યોજનાઓનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરવામાં ઉતાવળ કરી નાખી છે. તેમણે ઉતાવળમાં શિલાન્યાસ અને ઉદ્ઘાટનના ક્રમમાં યોજનાની વાસ્તવિક સ્થિતિને નજરઅંદાજ કરી રહ્યા છે. તેનું પરિણામ એ આવ્યું કે કામ પૂરું થયા વિના ઉદ્ઘાટન કરી નાખ્યું. તેની સાથે કામ પૂરું થયું હોવાના બોર્ડ પણ લગાવી દીધા હતા. આ મામલો વાયરલ થયો તો, અધિકારીઓ એકદમથી આવ્યા અને બોર્ડ ઉખાડીને લઈ ગયા.

### મને નહોતી ખબર કે સુકેશ ઠગ છે : જેકલીન

# રૂ.૨૦૦ કરોડની છેતરપિંડીના કેસમાં સુપ્રીમ કોર્ટ સમક્ષ જેકલીનની દલીલ ફેલ

### હાલમાં આ મામલે કોઈ રાહત આપી શકાય નહીં અને અરજદાર યોગ્ય તબક્કે ફરી કોર્ટમાં આવી શકે છે : સુપ્રીમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ઠગ સુકેશ ચંદ્રશેખર સંબંધીત રૂ.૨૦૦ કરોડના મની લોન્ડરિંગ કેસમાં ફિલ્મ અભિનેત્રી જેકલીન ફર્નાન્ડિસને દિલ્હી હાઈકોર્ટ બાદ હવે સુપ્રીમ કોર્ટે ઝટકો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે તેમનો કેસ રદ કરવાની અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, હાલમાં આ મામલે કોઈ રાહત આપી શકાય નહીં અને અરજદાર યોગ્ય તબક્કે ફરી કોર્ટમાં આવી શકે છે.

સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ દીપાંકર દત્તાએ કહ્યું કે, 'તમારી પર એવોઆરોપ છે કે, તમને રૂ.૨૦૦ કરોડનો એક ભાગ ભેટ તરીકે મળ્યો હતો. અમે સમજીએ છીએ કે, કાયદો એવો છે કે તેમાં કોઈ પણ વ્યક્તિ સામેલ થઈ શકે છે. જો બે ખૂબ નજીકના મિત્રોમાંથી એક બીજાને કંઈક આપે અને પછી તેઓ કોઈ અપ



રાધ કરે, તો તે ખૂબ જ મુશ્કેલ છે. તેથી અમે કહીએ છીએ કે, સુપ્રીમ કોર્ટે વિજય મદનલાલના કેસના ચુકાદામાં તેના પર વિચારણા કરી છે.' જેકલીનના વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ કોર્ટમાં દલીલ કરી હતી કે, 'જેકલીન ૨૦૦ કરોડના મની લોન્ડરિંગમાં સામેલ નથી. તેમને ખબર નહોતી કે સુકેશ ઠગ છે. જેકલીન એક ફિલ્મ સ્ટાર છે. સુકેશ ઠગ છે, જે જેલમાં છે અને તેના પર નકલી મંત્રી હોવાનો આરોપ છે. તે જેલમાંથી લોકોને ફોન કરે છે અને મંત્રી હોવાનું જેલમાં ન હોવાનું દેખાડો કરે છે. જેકલીન એક ધનિક મહિલા છે. અભિનેત્રીનો આ કેસ સાથે કોઈ સંબંધ નથી.' આ પહેલા જેકલીને દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી મની લોન્ડરિંગ કેસમાં ઈડી દ્વારા તેમની સામે નોંધાયેલો કેસ રદ કરવાની માંગ કરી હતી, જેને કોર્ટે ફગાવી દીધી હતી. ત્યારબાદ કોર્ટે કેસને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. દિલ્હી હાઈકોર્ટે કહ્યું હતું કે, આરોપીએ ખરેખર ગુનો કર્યો છે કે નહીં, તે નિર્ણય ફક્ત નીચલી અદાલતમાં સુનાવણી દરમિયાન જ થઈ શકે છે. જેકલીન ફર્નાન્ડિસે દિલ્હી હાઈકોર્ટમાં દલીલ કરી હતી કે તેમના પર લગાવેલા તમામ આરોપો ખોટા છે અને તેમને સુકેશ ચંદ્રશેખરના ગુનાહિત ઈતિહાસ વિશે કોઈ માહિતી નહોતી. સુકેશે તેમને મોંઘી ભેટો આપી હતી, પરંતુ તેનો મની લોન્ડરિંગ કેસ સાથે કોઈ સંબંધ નથી. જોકે, સુપ્રીમ કોર્ટે પણ જેકલીનને આ મામલે કોઈ મોટી રાહત આપવાનો ઈનકાર કર્યો છે.

### બ્રિટનમાં અનોખા લગ્ન

# હનીમૂન માટે કપલે QR કોડ લગાવી પૈસા એકઠાં કર્યા

### ગિફ્ટસના બદલે મહેમાનો પાસેથી હનીમૂન ફંડ એકત્ર કર્યું

। (એજન્સી) લંડન, તા.૨૩ ।

લગ્નને યાદગાર બનાવવા માટે લોકો હંમેશા કંઈક અનોખુ કરવાનો પ્રયાસ કરે છે. ક્યાંક દુલ્હનની એન્ટ્રીને ખાસ બનાવવામાં આવે છે, તો ક્યાંક ભવ્ય આયોજન કરવામાં આવે છે. આ તમામનો હેતુ માત્ર એટલો જ હોય છે કે, આ ક્ષણ યાદગાર બને અને મહેમાનો તેને ક્યારેય ભૂલી ન શકે. હવે બ્રિટનના એક કપલે પોતાના લગ્નને જે અંદાજમાં ખાસ બનાવ્યા, તેણે બધાનું ધ્યાન ખેંચ્યુ છે. અહીં ગિફ્ટસના બદલે મહેમાનો પાસેથી સીધુ હનીમૂન ફંડ એકત્ર કરવાનો આઈડિયા અપનાવવામાં આવ્યો. બ્રિટનના બકિંઘહામશાયરમાં રહેતા ક્રિસ માર્ટિન અને તાશા વ્હાઈટના તાજેતરમાં જ લગ્ન થયા. આ અવસર પર તેમણે ૧૪૦ મહેમાનો વચ્ચે કાર્ડ મશીન અને QR કોડ લગાવ્યો, જેથી લોકો ગિફ્ટ્સના બદલે સીધા હનીમૂન ફંડમાં પૈસા નાખી શકે. લગ્નના બીજા જ દિવસે બંને હનીમૂન પર મેક્સિકો રવાના થવાના હતા, પરંતુ તેના માટે તેમને પૈસાની જરૂર હતી. આ જ કારણ



હતું કે, તેમણે પોતાના રિસેપ્શનમાં ગિફ્ટ્સના બદલે ટેપ-એન્ડ-પે ની વ્યવસ્થા કરી દીધી. મર્સિડીઝમાં કામ કરતા ક્રિસ માર્ટિને આ આઈડિયા પાછળનું કારણ પણ જણાવ્યું છે. તેમણે કહ્યું કે, 'અમારી પાસે પહેલાથી જ ઘર છે અને જીવન જરૂરિયાતની દરેક વસ્તુ છે. કોઈને પાંચ ટોસ્ટર અને દસ કોફી મશીનની જરૂર નથી હોતી. અમને વાસ્તવમાં અમારા ડ્રીમ હનીમૂનને સાચુ બનાવવા માટે મદદની જરૂર હતી.' આ અવસર પર કાર્ડ મશીનો અને QR કોડ ઉપલબ્ધ કરનારી કંપની Lopayના ફાઉન્ડર રિચર્ડ કાર્ટરે પણ ખુશી વ્યક્ત કરી. તેમણે કહ્યું કે, આનાથી મહેમાનો માટે ગિફ્ટ આપવાની પ્રક્રિયા ઘણી સરળ બની છે. અને સાચુ કહીએ તો કેટલાક ગેસ્ટ તો સેલિબ્રેશનમાં વધુ ઉદાર બની ગયા હતા. QR કોડ પાસે લાગેલા સાઈન બોર્ડ પર લખ્યું હતું કે, કંજૂસી ન કરો, અમારી ફ્લાઈટનો ખર્ચ ઉઠાવો. આ આઈડિયા સાંભળવામાં ભલે ઠોડો અજીબ લાગે પરંતુ મહેમાનોને તે ખૂબ પસંદ આવ્યો. એક મહેમાને ટિપ્પણી કરી કે આજકાલ લગ્નોમાં ગિફ્ટ્સને બદલે પૈસા આપવાનું સામાન્ય છે. આ આઈડિયા કેશ અથવા બેંક ટ્રાન્સફર કરતાં ઘણી સરળ અને વધુ મજેદાર હતો. ક્રિસે જણાવ્યું કે, આજકાલ લોકો કેશ ખૂબ ઓછા રાખે છે, આવી સ્થિતિમાં મહેમાનો માટે આ સરળ અને મજેદાર ઓપ્શન હતો. તેણે જણાવ્યું કે, જેમ-જેમ શરાબના પેગ વધતા ગયા તેમ-તેમ લોકો ઉદાર થતા ગયા. લગ્નના બીજા જ દિવસે કપલ હનીમૂન માટે મેક્સિકો રવાના થઈ ગયા. કપલે કહ્યું કે, આ અનોખા અંદાજથી અમારી ખુશીમાં મહેમાનોની ખુશી પણ સામેલ થઈ ગઈ. હનીમૂનનો ખર્ચ પણ નીકળી આવ્યો અને એક યાદગાર ક્ષણ પણ બની ગઈ. હવે, એવું લાગે છે કે લગ્નનો આ આઈડિયા વિશ્વભરમાં વાઈરલ થઈ શકે છે.

### ઓપરેશન સિંદૂર દરમિયાન નિષ્ફળ કરાયો હતો હુમલો

# દાલ સરોવર પાસે પાકિસ્તાની મિસાઈલનો કાટમાળ મળ્યો

। (એજન્સી) જમ્મુ, તા.૨૩ ।

જમ્મુ કાશ્મીરના દાલ સરોવર નજીકથી પાકિસ્તાની મિસાઈલનો કાટમાળ મળી આવ્યો છે. પાકિસ્તાને આ મિસાઈલ ઓપરેશન સિંદૂર દરમિયાન શ્રીનગર પર ટાંકી હતી. જો કે, તેને ભારતીય સેનાએ નિષ્ફળ બનાવી હતી. દાલ સરોવરની સાફ-સફાઈ દરમિયાન તેનો કાટમાળ મળી આવ્યો હતો. પાકિસ્તાને કાશ્મીરની સાથે અનેક સ્થળો પર હુમલાના નિષ્ફળ પ્રયાસો કર્યા હતા. મીડિયા રિપોર્ટ અનુસાર, દાલ સરોવરમાં રવિવારે (૨૧ સપ્ટેમ્બરના રોજ) સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. તે દરમિયાન પાકિસ્તાની મિસાઈલનો કાટમાળ મળી આવ્યો હતો. જમ્મુ-કાશ્મીર પોલીસે તેને કબજામાં લઈ અન્ય સ્થળે મોકલ્યા છે. દાલ સરોવરમાંથી મળેલી મિસાઈલ પાકિસ્તાનની હારનો મોટો પુરાવો છે. પાકિસ્તાન અવારનવાર કાશ્મીર અને ઓપરેશન સિંદૂર મુદ્દે વિવાદિત નિવેદન આપે છે. પરંતુ આ કાટમાળ ઓપરેશન સિંદૂર દરમિયાન કાશ્મીરીઓને નિશાન બનાવવાનો તેનો નિષ્ફળ પ્રયાસનો



પુરાવો બન્યું છે. પાકિસ્તાને કાશ્મીર સહિત સરહદના અનેક વિસ્તારો પર હુમલાના પ્રયાસ કર્યા હતા. પરંતુ ભારતીય સેનાએ તમામ હુમલાને નિષ્ફળ બનાવ્યા હતા. ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને ડ્રોન અને મિસાઈલ વડે હુમલાના પ્રયાસ કર્યા હતા. પરંતુ ભારતની એર ડિફેન્સ સિસ્ટમે તેને નષ્ટ કર્યા હતા. ભારતીય સેનાએ પાકિસ્તાનને આકરો જવાબ આપ્યો હતો. પાકિસ્તાનના નૂરખાન એરબેઝ અને મુરિદકે સહિત અનેક સ્થળો પર હુમલા કર્યા હતા. ૨૨ એપ્રિલના રોજ કાશ્મીરના પહલગામમાં લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓએ નિર્દોષ પર્યટકો પર અંધાધૂધ ગોળીબાર કરી હુમલો કર્યો હતો. જેમાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

### કેપ્ટનની સતર્કતાથી મોટી દુર્ઘટના ટળી

# એર ઈન્ડિયાના વિમાનને હાઈજેક કરવાનો પ્રયાસ

### કોકપીટમાં પ્રવેશવા સાચો પાસકોડ દાખલ કર્યો હતો પાઇલટે ખોલ્યો જ નહીં કોકપીટનો દરવાજો, ૯ લોકોની અટકાયત

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૩ ।

બેંગલુરુથી વારાણસી જતી એર ઈન્ડિયાની ફ્લાઈટનો કોકપીટ દરવાજો ખોલવાનો પ્રયાસ બે મુસાફરોએ કર્યો હતો. તેમણે કોકપીટમાં પ્રવેશવા માટે સાચો પાસકોડ દાખલ કર્યો હતો. હાઈજેક થવાના ડરથી પાઈલટે દરવાજો ખોલ્યો ન હતો. એટીસીને આ અંગે જાણ કરવામાં આવી હતી, જેણે સુરક્ષા એજન્સીઓને ચેતવણી આપી હતી.

વારાણસીમાં સુરક્ષિત ઉતરાણ બાદ, કોકપીટ દરવાજો ખોલવાનો પ્રયાસ કરનારા બે મુસાફરો સહિત નવ લોકોની અટકાયત કરવામાં આવી હતી. વારાણસી પોલીસ અને ગુપ્તચર એજન્સીઓ અટકાયતીઓની પૂછપરછ કરી રહી છે. વિમાનમાં ૧૬૩ મુસાફરો હતા. વારાણસીમાં વિમાનનો નિર્ધારિત લેન્ડિંગ સમય ૧૦:૪૫ હતો, પરંતુ સમગ્ર ઘટના વચ્ચે વિમાન ૧૦:૨૨ વાગ્યે ઉતર્યું.

એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટ



IX ૧૦૮૬ સોમવારે સવારે બેંગલુરુથી વારાણસી માટે રવાના થઈ. ટેકઓફ થયાના થોડા સમય પછી, બે મુસાફરોએ કોકપીટ તરફ જતો કેબિન દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો. તેઓએ દરવાજો ખોલવા માટે સાચો પાસકોડ દાખલ કર્યો હતો.

ઉડતા વિમાનના કોકપીટ ખોલવા માટે પાઈલટે પાસકોડ દાખલ કરતાની સાથે જ તેનો સિગ્નલ તેના પછી મળ્યો. જ્યારે પાઈલટે સીસીટીવીમાં જોયું, ત્યારે તે ચોંકી ગયો. ત્યાં બે મુસાફરો દેખાયા. વિમાનના હાઈજેક થવાના ડરથી કેપ્ટને દરવાજો ખોલ્યો નહીં.

### પાયલટનો વાંક કાઢવો કમનસીબી : સુપ્રીમ કોર્ટ

## અમદાવાદ પ્લેન ક્રેશમાં તપાસની નિષ્પક્ષતા પર હવે સુપ્રીમ કોર્ટની નજર



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

અમદાવાદમાં એર ઈન્ડિયા પ્લેન ક્રેશ પર સુપ્રીમ કોર્ટે કડક ટિપ્પણી કરી છે. દુર્ઘટનાના પ્રાથમિક રિપોર્ટમાં પાયલટના ઈંધણ કટ-ઓફનો ઉલ્લેખ કરતા સુપ્રીમ કોર્ટે અતિ દુર્ભાગ્યપૂર્ણ કહ્યું છે. એક રિપોર્ટમાં પાયલટ દ્વારા એન્જિનનું ફ્યુલ બંધ કરવાનો દાવો કરવામાં આવ્યો હતો, જેના પર સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી કરી છે, સાથે મામલાની સ્વતંત્ર તપાસની માંગ કરી છે. કોર્ટે 'AI 171 ક્રેશ' મામલામાં સુપ્રીમ કોર્ટે પાયલટની ભૂલ વાળી વાતને દુર્ભાગ્યપૂર્ણ ગણાવતા કેન્દ્ર સરકાર અને ડીજીસીએને આ ઘટનાની સ્વતંત્ર તપાસની માંગ કરનારી અરજી પર જવાબ માંગ્યો છે. જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ એન. કોટિસ્વર સિંહની બેંચએ કહ્યુ કે નિષ્પક્ષ તપાસની માંગ યોગ્ય છે, પરંતુ તપાસ પૂર્ણ થાય તે પહેલા બધી જાણકારી જાહેર કરવામાં સમસ્યા થઈ શકે છે. જો સીધી રીતે કહેવામાં આવે કે પાયલટ દોષી છે તો તેના પરિવારને ભારે નુકસાન થશે. આ સિવાય સુપ્રીમ કોર્ટે એરક્રાફ્ટ અકસ્માત તપાસ બ્યુરો પાસે પણ જવાબ માંગ્યો છે. આ બ્યુરોએ જુલાઈમાં પોતાનો શરૂઆતી રિપોર્ટ જાહેર કર્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે દુર્ઘટનામાં ૨૫૦થી વધુ લોકોના મોત થયા છે. રિપોર્ટ પ્રમાણે કોકપિટ ઓડિયો રેકોર્ડિંગમાં કેપ્ટન સુમીત સભરવાલ અને ફર્સ્ટ ઓફિસર ક્લાઈવ કુંદરની વાતચીત સાંભળવા મળી હતી. તેમાં એક પાયલટે પૂછ્યુ તમે કટ ઓફ કેમ કર્યું? તો બીજાએ જવાબ આપ્યો, મેં નથી કર્યું. આ વાતચીતના આધાર પર તે અટકળો લગાવવામાં આવી કે દુર્ઘટના પાયલટની ભૂલને કારણે થઈ હતી. એવિએશન સેફ્ટી સાથે જોડાયેલા NGO સેફ્ટી મેટર્સ ફાઉન્ડેશને સુપ્રીમ કોર્ટમાં જનહિત અરજી (PIL) દાખલ કરી હતી. તેનો આરોપ છે કે એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાના પ્રાથમિક રિપોર્ટમાં ઘણી મહત્વની જાણકારી છુપાવી રહ્યું છે અને તેનાથી લોકોના જીવન, સમાનતા અને સાચી જાણકારી મેળવવાના અધિકારનું ઉલ્લંઘન થાય છે. આ સિવાય તે પણ કહેવામાં આવ્યું કે રિપોર્ટની અંદર સિસ્ટમની ખામીઓને નજરઅંદાજ કરવામાં આવી છે. એનજીઓએ કહ્યું કે ઉતાવળમાં પાયલટને દોષી ઠેરવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

# USની કંપનીઓએ ૪૦,૦૦૦થી વધુ IT પ્રોફેશનલ્સને નોકરીમાંથી કાઢ્યા

### આ પગલાથી અમેરિકાના યુવાનોમાં સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને મેથ્સ કેરિયર તરફનું આકર્ષણ ઘટી રહ્યું છે અને આ બાબત અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો બની શકે છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

અમેરિકામાં એચ-૧બી વીઝાને લઈને મોટો વિવાદ સામે આવ્યો છે. વ્હાઈટ હાઉસે દાવો કર્યો છે કે કેટલીયે અમેરિકન કંપનીઓએ આ વર્ષે ૪૦૦૦૦થી વધુ અમેરિકી ટેક વર્કર્સને નોકરીમાંથી કાઢી મૂક્યા હતા અને તેમના સ્થાને વિદેશી કર્મચારીઓ, ખાસ કરીને એચ-૧બી વીઝા ધરાવનારાઓને નોકરી આપી છે.વ્હાઈટ હાઉસે કહ્યું કે આ પગલાથી અમેરિકાના યુવાનોમાં સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને મેથ્સ(એસટીઈએમ) કેરિયર તરફનું આકર્ષણ ઘટી રહ્યું છે અને




આ બાબત અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો બની શકે છે. વ્હાઈટ હાઉસ તરફથી જાહેર કરાયેલી ફેક્ટ શીટ અનુસાર, એક કંપનીએ ૫૧૮૯ એચ-૧બી વીઝાની મંજૂરી મળી, પરંતુ આ કંપનીએ ચાલું વર્ષમાં ૧૬૦૦૦ અમેરિકન કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. બીજી એક કંપનીને ૧૬૯૮ એચ-૧બી વીઝાની મંજૂરી મળી, જ્યારે આ કંપનીએ ઓરેગનમાં ૨૪૦૦ કર્મીઓને જુલાઈમાં નોકરીમાંથી કાઢી મૂક્યા. ત્રીજી એક કંપનીને ૨૦૨૨થી હમણાં સુધી ૨૭૦૦૦ અમેરિકન કર્મચારીઓને કાઢી મૂક્યા, જ્યારે આ કંપનીને આ સમયગાળા દરમિયાન ૨૫૦૭૫ એચ-૧બી વીઝા મળ્યા હતા. એક અન્ય કંપનીએ ફેબ્રુઆરીમાં ૧૦૦૦ અમેરિકન કર્મચારીઓની નોકરી છીનવી લીધા, જ્યારે આ કંપનીને ૧૧૩૭ એચ-૧બી વીઝાની મંજૂરી આપવામાં આવી હતી. આ સાથે વ્હાઈટ હાઉસે એવો પણ ખુલાસો કર્યો કે કેટલીક વાર અમેરિકન કર્મચારીઓને ગુપ્ત કરાર અંતર્ગત વિદેશી રિપ્લેસમેન્ટને ટ્રેનિંગ આપવા માટે મજબૂર કરવામાં આવ્યા.આ વિવાદની વચ્ચે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી કે હવે કંપનીઓએ દરેક નવા એચ-૧બી વીઝા માટે ૧ લાખ ડોલર(લગભગ ૮૮ લાખ રૂપિયા) એકવાર આપવા પડશે. આ નિર્ણય એચ-૧બી પ્રોગ્રામનો દુરુપયોગ રોકવાનો, અમેરિકાના કર્મીઓને પગાર ઘટાડાથી બચાવવા અને રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત કરવા માટે લેવામાં આવ્યો છે.

## તંત્રી લેખ...

# ફ્રાન્સ પછી કેનેડા, બ્રિટન અને ઓસી.એ અલગ પેલેસ્ટેનિયન દેશને માન્યતા આપી

અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા વિરોધ છતાં કેટલાક પશ્ચિમી દેશોએ રવિવારે અલગ પેલેસ્ટેનિયન રાજ્યને માન્યાતા આપી છે. ફ્રાન્સ પછી યુકે, ઓસ્ટ્રેલિયા અને કેનેડાએ ઔપચારિક રીતે પેલેસ્ટાઈનને અલગ દેશ તરીકે માન્યતા આપી હોવાનું જણાવ્યું હતું. ઈઝરાયેલ અને ગાઝા વચ્ચે શાંતિ સ્થાપવાના પ્રયાસો નિષ્ફળ જતા અલગ પેલેસ્ટેનિયન દેશની માગ વધુ પ્રબળ બની હતી. ઈઝરાયેલ દ્વારા ગાઝા પર સતત હુમલા ચાલુ રખાયા છે અને તેની વૈશ્વિક સ્તરે નિંદા પણ થઈ રહી છે. બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મર વિરુદ્ધ તેમના જ પક્ષ લેબર પાર્ટીનું ઈઝરાયેલ સામે આકરા પગલાં લેવા દબાણ વધી રહ્યું છે. સ્ટાર્મરે જણાવ્યું કે, આ પગલું પેલેસ્ટેનિયન અને ઈઝરાયેલી લોકો વચ્ચે શાંતિના હેતુથી લેવાયું છે, જો કે હમાસે આમાં હરખાવા જેવું કંઈ જ નથી. કેનેડાએ પણ રવિવારે સાંજે પેલેસ્ટાઈનને અલગ દેશ તરીકે માન્યતા આપી હતી. વડાપ્રધાન માર્ક કાર્નીએ એક્સ પોસ્ટમાં જણાવ્યું કે, કેનેડા પેલેસ્ટેનિયન રાજ્યને માન્યતા આપે છે. બ્રિટન અને ઓસ્ટ્રેલિયા પણ આ માટે સહમત છે. પશ્ચિમી દેશો દ્વારા ગાઝામાં ચાલી રહેલા યુદ્ધ અંગે નિરાશા વ્યક્ત કરાઈ રહી છે ત્યારે કાર્નીએ જણાવ્યું કે જુલાઈમાં જ તેઓએ આ માગણીનો ઉલ્લેખ કર્યો હતો. મહત્વની બાબત એ છે કે આગામી સપ્તાહે યોજાનારી સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા (યુએન જનરલ એસેમ્બલી) અગાઉ આ જાહેરાત કરવામાં આવી છે જે સુચક છે. યુકે, ઓસ્ટ્રેલિયા અને કેનેડા દ્વારા આ ઔપાચરિક નિર્ણયથી ઈઝરાયેલ અને અમેરિકા રોષે ભરાયા છે. તેમના મતે પશ્ચિમી દેશોના આ નિર્ણયથી હમાસના આતંકવાદીઓને પ્રોત્સાહન મળશે. યુએન મહાસભામાં યુએસ સાથે પશ્ચિમી દેશો વચ્ચે તનાવ વધવાની સંભાવના છે. કેનેડાને ચીમકી આપતા અગાઉ યુએસ પ્રમુખ ટ્રમ્પે જણાવ્યું હતું કે, જો પેલેસ્ટાઈનને અલગ દેશ તરીકે તે માન્યતા આપશે તો તેને અમેરિકા સાથે વેપાર કરાર કરવામાં મુશ્કેલી પડી શકે છે. ફ્રાન્સમાં ઉકળતા ચરુ જેવી સ્થિતિ વચ્ચે રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોંએ સૌપ્રથમ અલગ પેલેસ્ટેનિયન દેશની માગને વાચા આપી હતી. કે આગામી સપ્તાહે યોજાનારી સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા (યુએન જનરલ એસેમ્બલી) અગાઉ આ જાહેરાત કરવામાં આવી છે જે સુચક છે. યુકે, ઓસ્ટ્રેલિયા અને કેનેડા દ્વારા આ ઔપાચરિક નિર્ણયથી ઈઝરાયેલ અને અમેરિકા રોષે ભરાયા છે. તેમના મતે પશ્ચિમી દેશોના આ નિર્ણયથી હમાસના આતંકવાદીઓને પ્રોત્સાહન મળશે. યુએન મહાસભામાં યુએસ સાથે પશ્ચિમી દેશો વચ્ચે તનાવ વધવાની સંભાવના છે. કેનેડાને ચીમકી આપતા અગાઉ યુએસ પ્રમુખ ટ્રમ્પે જણાવ્યું હતું કે, જો પેલેસ્ટાઈનને અલગ દેશ તરીકે તે માન્યતા આપશે તો તેને અમેરિકા સાથે વેપાર કરાર કરવામાં મુશ્કેલી પડી શકે છે. ફ્રાન્સમાં ઉકળતા ચરુ જેવી સ્થિતિ વચ્ચે રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોંએ સૌપ્રથમ અલગ પેલેસ્ટેનિયન દેશની માગને વાચા આપી હતી.

## સિવિલ હોસ્પિટલમાં પ્રથમ નોરતે અંગદાનથી જીવનદાન, અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં થયું ૨૧૪મું અંગદાન



। (માહિતી) અમદાવાદ, તા.૨૩ ।

નવરાત્રિના પાવન પ્રારંભે અમદાવાદ સિવિલ હોસ્પિટલને ૨૧૪મું અંગદાન પ્રાપ્ત થયું છે. સિંધી સમાજમાંથી સિવિલ હોસ્પિટલને મળેલું આ પ્રથમ અંગદાન છે. આ ૨૧૪માં અંગદાનથી એક લીવર, બે કિડની અને બે ચક્ષુ પ્રાપ્ત થયાં છે, જેના પરિણામે પાંચ પરિવારોમાં ખુશીના દીવા પ્રગટ્યા છે. સિવિલ હોસ્પિટલને ૨૧૪મું અંગદાન અમદાવાદના નવા નરોડામાં રહેતા શ્રી નરેશભાઈ બાલાણી તરફથી પ્રાપ્ત થયું છે. સિવિલ હોસ્પિટલ ખાતે થયેલા ૨૧૪મા અંગદાનની વિગતો જોઈએ તો અમદાવાદના ૬૫ વર્ષીય નરેશભાઈને તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ ચક્કર આવીને ઊલટી થઈ. તેઓ બેભાન થતાં પહેલાં નજીકની પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા. બાદમાં વધુ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે લાવવામાં આવ્યા હતા. સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન ૨૧મી સપ્ટેમ્બરના રોજ ડૉક્ટરોએ નરેશભાઈને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. સિવિલ હોસ્પિટલની અંગદાન ટીમના ડૉ. ભાવેશ પ્રજાપતિ દ્વારા નરેશભાઈની બ્રેઈનડેડ પરિસ્થિતિ અને અંગદાન વિશે હોસ્પિટલમાં હાજર તેમનાં પત્ની સંધ્યાબહેનને સમજાવાયા. સંધ્યાબહેને માનવધર્મનું પાલન કરીને પતિ નરેશભાઈનાં અંગોનું દાન કરવા સંમતિ આપી હતી. આ અંગદાનથી પાંચ પરિવારોના ઘરમાં ખુશીઓ છવાઈ હતી.

સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષીએ અંગદાન અંગે જણાવ્યું હતું કે સિવિલ હોસ્પિટલ ખાતે આજદિન સુધીમાં કુલ ૨૧૪ અંગદાન થકી કુલ ૭૦૮ અંગોનું દાન મળ્યું છે. આમ જોઈએ તો ૧૫૨ ચક્ષુ તેમજ ૨૪ ચામડી મળી કુલ ૧૭૬ પેશીઓ સાથે કુલ ૮૮૪ અંગો તેમજ પેશીઓનું દાન સિવિલ હોસ્પિટલ દ્વારા મેળવવામાં આવ્યું છે. અંગદાન સાથે સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધી ૧૮૯ લીવર, ૩૯૨ કિડની, ૧૭ સ્વાદુપિંડ, ૬૮ હૃદય, ૬ હાથ, ૩૪ ફેફસાં, ૨ નાનાં આંતરડાં, ૧૫૨ ચક્ષુ તથા ૨૪ ચામડીનું દાન મળ્યુ છે, એવું તેમણે ઉમેર્યું હતું.સિવિલ હોસ્પિટલમાં થયેલ આ અંગદાનથી મળેલ ૨ કિડની અને ૧ લીવરને સિવિલ મેડિસિટી કેમ્પસની જ કિડની હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવશે તેમજ મળેલ બે આંખોનું દાન સિવિલ મેડિસિટીની એમ એન્ડ જે આંખની હોસ્પિટલ દ્વારા સ્વીકારવામાં આવ્યું છે, તેમ ડૉ. જોષીએ જણાવ્યું હતું

### શબ્દાત્મિકા સુવિમલર્ગ્યજુષાં નિધાનમુદ્રીથરમ્યપદપાઠવતાં ચ સામ્નામ્

# ચંદ્રઘંટા એટલે સિદ્ધિને પોતાનાં લલાટે લગાડીને નીકળેલું નવદુર્ગાનું વિદ્યાવાન સ્વરૂપ



સદ્‌ગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ઇન્દ્ર વગેરે દેવતાઓ અને ઋષિઓ જ્યારે આ સ્તુતિ કરી ત્યારે એમણે મા દુર્ગાના હાથે મહિસાસુરનો વધ થતો જોયો, અને એમના મોઢામાંથી દેવીની પ્રશંસા રૂપે આ સ્તુતિ નીકળી,અને એટલે જ આ સ્તુતિમાં દેવ ઉવાચઃ, ઋષિ ઉવાચઃ અને છેલ્લે દેવી ઉવાચઃ એવો શબ્દ પ્રયોગ થયો છે. પરંતુ આપણે એવું જોયું નથી, અને છતાં સ્તુતિ કરીએ છીએ!**

ગઈકાલે ટીવીમાં મુંબઈ અમદાવાદ ગાંધીનગર વડોદરા અને સુરતની વિવિધ ક્લબ આયોજિત ગરબા આવતાં હતાં અને હું મારા લેખનું એડિટીંગ કરતી હતી! બે કલાક ચાલેલા આ પ્રોગ્રામમાં લગભગ એકનાં એક જ અને ગરબા કરતાં વધુ બીજું બધું ગવાતું હતું, ત્યાં કિંજલ દવેનાં અવાજમાં, હે રુડે ગરબે રમે છે દેવી અંબિકા રે.. ગરબો છેડ્યો અને કાનને રીતસર નું સારું લાગ્યું! પરંપરાને નામે સમાજ વિનાશ તરફ ગતિ કરી રહ્યો કે શું? એ સમજવું કઠિન છે. ગરબાને નૃત્યનો એક પ્રકાર ગણવામાં આવે છે! છોડો ગરબો એટલે ઘટ, અને ઘટ એટલે શરીર! આ શરીરની મુક્તિ માટે આપણે સાધના, આરાધના, ઉપાસના, પ્રાર્થના, એમાંથી એક વિકલ્પ પસંદ કરીએ છીએ. પણ એ પહેલાંનું એક પગથિયું એટલે કે શક્તિની ઓળખ! એનાં વગર જો સાધના પથ પર પગ માંડીએ તો સામે જ હોય તો પણ ઓળખાય નહીં. માટે પહેલાં એનું મનોમન ચિત્રણ કરવાનું, અને પછી એવાં દર્શન માટે સતત ઝંખના કરવાની. શક્તિનાં ઘણા સ્વરૂપો છે, પરંતુ આપણે સમજી શકીએ એ સ્તરે જઈએ તો શક્તિનાં બે મુખ્ય સ્વરૂપ છે, વિકાસ અને વિનાશ, અને બંને શક્તિ સ્વરૂપ એનાં પરિણામથી સાવ અલિપ્ત છે, એટલે કે વિનાશ થાય કે વિકાસ થાય! એનાથી એને કોઈ ફેર પડતો નથી! કારણ કે અંતે તો આદ્યશક્તિ કાર્યકારણ સિદ્ધાંતથી પરે છે. ઉલટું વિકાસના પ્રમાણમાં વિનાશ જલ્દી અને મોટા પાયે થાય છે, કુદરતી આપત્તિ કે દુર્ઘટના સમયે આપણે તેના પરિણામ જોઈ શકીએ છીએ. બંને શબ્દમાં વર્ણક્ષરની રીતે પણ પ્રાસ છે, આપણી મુશ્કેલી ત્યાં જ છે કે, આપણે શક્તિને ઓળખ્યા વગર તેની સાધના કે આરાધના કરીએ છીએ, અને પરિણામે એ વિકાસની બદલે વિનાશને નોતરે છે.

વિનાશ થવાનું એક સૌથી અગત્યનું કારણ વિકાર છે, અને આપણે આપણા વિકાર જગદંબાથી છુપાવતા હોઈએ છીએ. હકીકતમાં ભૂલ, અપરાધ,કે પાપનો એકરાર આપણને વિકાસ તરફ લઈ જાય છે, અને એટલે જ શરણે જવું કે શરણાગત થવું એનો બહુ મોટો મહિમા છે.

શક્તિને નવદુર્ગા સ્વરૂપે જોઈએ તો પ્રથમ શૈલ પુત્રી, પૂર્ણ જોશ અને જુસ્સો ધરાવતો એક શક્તિપુંજ કે તેજપુંજ પહાડો પરથી નીચે આવે છે. બ્રહ્મચારીણી એટલે ૧૦ થી ૧૬ વર્ષની આયુમાં કે જ્યારે યુવાનીની શક્તિ તન મનને બેકાબુ બનાવે, ત્યારે એને સંયમિત કરવાની હોય, એટલે બ્રહ્મચારીણી સ્વરૂપની માતા બતાવી છે. ચંદ્રઘંટા ચંદ્રને આપણે ત્યાં શ્રીંગાર તરીકે ભાલ પર લગાડવામાં આવે છે, અથવા શંકરનાં ભાલ જેમ સિદ્ધિ તરીકે જોવામાં આવે છે. પોતાના સ્વરૂપને સિદ્ધિનાં શણગારથી વધુ નિખાર આપે છે, એટલે કે કોઈ વિદ્યા કે કલા હસ્તગત કરી એક સિદ્ધિ હાંસલ કરી છે, એવું સ્વરૂપ. તો આજે ચંદ્રઘંટા સ્વરૂપની આરાધનાનો દિવસ છે, શૃંગારમાં તો આપણે વર્ષો વિતાવ્યા અને સિદ્ધિને નામે પણ કઈ કેટલીય ડીગ્રી મેળવી, પરંતુ હકીકતમાં શણગાર કે સિદ્ધિથી આપણા વ્યક્તિત્વને



નિખાર પ્રાપ્ત થયો નથી, માત્ર અહંકાર પ્રાપ્ત થયો છે, કારણ કે આપણે તપ્યા નથી. સોનાની જેમ નિખાર પામવું હોય તો તપવું પણ પડે. કરી શકાય એવા નાના મોટા વ્રત, નિયમ, સંયમ, કે તપથી નવરાત્રી કરી આપણે આપણા વ્યક્તિત્વને નિખારીને, ચંદ્ર ઘંટાની આરાધના કરીએ તો, ખરેખર કોઈ સાચી સિદ્ધિને મેળવી શકાય. એની માટે આપણે આપણા વિકારોને મા દુર્ગાને ચરણે ધરવા પડે. મા દુર્ગા જ એનો મહિસાસુરની જેમ વધ કરી આપણને નિર્વીકારી બનાવી શકે છે.

★★ શક્રાદય સ્તુતિ★★

શબ્દાત્મિકા સુવિમલર્ગ્યજુષાં નિધાનમુદ્રીથરમ્યપદપાઠવતાં ચ સામ્નામ્
દેવી ત્રયી ભગવતી ભવભાવનાય
વાર્ત્તાચ સર્વજગતાં પરમાર્ત્તિ હન્ત્રી ૯

તમે શબ્દસ્વરૂપા છો અને ઋગ્વેદ,યજુર્વેદ તથા ઉદ્ગીથના મનોહર પદોનો આધાર એવો સામવેદ તમે જ છો.તમે દેવી,વેદત્રયી અને ભગવતી-છ ઐશ્વર્યથી યુક્ત આ જગતની ઉત્પત્તિ અને તેના પાલન માટે તમે વાર્તા-આજીવિકા રૂપે પ્રગટ છો.તમે જગતની ઘોર પીડાનો નાશ કરનારા છો.(૯)

મેધાસિ દેવિ વિદિતાખિલશાસ્ત્રસારા
દુર્ગાસિ દુર્ગભવસાગરનૌરસઙ્ગા
શ્રીઃ કૈટભારિહૃદયૈકકૃતાધિવાસા
ગૌરી ત્વમેવ શશિમૌલિકૃતપ્રતિષ્ઠા ૧૦

હે દેવી! જેના થકી સઘળા શાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે મેધા તમે જ છો. દુર્ગમ દુસ્તર ભવસાગરમાંથી પાર ઉતારનારી નૌકા રૂપ દુર્ગા પણ તમે જ છો. તમારી કશામાં ય આસક્તિ નથી. કૈટભના શત્રુ ભગવાન વિષ્ણુના વક્ષઃસ્થળ માં નિવાસ કરનારા ભગવતી લક્ષ્મી અને ભગવાન ચંદ્રશેખર શિવ વડે સન્માનિત દેવી ગૌરી પણ તમે જ છો. (૧૦)

★ઈષત્સહાસમમલં પરિપૂર્ણચન્દ્રબિમ્બાનુકારિ, કનકોત્તમકાન્તિકાન્તમ્
અત્યદ્ભુતં પ્રહૃતમાત્તરુષા તથાપિ
વક્ત્રં વિલોક્ય સહસા મહિષાસુરેણ ૧૧

તમારું મુખ મંદ મંદ સ્મિતથી સુશોભિત છે, નિર્મળ છે. પૂર્ણ ચંદ્રબીંબ અનુકરણ કરનારું છે. સુવર્ણની મનોહર કાંતિ કરતાં ય સુંદર છે, તેમ છતાં તેને જોઈને મહિષાસુરને ક્રોધ ઉપજયો? એ એના કરતા ય આશ્ચર્યની વાત છે, અને એકાએક જ તેણે તમારા પર પ્રહાર કર્યો એ ભારે નવાઈની વાત છે. (૧૧)

દૃષ્ટ્વા તુદેવિ કુપિતં ભ્રુકુટીકરાલ,
મુદ્યચ્છશાઙ્કસદશચ્છવિ યન્ન સદ્યઃ
પ્રાણાન્મુમોચ મહિષસ્તદતીવ ચિત્રં
કૈર્જીવ્યતેહિ કુપિતાન્તકદર્શનેન ૧૨

હે દેવી! તે જ મુખ જ્યારે ક્રોધયુક્ત થવાથી ઉદય વેળાના ચંદ્રમાની જેમ લાલ થયું, અને ખેંચાયેલી ભમરોને કારણે વિકરાળ થઈ ઊઠ્યું, ત્યારે તેને જોઈને મહિષાસુરના પ્રાણ તરત નીકળી ગયા નહીં! એ તો એના કરતાંય મોટા આશ્ચર્યની વાત છે. કારણકે ક્રોધે ભરાયેલા યમરાજને જોઈને ભલા કોણ જીવતું રહી શકે?(૧૨)

ઈન્દ્ર વગેરે દેવતાઓ અને ઋષિઓ જ્યારે આ સ્તુતિ કરી ત્યારે એમણે મા દુર્ગાના હાથે મહિસાસુરનો વધ થતો જોયો, અને એમના મોઢામાંથી દેવીની પ્રશંસા રૂપે આ સ્તુતિ નીકળી,અને એટલે જ આ સ્તુતિમાં દેવ ઉવાચઃ, ઋષિ ઉવાચઃ અને છેલ્લે દેવી ઉવાચઃ એવો શબ્દ પ્રયોગ થયો છે. પરંતુ આપણે એવું જોયું નથી, અને છતાં સ્તુતિ કરીએ છીએ! એટલે કે માની લીધું, કે આવી ઘટના ત્યારે ઘટી હતી. નિશંક પણે ઘટી હશે! કારણ કે દેવી સિવાય આવાં ભયાનક અસુરનો વધ કોણ કરી શકે, અને એટલે જ શક્તિનો મહિમા છે, પછી તે મા સ્વરૂપે હોય, પત્ની સ્વરૂપે હોય,દીકરી સ્વરૂપે હોય, કે પુત્રવધુ સ્વરૂપે હોય, બધા જ શક્તિના સ્વરૂપો છે. સમાજની ભૂલ ત્યાં થઈ કે એમણે મૂર્તિ અને છબી સ્વરૂપે તો શક્તિની આરાધના કરી, પરંતુ સમાજની આસપાસ ફરતા શક્તિ સમુહોને એ ભૂલી ગયો! અથવા આ પણ શક્તિ સ્વરૂપ છે, એ સત્ય ચૂકી ગયો. જગતના વિકારરૂપી અસૂરોને આ શક્તિ સ્વરૂપો જ હણી શકે તેમ છે, એટલી ખાતરી રાખી, એમને સન્માન આપવાનું સમાજ ભૂલી ગયો, એટલે જ આટલી ઉપાધીઓ શરૂ થઈ છે. પ્રકૃતિ સ્વરૂપે હોય, સંસ્કૃતિ સ્વરૂપે હોય, કે સ્થૂળ આકૃતિ સ્વરૂપે હોય, શક્તિનું હંમેશા પૂજન થવું જોઈએ, એ જ વાત આ દુર્ગા પૂજાના ઉત્સવમાં કહેવામાં આવી છે. પૂજન એટલે કે કંકુ ચોખા લગાડી આરતી કરવાની વાત નથી, પરંતુ એક ઊંચું સ્થાન આપી એને માન સન્માનિત કરવી. શક્તિ છે તો ક્રિયા છે, ક્રિયા છે તો દ્રવ્ય આવશે, અને દ્રવ્ય આવશે તો જ દ્રવ્યનું સંચાલન કરવા વિદ્યા એટલે કે જ્ઞાન આવશે. શક્તિ થકી જ વંશવૃદ્ધિ થાય છે,એ વંશમાં સંસ્કાર વૃદ્ધિ થાય છે, અને ભક્તિ શક્તિ થકી જ જીવનમાં આનંદની પ્રાપ્તિ થાય છે. વંશવૃદ્ધિ એટલે ક્રિયા વંશને સંસ્કાર વારસો એટલે કે દ્રવ્ય અને ભક્તિ એટલે જ્ઞાન પૂર્ણ ભાવ અવસ્થા! આ બધું જ માત્ર ને માત્ર સ્ત્રી શક્તિ સ્વરૂપથી જ શક્ય છે, માટે એની અપરંપાર કરુણાને સદાય પ્રાપ્ત કરતા રહી, આપણું જીવન અજવાળતા રહેવું એ જ નવરાત્રીનો મુખ્ય સંદેશ છે. જય અંબે.

### નવલાં નોરતાંની રમઝટ - 3

# સોનાનો ગરબો શિરે અંબે મા ચાલો ધીરે ધીરે ચાલો ધીરે ધીરે ચાલો ધીરે ધીરે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**તલવાર, ત્રિશૂળ અને ગદા જેવા અસ્ત્ર ધારણ કરેલ છે.તેમના કંઠમાં સફેદપુષ્પની માળા અને રત્નજડિત મુગટ શીર્ષ પર વિદ્ય માન છે.દેવી ચંદ્રઘંટા ભક્તોને અભય વરદાનઆપનારી અને પરમ કલ્યાણકારી છે. તેમના રૂપ અને ગુણો પ્રમાણે આજે તેમની પૂજા કરવામાં આવશે.**

નવલાં નોરતાંની આરાધના ઉપાસના ગરબાની રમઝટ વચ્ચે ચાલુ છે ત્યારે આજે ત્રીજો દિવસ એટલે પાવન પર્વ નવરાત્રી નું ત્રીજું નોરતું એટલે મા નવદુર્ગાના ચંદ્રઘંટા રૂપની આરાધનાનો અવસર. દેવી ચંદ્રઘંટાનું શરીર સોનાની જેમ કાંતિવાન છે.તેમના માથા પર ઘંટ આકારનો અર્ધચંદ્ર છે. એટલા માટે તેમને ચંદ્રઘંટા કહેવામાં આવે છે.તેમની દસ ભુજાઓ છે અને દસેય ભુજામાં અસ્ત્ર-શસ્ત્ર છે. દેવીએ હાથોમાં ધનુષ-બાણ,તલવાર,ત્રિશૂળ,ગદા તેમજ કમળ અને કમંડળ ધારણ કરેલાં છે.દેવીના કંઠમાં સફેદ પુષ્પ ની માળા અને મસ્તક પર રત્ન જડિત મુગટ વિદ્યમાન છે.દેવી ચંદ્રઘંટા ભક્તોને અભયવરદાન આપનારી અને પરમ કલ્યાણ કારી છે.પૌરાણિક કથા અનુસાર, દેવતાઓની રક્ષા માટે અને રાક્ષસોના વર્ચસ્વને દૂર કરવા માટે મા દુર્ગાએ ચંદ્રઘંટાનું રૂપ ધારણ કર્યું હતું. પ્રચલિત કથા અનુસાર મહિષાસુર નામના રાક્ષસેદેવરાજ ઈન્દ્રના સિંહાસન પર આધિપત્ય જમાવી લીધું. તેણે દેવતાઓને વશ કરીને સ્વર્ગ પર રાજ કરવાનું શરૂ કર્યું. તેનાથી દેવતાઓ ખૂબ ચિંતિત થયા. દેવતાઓએ આ મુશ્કેલી માટે ત્રિદેવ એટલે કે બ્રહ્મા,વિષ્ણુ અને મહેશની મદદ લીધી.મહિષાસુર ના દુષ્કૃત્યો સાંભળીને ત્રિદેવ ગુસ્સે થયા. આ ક્રોધના કારણે ત્રણેયના મુખમાંથી ઉર્જા ઉત્પન્ન



થઈ. જેમાંથી એક દેવીએ જન્મ લીધો. તે દેવીને ત્રિદેવ સહિત તમામ દેવતાઓએ પોતાની શક્તિઓ પ્રદાન કરી. ભગવાન શંકરે દેવીને તેમનું ત્રિશૂળ અને ભગવાન વિષ્ણુએ તેમનું ચક્ર આપ્યું. પછી એ જ રીતે બીજા બધા દેવતાઓ એ પણ પોતાના શસ્ત્રો માતાને સોંપી દીધા. દેવીનું આ સ્વરૂપ એટલે જ ચંદ્રઘંટા. આ પછી જ્યારે માતાચંદ્રઘંટા મહિષાસુરને મારવા પહોંચ્યા તો માતાનું આસ્વરૂપ જોઈને મહિષાસુરને સમજાયું કે તેનો મૃત્યુ સમય નજીક છે. મહિષાસુરે માતાજી પર હુમલો કર્યો.અને મા ચંદ્રઘંટાએ તે જ ઘડીએ મહિષા સુરનો વધ કરી દીધો. મા ચંદ્રઘંટા એ દેવતાઓની રક્ષા કરી હતી. એટલે કે રક્ષા માટે મા ચંદ્રઘંટાના પૂજનનો સવિશેષ મહિમા છે દેવી ચંદ્રઘંટાનું શરીર સોનાની જેમ ક્રાંતિવાન છે. તેમના માથા પર ઘંટ આકારનો અર્ધચંદ્ર છે, એટલા માટે તેમને ચંદ્રઘંટા કહેવામાં આવે છે.તેમની દસ ભુજાઓ છે અને દસેય ભુજાઓ માં અસ્ત્ર-શસ્ત્રછે.દેવીના હાથોમાં કમળ,ધનુષ-બાણ,કમંડળ,

તલવાર, ત્રિશૂળ અને ગદા જેવા અસ્ત્ર ધારણ કરેલ છે.તેમના કંઠમાં સફેદપુષ્પની માળા અને રત્નજડિત મુગટ શીર્ષ પર વિદ્ય માન છે.દેવી ચંદ્રઘંટા ભક્તોને અભય વરદાનઆપનારી અને પરમ કલ્યાણકારી છે. તેમના રૂપ અને ગુણો પ્રમાણે આજે તેમની પૂજા કરવામાં આવશે.

ચંદ્રઘંટા શક્તિની પૂજા અને સાધનાથી મણિપુર ચંદ્ર જાગૃત થાય છે. તેમની પૂજા કરવાથી વીરતા-નિર્ભયતાની સાથે જ સૌભાગ્ય તથા વિનમ્રતાનો વિકાસ થાય છે.તેમની પૂજાથી મુખ,નેત્ર તથા સંપૂર્ણ કાયામાં ક્રાંતિ વધવા લાગે છે.સ્વર દિવ્ય અને મધુર થવા લાગે છે. માતા ચંદ્રઘંટાની પૂજા કરનારાઓને શાંતિ અને સુખનો અનુભવ થવા લાગે છે. માતા ચંદ્રઘંટાની કૃપાથી દરેક પ્રકારના પાપ અને બધા પ્રકારની બાધાઓ દૂર થઈ જાય છે. ભક્તોના કષ્ટોનું નિવારણ ઝડપથી થઈ જાય છે.દેવી ચંદ્ર ઘંટાની કૃપાથી પરાક્રમ વધે છે. શરણ મંત્ર એં હીં કલીમ ચંદ્રઘંટાયૈ નમઃ!!

મહામંત્ર- યા દેવી સર્વભૂતેષુ મા ચંદ્રઘંટા રૂપેણ સંસ્થિતા
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ
નમો નમઃ!!

માતા ચંદ્રઘંટનો મંત્ર '' એં શ્રી શક્તયૈ નમઃ!!

સરળ મંત્ર-ઃ ૐ હીંઃચંદ્રઘંટા

પૂજન વિધિ

દેવી ચંદ્રઘંટાના પૂજન સમયે તેમને કમળનું પુષ્પ કે શંખપુષ્પી અર્પણ કરવા જોઈએ.

નૈવેદ્યમાં દેવીને દૂધનો માવો, દૂધની મીઠાઇ કે ખીર અર્પણ કરવી જોઇએ.

માતાજીને ફળ પ્રસાદરૂપે સફર જન ખૂબ જ પ્રિય માનવામાં આવે છે.

વિશેષ કૃપા અર્થે સાધકે આજે ઘાટા વાદળી રંગના વસ્ત્ર ધારણ કરીને માતાજીની આરાધના પૂજા-વિધિ કરવી જોઇએ. વાદળી રંગના વસ્ત્ર ધારણ કરીને માતાજીની આરાધના કરવાથી સાધકનું મન પરમ આનંદની અનુભૂતિ કરે છે.ફળદાયી મંત્ર

**। ૐ એં □ીં ક્લીં ચંદ્રઘંટાયૈ નમઃ।।**

ફળપ્રાપ્તિ જે મનુષ્ય નવરાત્રી દરમિયાન આસ્થા સાથે મા ચંદ્ર ઘંટાનું પૂજન કરી મંત્રનું અનુષ્ઠાન કરે છે તેના પરિવારમાં દરેક વ્યક્તિને કષ્ટમાંથી મુક્તિ મળી જાય છે.મા ચંદ્રઘંટાની પૂજા અને સાધનાથી મણિપુર ચક્ર જાગ્રત થાય છે.જેને લીધે વીરતા નિર્ભયતાની સાથે જ સૌભાગ્ય તથા વિનમ્રતાનોવિકાસ થાય છે. દેવીની ઉપાસનાથી મુખ,નેત્ર તથા સંપૂર્ણ કાયામાં કાંતિ વધવા લાગે છે.સ્વર દિવ્ય અને મધુર થવા લાગે છે. માતા ચંદ્રઘંટાની પૂજા કરનારાઓને શાંતિ અને સુખનો અનુભવ થવા લાગે છે.માતા ચંદ્ર ઘંટાની કૃપાથી દરેક પ્રકારના પાપ અને બધા પ્રકારની બાધાઓ દૂર થઈ જાય છે. ભક્તોના કષ્ટોનું નિવારણ ઝડપથી થઈ જાય છે. દેવી ચંદ્રઘંટાની કૃપાથી પરાક્રમ વધે છે. આજની પૂજા કરવાથી શુક્ર ગ્રહ સંબંધિત સમસ્યાનું નિવારણ થાય છે. સૌને જય માતાજી આજે ત્રીજા નોરતાંની શુભકામનાઓ સાથે અસ્તુ.

ઈ-સિગારેટ નિષેધ અધિનિયમ-૨૦૧૯ના ઉલ્લંઘન બદલ પાચ લાખ રૂપ્યાનો દંડ, ત્રણ વર્ષની જેલ અથવા બંને સજા થઈ શકે છે

# આર્યનની સીરિઝમાં કેમિયો કરી ફસાયો રણબીર કપૂર!, ચેતવણી વિના ઈ-સિગારેટ પીવાનો આરોપ

શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાન દ્વારા બનાવાયેલ વેબ સિરીઝ 'ધ બેડ્સ ઓફ બોલિવૂડ' મુશ્કેલીમાં મુકાઈ છે. સિરીઝના એક સીનમાં અભિનેતા રણબીર કપૂરને ઈ-સિગારેટ પ ીતો દેખાડવામાં આવતા રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે (દ્રઉઁઈઞ) મુંબઈ પ ોલીસને સિરીઝના નિર્માતાઓ વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.આર્યન ખાને જે વેબ સિરીઝ બનાવી છે, તેમાં લેવાયેલા વિવાદાસ્પદ સીનમાં કોઈ ચેતવણી કે ડિસ્ક્લેમર લખાયું નથી. આમ થવાથી યુવા પેઢી પર નકારાત્મક અસર પ ડી શકે છે. આ અંગે ફરિયાદી વિનય જોશીએ એનએચઆરસીને ફરિયાદ કરી હતી. એનએચઆરસીએ માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવને પણ આવા સીન પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવા નોટિસ પાઠવી છે. આ ઉપરાંત, મુંબઈ પોલીસ કમિશનરને ઈ-સિગારેટનું વેચાણ કરનારાઓની તપાસ શરૂ કરવા માટે પણ કહેવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ૧૭ સપ્ટેમ્બર-૨૦૧૯ના રોજ કેન્દ્રીય કેબિનેટે એક વટહુકમ બહાર પાડીને દેશભરમાં ઈ-સિગારેટ પર પ્રતિબંધ મૂક્યો હતો. આ પ્રતિબંધ હેઠળ ઈ-સિગારેટનું વેચાણ, ઉત્પાદન, સંગ્રહ, આયાત-નિકાસ અને પ્રચાર સંપ ૂર્ણપણે ગેરકાયદે છે. ઈ-સિગારેટ નિષેધ અધિનિયમ-૨૦૧૯ના ઉલ્લંઘન બદલ પાચં લાખ રૂપ્યાનો દંડ, ત્રણ વર્ષની જેલ અથવા બંને સજા થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, ૧૭ સપ્ટેમ્બર-૨૦૧૯ના રોજ કેન્દ્રીય કેબિનેટે એક વટહુકમ બહાર પાડીને દેશભરમાં ઈ-સિગારેટ પર પ્રતિબંધ મૂક્યો હતો. આ પ્રતિબંધ હેઠળ ઈ-સિગારેટનું વેચાણ, ઉત્પાદન, સંગ્રહ, આયાત-નિકાસ અને પ્રચાર સંપૂર્ણપણે ગેરકાયદે છે. ઈ-સિગારેટ નિષેધ અધિનિયમ-૨૦૧૯ના ઉલ્લંઘન બદલ પાચં લાખ રૂપ્યાનો દંડ, ત્રણ વર્ષની જેલ અથવા બંને સજા થઈ શકે છે.



# બાલિકા વધુ ફેમ અવિકા ગોર જલ્દી જ દુલ્હન બનશે, લગ્ન 30 સપ્ટેમ્બરના રોજ થશે

પ્રખ્યાત ટીવી અભિનેત્રી અવિકા ગોર ખૂબ જ ટૂંક સમયમાં દુલ્હન બનવા જઈ રહી છે. અવિકા આ મહિને તેના મંગેતર મિલિંદ ચંદવાની સાથે લગ્ન કરવા જઈ રહી છે. તેમના લગ્ન ૩૦ સપ્ટેમ્બરના રોજ થશે. સૌથી અગત્યનું, તેમના લગ્ન સમારોહ તેના રિયાલિટી શો, ''પતિ પ ત્ની પંગા'' માં પણ બતાવવામાં આવશે. અવિકાએ પોતે આ વાતની પુષ્ટિ કરી છે.અવિકાએ કહ્યું કે તે હજુ પણ સ્વપ્ન જેવું લાગે છે. તેણીએ કહ્યું, ''ક્યારેક મને સવારે ઉઠીને યાદ કરાવવું પડે છે કે આ વાસ્તવિક છે. હું ખૂબ જ ભાગ્યશાળી છું કે મને એક એવો જીવનસાથી મળ્યો જે મને સમજે છે, મને ટેકો આપે છે અને મને આગળ વધવા માટે પ્રેરણા આપે છે.અવિકાએ એમ પણ કહ્યું કે જાહેરમાં લગ્ન કરવાનો નિર્ણય વ્યક્તિગત હતો. તે કહે છે, ''હું ૨૦૦૮ થી લોકોની નજરમાં છું, અને તેમના તરફથી મને મળેલો પ્રેમ અને આશીર્વાદ અતિ કિંમતી છે. હું ઈચ્છતી હતી કે મારા પ્રેક્ષકો, જેઓ મારી સફરનો મહત્વપૂર્ણ ભાગ રહ્યા છે, તેઓ આ ખાસ ક્ષણના સાક્ષી બને. મેં હંમેશા આની કલ્પના અને ઈચ્છા રાખી છે, અને હવે તે સાકાર થઈ રહ્યું છે.અવિકા લગ્નમાં પરંપરાગત લાલ લહેંગા પહેરશે. પરિવારે મહેમાનોને પેસ્ટલ રંગો પહેરવાનું કહ્યું છે જેથી દુલ્હનનો લાલ રંગ અલગ દેખાય. ઉદ્યોગના તેના નજીકના મિત્રો - હર્ષ લિંબાચિયા, ભારતી સિંહ, જન્નત ઝુબૈર અને અલી ગોની - સમયપત્રકને કારણે હાજર રહી શકશે નહીં, પરંતુ તે બધાએ વિડિઓઝ અને સંદેશાઓ દ્વારા તેમની શુભેચ્છાઓ મોકલી છે. નાગાર્જુન, અનુપમ ખેર અને મહેશ ભટ્ટે પણ તેણીને અભિનંદન પાઠવ્યા છે.



# 'સ્પાઇડર-મેન'ના સેટ પર ટોમ હોલેન્ડ ઇજાગ્રસ્ત થયો, એક્શન સિક્વન્સ દરમિયાન માથામાં ઇજા પહોંચી

હોલિવૂડ એક્ટર અને 'સ્પાઈડર-મેન' ફેમ ટોમ હોલેન્ડને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સ્ટંટ દરમિયાન તેને માથામાં ઈજા થઈ હતી.'ધ સન'ના અહેવાલ મુજબ, ટોમ હોલેન્ડ ન્યૂ યોર્કમાં 'સ્પાઈડર-મેનઃ બ્રાન્ડ ન્યૂ ડે'નું શૂટિંગ કરી રહ્યો હતો. હાઈ-ઓક્ટેન એક્શન સિક્વન્સ દરમિયાન, એક સ્ટંટ ખોટો થયો, જેના પ રિણામે તે પડી ગયો અને માથામાં ઈજા થઈ હતી.ટોમ હોલેન્ડને સામાન્ય ઈજા થઈ હતી અને ડોક્ટરોએ તેને થોડા દિવસ આરામ કરવાની સલાહ આપી છે. આ કારણે તેણે શૂટિંગમાંથી વિરામ લીધો છે. જોકે, હવે તેની હાલતમાં સુધારો થયો છે.'સ્પાઈડર-મેન' ફ્રેન્ચાઈઝી ઉપ રાંત, ટોમ હોલેન્ડે 'અનચાર્ટેડ' (૨૦૨૨) અને 'ચેરી' (૨૦૨૧) જેવી ફિલ્મોમાં અભિનય કર્યો છે. જોકે, 'સ્પાઈડર-મેન' ૪ જુલાઈ ૨૦૨૬ના રોજ રિલીઝ થવાની ધારણા છે.શૂટિંગ શરૂ થાય તે પહેલાં, ટોમ હોલેન્ડે કહ્યું હતું કે, તે સ્કોટલેન્ડ જેવા સુંદર સ્થાન પર શૂટિંગ કરી શકવા બદલ રોમાંચિત છે. પાછલી ફિલ્મ, 'સ્પાઈડર-મેનઃ નો વે હોમ' સંપૂર્ણપણે સ્ટુડિયોમાં શૂટ કરવામાં આવી હતી. જોકે, હવે તેની હાલતમાં સુધારો થયો છે.'સ્પાઈડર-મેન' ફ્રેન્ચાઈઝી ઉપરાંત, ટોમ હોલેન્ડે 'અનચાર્ટેડ' (૨૦૨૨) અને 'ચેરી' (૨૦૨૧) જેવી ફિલ્મોમાં અભિનય કર્યો છે. જોકે, 'સ્પાઈડર-મેન' ૪ જુલાઈ ૨૦૨૬ના રોજ રિલીઝ થવાની ધારણા છે.શૂટિંગ શરૂ થાય તે પહેલાં, ટોમ હોલેન્ડે કહ્યું હતું કે, તે સ્કોટલેન્ડ જેવા સુંદર સ્થાન પર શૂટિંગ કરી શકવા બદલ રોમાંચિત છે. પાછલી ફિલ્મ, 'સ્પાઈડર-મેનઃ નો વે હોમ' સંપૂર્ણપણે સ્ટુડિયોમાં શૂટ કરવામાં આવી હતી.



# 'શક્તિ શાલિની'માં 'સૈયારા' સ્ટાર અનીત પડ્ડાને લીડ રોલ ઓફર થયો નથી



જ્યારથી ૨૦૧૮માં દિનેશ વિજાનના મેડોક ફિલ્મ્સની 'સ્ત્રી' સફળ થઈ ત્યારથી હોરર કોમેડી જોનર ચર્ચામાં રહ્યો છે. ત્યાર પછી તો મેડોકના હોરર કોમેડી યુનિવર્સમાં 'ભેડિયા', 'મુંજ્યા' અને 'સ્ત્રી ૨' આવી અને આ યુનિવર્સ વિસ્તરતું રહ્યું છે. તેના કારણે તેની આવનારી ફિલ્મ વિશે પણ ઘણી આતુરતા અને ચર્ચા રહે છે. ત્યારે તાજેતરમાં એવા અહેવાલો ફરતા થયા હતા કે 'સૈયારા' સ્ટાર અનીત પડ્ડા મેડોકની આવનારી હોરર કોમેડી ફિલ્મ 'શક્તિ શાલિની'માં લીડ રોલમાં જોવા મળશે. સૂત્રો આધારીત અહેવાલોમાં કહેવાયું હતું, ''દિનેશ વિજાન પોતાના યુનિવર્સમાં કેટલીક નવી તાકાત અને શક્તિશાળી પાત્રો ઉમેરવા માગતા હતા અને અનીત પડ્ડા છેલ્લા બે મહિનાથી તેમની સાથે ચર્ચામાં હતી.

બોલિવૂડ સ્ટાર હૃતિક રોશને કર્યું લોન્ચ

# 'કાંતારા ચેપ્ટર ૧' ફિલ્મનું ધમાકેદાર ટ્રેલર રિલીઝ

## ઋષભ શેટ્ટીનું દિગ્દર્શન અને અભિનય કરતી આ ફિલ્મનું નિર્માણ વિજય કિરાગંદુર દ્વારા હોમ્બલે ફિલ્મ્સ હેઠળ કરવામાં આવ્યું છે

ઋષભ શેટ્ટીની મોસ્ટ અવેટેડ ફિલ્મ, ''કાંતારા'' ની સિક્વલ હવે રિલીઝ થવાની તૈયારીમાં છે. ''કાંતારા'' નો પહેલો ભાગ શરૂઆતમાં કન્નડમાં રિલીઝ થયો હતો. જોકે, ફિલ્મમાં ઋષભ શેટ્ટીની એક્ટિગ અને સ્ટોરીને જોતા ફિલ્મને થોડા સમય પછી અન્ય ભાષાઓમાં રિલીઝ કરવામાં આવી. ફિલ્મે રેકોર્ડબ્રેક બોક્સ ઓફિસ કલેક્શન મેળવ્યું. હવે, તેની સિક્વલ આવી રહી છે, અને તેનું ટ્રેલર આજે રિલીઝ કરવામાં આવ્યું છે. 'કાંતારા ચેપ્ટર ૧' નું ટ્રેલર દરેક ભાષામાં તેના સંબંધિત સુપરસ્ટાર દ્વારા રિલીઝ કરવામાં આવ્યું હતું. તો હિન્દીમાં 'કાંતારા ચેપ્ટર ૧' નું ટ્રેલર બોલિવૂડ સુપરસ્ટાર ઋત્વિક રોશને લોન્ચ કર્યું હતું. 'કાંતારા ચેપ્ટર ૧' ના ટ્રેલરના લોન્ચિંગ માટે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રોડક્શન હાઉસ હોમ્બલે એ આજે ''કાંતારા ચેપ્ટર ૧'' નું ટ્રેલર રિલીઝ કર્યું. ઋત્વિક રોશને 'કંતારા ૨' નું હિન્દી ટ્રેલર લોન્ચ કર્યુ છે. ઋષભ શેટ્ટીએ ૨૦૨૨માં રિલીઝ થયેલી 'કંતારા'ની સિક્વલ 'કાંતારા ચેપ્ટર ૧' ને ભવ્ય રુપ આપવા કોઈ કસર છોડી નથી. આ ફિલ્મમાં એક વિશાળ યુદ્ધ જોવા મળે છે, જેમાં ૫૦૦ થી વધુ લડવૈયાઓ અને ૩,૦૦૦ અન્ય સ્પ ર્ધકોનો સમાવેશ થાય છે. તે એક એક્શન-થ્રિલર છે. 'કંતારા ચેપ્ટર ૧'નું ટ્રેલર રિલીઝ થતાંની સાથે જ તે સોશિયલ મીડિયા પર ચર્ચા થવા લાગી છે. જે નંબર વન પર ટ્રેન્ડ કરી રહ્યું છે.'કંતારા ૨' નું ટ્રેલર ખૂબ જ ધમાકેદાર છે. જે રુવાડાં ઉભા કરી દે છે. ફિલ્મમાં ટ્રેલરે દર્શકોની ઉત્સુકતા જગાવી છે. ઋષભ શેટ્ટી ફરી એકવાર તેમની એક્ટિંગને લઈને દર્શકોને મનમાં પોતાની છાપ છોડવા તૈયાર છે.






કૃતિ સેનન હાલમાં શાહિદ કપૂરની ફિલ્મ કોકટેલ ૨ માટે શૂટિંગ કરી રહી છે, જેમાં રશ્મિકા મંદન્ના પણ છે

# રામ ચરણની આગામી ફિલ્મમાં અભિનેત્રી કૃતિ સેનનની એન્ટ્રી

બોલિવૂડ અને સાઉથ હાલમાં ઘણી મોટી ફિલ્મો પર કામ કરી રહ્યા છે. કેટલીક રિલીઝ માટે તૈયાર છે, જ્યારે અન્ય પૂર્ણ થવામાં સમય લાગશે. અલ્લુ અર્જુન હાલમાં એટલી સાથે એક ફિલ્મ પર કામ કરી રહ્યા છે. દરમિયાન, પુષ્પ ાના નિર્માતા સુકુમારે રામ ચરણ પર દાવ લગાવ્યો છે, જેની પેડ્ડી તૈયાર છે. તેમની ''ગેમ ચેન્જર'' આ વર્ષની શરૂઆતમાં રિલીઝ થઈ હતી, પરંતુ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખરાબ રીતે ફલોપ રહી હતી. હવે, એક બોલિવૂડ અભિનેત્રી રામ ચરણની મોટી ફિલ્મમાં પ્રવેશી છે.રામ ચરણએ તેમની આગામી ફિલ્મ ''પેડ્ડી'' પર કામ પૂર્ણ કર્યુ છે. તે હવે સુકુમારની આગામી ફિલ્મની તૈયારીમાં વ્યસ્ત છે, જેના માટે રામ ચરણમાં ધરખમ પરિવર્તન આવશે. હવે, આ ફિલ્મમાં કોણ જોડાયું છે, જેણે શાહરૂખ ખાન સાથે ૩૦૦ કરોડથી વધુનો વ્યવસાય કર્યો છે? તેણીએ રાષ્ટ્રીય પુરસ્કાર પણ જીત્યો છે.તાજેતરમાં, એક ન્યૂઝ વેબસાઈટે અહેવાલ આપ્યો હતો કે રામ ચરણ અને સુકુમાર, જેમણે સાથે મળીને હિટ ફિલ્મ રંગસ્થલમ આપી હતી, તેઓ ફરીથી ભેગા થઈ રહ્યા છે. આ વખતે, તેઓ મોટા પડદા પર એક શક્તિશાળી અને અનોખી વાર્તા લાવશે. હવે, એક નવા અહેવાલમાં જણાવાયું છે કે તેઓ હાલમાં ફિલ્મ માટે મુખ્ય અભિનેત્રીને કાસ્ટ કરી રહ્યા છે, અને કૃ તિ સેનન સાથે વાતચીત કરી રહ્યા છે. આ એક ઉચ્ચ કક્ષાની મનોરંજક ફિલ્મ છે. નિર્માતાઓ ટૂંક સમયમાં અભિનેત્રીના નિર્ણયની જાહેરાત કરશે.જો તે સંમત થાય, તો તે રામ ચરણ સાથેનો તેમનો પ હેલો સહયોગ હશે. સુકુમાર તેમની ફિલ્મમાં નવી જોડી લાવવા માંગે છે.



શહેનાઝ ગિલ પણ શરમાઈ ગઈ

હીના ખાનને બ્રેસ્ટ કેન્સર થયાનું જાણી તેનાં ફેન્સ ભારે નિરાશ થયા હતા

# હીના ખાનનો પતિ સાથેનો રોમાન્ટિક વીડિયો વાયરલ

કેન્સર સર્વાવર હીના ખાને અભિનયમાં તો સારું નામ કર્યુ જ છે, પણ સાથે કેન્સર જેવી બીમારી સાથે હિંમતભેર ઝઝૂમી બહાદૂરી પણ બતાવી છે. હીના ખાન સોશિયલ મીડિયા પર સતત અપડેટેડ રહે છે. તાજેતરમાં જ તે પતિ અને અભિનેત્રી શહનાઝ ગિલ સાથે ફિલ્મ જોવા ગઈ હતી. તેનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે.હીના અને શહેનાઝ વચ્ચે દોસ્તી હોવાનું કહેવાય છે. એક ફેશન ઈવેન્ટમાં બન્ને મળ્યા ત્યારે હસીખુશી વાત કરી રહ્યા હતા અને જાણે જિગરજાન દોસ્તી હોય તેમ જણાઈ રહ્યું હતું. પણ પછીથી એક વીડિયો વાયરલ થયો તેમાં બન્ને સાથે હીના ખાનનો પતિ રૉકી જયસ્વાલ પણ છે. વીડિયોમાં કપલ રોમાન્ટિક થઈ રહેલું પણ દેખાય છે. વીડિયોમાં રોકીની બાજુમાં હીના અને હીનાની બાજુમાં શહનાઝ ગિલ બેસી છે. હીના એકદમ મૂડમાં છે અને પાસે બેસેલા રોકી સાથે વાતચીત કરી રહી છે ને વાતચીત કરતા તે રોમાન્ટિક થઈ જાય છે અને પતિને કિસ કરે છે, પેમ્પર કરે છે. આ જોતા જ પાસે બેસેલી શહેનાઝ મોઢું ફેરવી લે છે. બન્ને રોમાન્ટિક થતાં જોઈ શહેનાઝ શરમાઈ ગઈ અને તેણે નજર ફેરવી ક્યાંક બીજે જ કેન્દ્રીત કરી હતી. આ વીડિયો વાયરલ થતા યુઝર્સ રિએક્શન્સ પણ આપી રહ્યા છે. એકે કહ્યું ચે કે શહેનાઝેન આ જોઈને ખરાબ લાગશે, કાશ સિડ (સિદ્ધાર્થ) પણ તેની સાથે હોત તો એકને લાગે છે કે હીનાની આ બેશરમી છે. એકે તેને સપોર્ટ કરતા કહ્યું છે કે તેમના લગ્ન થઈ ગયા છે હવે તેમને તેમના હાલ પર છોડી દો.યે રિશ્તા ક્યા કહેલાતા હૈની અક્ષરા તરીકે ફેમસ થયેલી હીના ખાનને બ્રેસ્ટ કેન્સર થયાનું જાણી તેનાં ફેન્સ ભારે નિરાશ થયા હતા. જોકે અભિનેત્રીએ ઘણી હિંમત બતાવી બીમારીને મ્હાત આપી છે. તેની આ બીમારી દરમિયાન રોકી તેની સાથે પ ડછાયાની જેમ ઊભો રહ્યો અને થોડા મહિનાઓ પહેલા બન્ને સાદાઈથી લગ્નગ્રંથીથી જોડાયા છે. વીડિયોમાં રોકીની બાજુમાં હીના અને હીનાની બાજુમાં શહનાઝ ગિલ બેસી છે. હીના એકદમ મૂડમાં છે અને પાસે બેસેલા રોકી સાથે વાતચીત કરી રહી છે ને વાતચીત કરતા તે રોમાન્ટિક થઈ જાય છે અને પતિને કિસ કરે છે, પેમ્પર કરે છે. આ જોતા જ પાસે બેસેલી શહેનાઝ મોઢું ફેરવી લે છે. બન્ને રોમાન્ટિક થતાં જોઈ શહેનાઝ શરમાઈ ગઈ અને તેણે નજર ફેરવી ક્યાંક બીજે જ કેન્દ્રીત કરી હતી.આ વીડિયો વાયરલ થતા યુઝર્સ રિએક્શન્સ પણ આપી રહ્યા છે. એકે કહ્યું ચે કે શહેનાઝેન આ જોઈને ખરાબ લાગશે, કાશ સિડ (સિદ્ધાર્થ) પણ તેની સાથે હોત તો એકને લાગે છે કે હીનાની આ બેશરમી છે. એકે તેને સપોર્ટ કરતા કહ્યું છે કે તેમના લગ્ન થઈ ગયા છે હવે તેમને તેમના હાલ પર છોડી દો.યે રિશ્તા ક્યા કહેલાતા હૈની અક્ષરા તરીકે ફેમસ થયેલી હીના ખાનને બ્રેસ્ટ કેન્સર થયાનું જાણી તેનાં ફેન્સ ભારે નિરાશ થયા હતા. જોકે અભિનેત્રીએ ઘણી હિંમત બતાવી બીમારીને મ્હાત આપી છે. તેની આ બીમારી દરમિયાન રોકી તેની સાથે પડછાયાની જેમ ઊભો રહ્યો અને થોડા મહિનાઓ પહેલા બન્ને સાદાઈથી લગ્નગ્રંથીથી જોડાયા છે.



બાળપણની આ સફળતાએ સનાને રાતોરાત સ્ટાર બનાવી દીધી

# 'કુછ કુછ હોતા હૈ' ફેમ અંજલી બની ગઈ હસીના

## શાહરૂખ ખાન, રાની મુખર્જી અને કાજોલની ફિલ્મ 'કુછ કુછ હોતા હૈ' તે સમયે સુપર-ડુપર હિટ રહી હતી

શાહરૂખ ખાન, રાની મુખર્જી અને કાજોલની ફિલ્મ 'કુછ કુછ હોતા હૈ' તે સમયે સુપર-ડુપર હિટ રહી હતી. આ ઉપરાંત, રાનીની પુત્રીનો રોલ કરનારી 'નાની અંજલી' પણ દર્શકો દ્વારા ખૂબ પસંદ કરવામાં આવી હતી.૧૯૯૮માં, જ્યારે કરણ જોહરની ફિલ્મ 'કુછ કુછ હોતા હૈ' સિનેમાઘરોમાં આવી, ત્યારે તેણે શાહરૂખ ખાન અને કાજોલની જોડીને નવી ઊંચાઈ આપી, પરંતુ દરેક ઘરમાં એક નાની છોકરીને પ્રખ્યાત પણ બનાવી. આ બાળકી સના સઈદ હતી, જેણે 'નાની અંજલી' ની ભૂમિકા ભજવીને તેના નિર્દોષ સ્મિત અને મધુર સંવાદથી દર્શકોના દિલ જીતી લીધા. સમય જતાં, સનાએ પોતાને એક ગ્લેમરસ અને આત્મવિશ્વાસુ અભિનેત્રી તરીકે સ્થાપિત કરી. આ સફર સરળ નહોતી, પરંતુ સનાની વાર્તા પ્રેરણાદાયક છે. તે એક કલાકારની વાર્તા છે જે તેના ભૂતકાળને સ્વીકારે છે અને તેના ભવિષ્યને ઘડે છે.બાળપણની આ સફળતાએ સનાને રાતોરાત સ્ટાર બનાવી દીધી, પરંતુ આ સ્ટારડમ બેધારી તલવાર સાબિત થયું. સનાની માસૂમ છબી એટલી ઊંડી રીતે મૂળમાં ઉતરી ગઈ હતી કે લોકો તેને તે રીતે જોવા માંગતા હતા. જેમ જેમ તે મોટી થતી ગઈ, તેમ તેમ આ છબી તેના માટે સૌથી મોટો પડકાર બની ગઈ. સનાએ ''હર દિલ જો પ્યાર કરેગા'' અને ''બદલ'' જેવી ફિલ્મોમાં બાળ કલાકાર તરીકે પણ કામ કર્યુ.પરંતુ તેનું વાસ્તવિક પુનરાગમન ૨૦૧૨ માં થયું, જ્યારે તેણે કરણ જોહરની ''સ્ટુડન્ટ ઓફ ધ યર'' માં ગ્લેમરસ અને બોલ્ડ પાત્ર ભજવ્યું. આ ફિલ્મમાં, સનાએ તેની નવી છબીથી દર્શકોને આશ્ચર્યચકિત કર્યા. તેની શૈલી, આત્મવિશ્વાસ અને સ્ક્રીન હાજરીએ બધાનું ધ્યાન ખેંચ્યું. આ છતાં, ''લિટલ અંજલિ'' ની છબી દર્શકોના મનમાં રહી. સનાએ અનેક ઈન્ટરવ્યુમાં ખુલ્લેઆમ ખુલાસો કર્યો છે કે ''અંજલિ'' ની ઓળખ શરૂઆતમાં તેના માટે બોજ બની ગઈ. લોકો તેને સેટ પર, શેરીઓમાં અને દરેક જગ્યાએ ''અંજલિ'' કહેતા.તે કહે છે, ''એક સમય હતો જ્યારે મને આ સાંભળીને શરમ આવતી હતી. મને લાગ્યું કે લોકોને મારા નવા કામમાં પણ રસ નથી.'' આ એવો સમય હતો જ્યારે સના સઈદને તેની જૂની છબીથી મુક્ત થવા માટે સખત સંઘર્ષ કરવો પડ્યો હતો. ૨૨ સપ્ટેમ્બર, ૧૯૮૮ ના રોજ જન્મેલી સના સઈદે પોતાને ફિલ્મો સુધી મર્યાદિત રાખ્યા નહીં. તેણીએ ટેલિવિઝનની દુનિયામાં પણ પ્રવેશ કર્યો, ''બાબુલ કા આંગન છૂટે ના'' અને ''લો હો ગઈ પૂજા ઈસ ઘર કી'' જેવી ધારાવાહિકોમાં અભિનય કર્યો. વધુમાં, રિયાલિટી શોએ તેણીને તેની વૈવિધ્યતા દર્શાવવાની તક આપી.''ઝલક દિખલા જા,'' ''નચ બલિયે ૭,'' અને ''ખતરોં કે ખિલાડી ૭'' માં, સનાએ માત્ર તેણીની નૃત્ય અને સ્ટંટ કુશળતા દર્શાવી નહીં, પરંતુ તેણીના મજબૂત અને બોલ્ડ વ્યક્તિત્વથી દર્શકોને પણ પ્રભાવિત કર્યા. આ શોએ સનાને તેની માસૂમ બાલિશ છબીથી મુક્ત થવામાં મદદ કરી અને તેણીને એક આત્મવિશ્વાસુ કલાકાર તરીકે સ્થાપિત કરી.સમય જતાં, સનાનો દૃષ્ટિકોણ બદલાયો. તેણીને સમજાયું કે ''છોટી અંજલી'' નું પાત્ર શ્રાપ નહીં, પણ આશીર્વાદ હતું. તેણી કહે છે, ''લોકોનો પ્રેમ અને તેમની યાદો મારી સૌથી મોટી શક્તિ છે. 'અંજલી' એ મને એવી ઓળખ આપી જે હું આજે તેના વિના પહોંચી ન શકી હોત



# અમદાવાદ રેલવે સ્ટેશનના પુનઃવિકાસમાં મોટી ઉપલબ્ધિ: પ્લેટફોર્મ ૮/૯ પર સબસ્ટ્રક્ચરનું કામ રેકોર્ડ ૭૦ દિવસમાં પૂર્ણ થયું

**સબસ્ટ્રક્ચર કાર્યમાં એટલી સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેનાથી આઠ ઓલિમ્પિક આકારના સ્વિમિંગ પૂલ કોમ્પ્લેક્સ બની શકે છે.**



। (રેલવે) અમદાવાદ, તા.૨૩ ।

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ રેલ્વે સ્ટેશનના પુનર્વિકાસમાં રેલ લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (RLDA) એ એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ છે. આ પ્રોજેક્ટ અમદાવાદ શહેરને એક અત્યાધુનિક, વિશ્વ કક્ષાનું સ્ટેશન પૂરું પાડવાના ઉદ્દેશ્યથી શરુ કરવામાં આવી છે જેમાં મુસાફરોને એરપોર્ટ જેવી સુવિધાઓ મળશે અને તેમના સ્ટેશન પરનો અનુભવ સંપૂર્ણ રીતે બદલાઈ જશે. આ પ્રોજેક્ટ હેઠળ, ૫ જુલાઈ, ૨૦૨૫ થી પ્લેટફોર્મ ૮ અને ૯ પર ૭૦ દિવસનો મેગા બ્લોક હાથ ધરવામાં આવ્યો હતો, જેથી એક વિશાળ કોંક્રિટ કોક્રોર્સનું નિર્માણ થઈ શકે જેની લંબાઈ ૫૦૩ મીટર અને પહોળાઈ ૧૪૦ મીટર છે. આ કોક્રોર્સ પ્લેટફોર્મ નંબર ૧ થી ૯ સુધી ફેલાયેલો છે અને તેનો ઉદેશ્ય મુસાફરોને દરેક પ્લેટફોર્મ પર સરળ રીતે અવરજવરની સુવિધા આપવાનો છે. આ બ્લોક દરમિયાન, પ્લેટફોર્મ ૮ અને ૯ પર સબસ્ટ્રક્ચરનું નિર્માણ કાર્ય રેકોર્ડ ૭૦ દિવસમાં પૂરું કરવામાં આવ્યું, જે ભારતીય રેલવેના ઈતિહાસમાં પહેલી વાર આટલા મોટા પાયે આટલી કાર્યક્ષમતા અને સમયસરતા સાથે કરવામાં આવ્યું છે. આ દરમ્યાન કુલ ૧૪૬ પાઈલ, ૩૮ પાઈલ કેપ અને ૭૬ પેડેસ્ટલ્સ તૈયાર કરવામાં આવ્યા હતા. ૪,૮૦૦ ઘન મીટર કોંક્રિટ અને ૫૧૦ મેટ્રિક ટન સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.આ ઉપરાંત, ચાર એલિવેટર પિટ અને ચાર એસ્કેલેટર પીટ પણ બનાવવામાં આવ્યા હતા. આ નિર્માણની ગુણવત્તા અને સ્કેલનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે આટલી સામગ્રીથી આઠ ઓલિમ્પિક આકારના સ્વિમિંગ પૂલ કોમ્પ્લેક્ષ બની શકે છે. આ કાર્યમાં એક ખાસ પાઈલ કેપ (૪૦ મીટર ટ ૮ મીટર આકારના) પણ શામેલ છે. તેમાં ૨૦ પાઈલ, ૧૦ પેડેસ્ટલ અને ૨ લિફ્ટ પિટ પણ સામેલ છે. આ સંરચના આવનારા સમયમાં બનનારા કોક્રોર્સની મજબૂતાઈ અને ટકાઉપણું માટે પાયો પૂરો પાડશે. સબ સ્ટ્રક્ચર નિર્માણ કાર્ય પછી પ્લેટફોર્મ ૮ ને ટ્રેનોના સંચાલન માટે પુનઃ ખુલ્લું મૂકવામાં આવ્યું છે, જેના કારણે નવજીવન એક્સપ્રેસ, એસી ડબલ ડેકર એક્સપ્રેસ, ગુજરાત ક્વીન એક્સપ્રેસ અને ગુજરાત સુપરફાસ્ટ એક્સપ્રેસ જેવી મુખ્ય ટ્રેનોને અન્ય સ્ટેશનોથી અમદાવાદ સ્ટેશન પર પાછી સ્થળાન્તરિત કરવામાં આવી છે. આનાથી મુસાફરોને વટવા, મણિનગર અથવા અસારવા જેવા વૈકલ્પિક સ્ટેશનો પર જવાની જરૂર રહેશે નહિ . પ્લેટફોર્મ ૮ પર અસ્થાયી રૂપે મુસાફરોની સુવિધા માટે કવર્ડ શેડ,પીવાના પાણીની સુવિધા, સાઈન બોર્ડ વગેરે જેવી મૂળભૂત સુવિધાઓ કામચલાઉ ધોરણે વિકસાવવામાં આવી છે. મુસાફરોની સુવિધા અને સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા,બાંધકામ દરમિયાન સ્ટેશનની દક્ષિણ બાજુએ ૬ મીટર પહોળો એક નવો ફૂટઓવર બ્રિજ પણ બનાવવામાં આવ્યો છે, જે પ્લેટફોર્મ વચ્ચે સરળ ગતિવિધિ સુનિશ્ચિત કરવા માટે હાલની લિફ્ટ સાથે જોડાયેલ છે. પશ્ચિમ રેલવે અને આરએલડીએ આ ઐતિહાસિક પ્રોજેક્ટને સમયસર, સુરક્ષિત રીતે અને ઉચ્ચ ગુણવત્તા સાથે પૂર્ણ કરવા માટે સંપૂર્ણ પણે પ્રતિબદ્ધ છે. આ પુનર્વિકાસ માત્ર અમદાવાદ શહેર માટે જ નહીં, પરંતુ દેશભરના રેલ્વે મુસાફરો માટે એક નવું ઉદાહરણ પૂરું પાડશે.

# નડિયાદ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે ૬૯ મી અખિલ ભારતીય શાળાકીય રમતોની સ્પર્ધાનુ આયોજન

। (માહિતી) નડિયાદ, તા.૨૩ ।

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, જિલ્લા રમત ગમત અધિકારી અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ખેડા નડિયાદના સંયુક્ત ઉપક્રમે નડિયાદ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે ૬૯ મી અખિલ ભારતીય શાળાકીય રમતોની સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યું છે. ૨૭ સપ્ટેમ્બર સુધી ચાલનાર આ સ્પર્ધામાં વિવિધ જિલ્લાઓ અને મહાનગરપાલિકાઓ માંથી ૧૪૦૦ જેટલી મોટી સંખ્યામાં વિવિધ રમતવીરો જોડાયા છે. કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવે આ સ્પર્ધામાં ઉપસ્થિત રહી વિજેતા ખેલાડીઓને મેડલ પહેરાવી અભિવાદન કર્યુ હતું. અને આ રીતે તમામ સ્પર્ધકોને રમતના જુસ્સા માટે પ્રોત્સાહન પૂરું પડ્યું હતું. સ્પર્ધામાં ભાગીદાર સૌ રમતવીરોને આવકારતા શ્રી અમિત પ્રકાશ યાદવે જણાવ્યું હતું કે ૭૦ વર્ષો થી ચાલતી સ્કૂલ ફેડરેશન સ્પોર્ટ્સ ઈવેન્ટ એક મહત્વપૂર્ણ રમત સ્પર્ધા છે. જેમાં, એક રમતવીરને તમામ સ્તરે પોતાની રમત શક્તિનું પ્રદર્શન કરવાની તક મળે છે. હાલમાં નવરાત્રી અને સાથે જ આ રમત સ્પર્ધાઓના આયોજન થી જિલ્લામાં ડબલ ઉત્સવનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. કલેક્ટરશ્રીએ તમામ રમતવીરોને ખેલદિલી સાથે રમત રમવાની અપીલ કરી હતી. વધુમાં તેમણે નડિયાદ સ્પોર્ટ્સ એકેડમીની કામગીરીને પણ બિરદાવી હતી. અંડર ૧૭ વય જૂથ હેઠળ આયોજિત સ્પર્ધાઓમાં ડિસ્કસ થ્રો સ્પર્ધામાં કાવ્યા શિલ્હુ, માન્યાં પટેલ અને રેશમ કોટડીયાને અનુક્રમે ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ; હાઈ જમ્પ સ્પર્ધામાં અમન વણઝારા, ધ્રુવ ચૌધરી અને યશ સતીયાને અનુક્રમે ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ; ૩૦૦૦ મીટર દોડ (બહેનો) સ્પર્ધામાં નિધિ ખેરાલા, રવિના સેવરા, અને કિંજલ મેરને અનુક્રમે ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ અને ૩૦૦૦ મીટર દોડ (ભાઈઓ) મા અશ્વિન બારીયા, વનરાજ સરવૈયા અને નૈતિક ગોહિલને ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત સૌએ પોષણ અભિયાન અંતર્ગત શુદ્ધ પાણી, પૌષ્ટિક આહાર અને સાચી જીવન પદ્ધતિઅપનાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ અવસરે રમત ગમત અધિકારી શ્રી લક્ષ્મણસિંહ ચૌહાણ, રમત વિકાસ અધિકારી શ્રી મનસુખભાઈ તાવેથિયા, રમત સ્પર્ધાના ડાયરેક્ટર શ્રી સાજીદ મનસુરી, હેડ કોચ શ્રી બબીતાબેન સહિત અન્ય તાલીમાર્થીઓ, પ્રશિક્ષાર્થીઓ અને રમતવીરો ઉપસ્થિત રહ્યા હતા.

# પોસ્ટ ઓફિસ બચત યોજનાઓ સુરક્ષિત રોકાણ સાથે આર્થિક સશક્તિકરણનું માધ્યમ છે - પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

**ડાક સેવા–જન સેવા મિશન અંતર્ગત પાટણમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે ભવ્ય ડાક મેળાનું આયોજન, પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે કર્યું શુભારંભ**



। (પોસ્ટ વિભાગ) અમદાવાદ, તા.૨૩ ।

ભારતીય પોસ્ટ વિભાગ પાયાના સ્તરે નાણાકીય સમાવેશ અને ડિજિટલ ઈન્ડિયાને અસરકારક રીતે અમલમાં મૂકવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. "ડાક સેવા – જન સેવા" ના સૂત્રને અનુસરીને, દેશના દૂરના અને ગ્રામીણ વિસ્તારોમાં તેની મજબૂત પહોંચ અને વિશ્વસનીય સેવાઓએ તેને લોકોમાં એક પ્રભાવશાળી સંસ્થા તરીકે સ્થાપિત કરી છે. આ લાગણીઓ ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે ૨૩ સપ્ટેમ્બરના રોજ પાટણમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં યોજાયેલા "પોસ્ટલ બિઝનેસ ડેવલપમેન્ટ અને નાણાકીય સમાવેશ" મહા મેળાના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે વ્યક્ત કરી. મહા મેળામાં પોસ્ટલ સેવાઓ વિશે માહિતી પૂરી પડવામાં આવી, ત્યારે શ્રી કૃષ્ણ કુમાર યાદવે સુકન્યા સમૃદ્ધિ યોજના, પોસ્ટલ લાઈફ ઈન્સ્યુરન્સ અને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક સહિત વિવિધ બચત યોજનાઓના લાભાર્થીઓને પાસબુક અને પોલિસી બોન્ડનું વિતરણ કર્યું. તેમણે પોસ્ટલ કર્મચારીઓને તેમના ઉત્કૃષ્ટ કાર્ય માટે સન્માનિત અને પ્રોત્સાહિત પણ કર્યા. પાટણ મંડળના અધિક્ષક શ્રી એચ.સી. પરમારએ સૌનું સ્વાગત કર્યું.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, "ડાક વિભાગ હવે ફક્ત પત્ર પહોંચાડવા પૂરતો મર્યાદિત નથી રહ્યો; તે નાણાકીય સમાવેશ, ડિજિટલ ઈન્ડિયા અને સામાજિક-આર્થિક વિકાસ માટે એક ગતિશીલ પ્લેટફોર્મ બની ગયું છે. "ડાકિયા ડાક લાયા" થી "ડાકિયા બેંક લાયા" સુધી, પોસ્ટ ઓફિસો લોકોને સરકારી યોજનાઓ, બેંકિંગ, વીમા અને વૈશ્વિક બજારો સાથે જોડીને સશક્ત બનાવી રહી છે. તેમણે પોસ્ટ ઓફિસોમાં તાજેતરમાં રજૂ કરાયેલ "એડવાન્સ્ડ પોસ્ટલ ટેકનોલોજી (APT) 2.0" નો ઉલ્લેખ કર્યો, જે સેવાઓને વધુ સ્માર્ટ અને સુલભ બનાવી રહી છે. આ મહા મેળામાં ડાક ચોપાલનું પણ આયોજન કરવામાં આવ્યું, જેમાં આધાર નોંધણી અને પાસપોર્ટ સેવાઓ, તેમજ આઈપીપીબી, ડીબીટી, સામાન્ય વીમા અને ડિજિટલ જીવન પ્રમાણપત્રો દ્વારા ડિજિટલ બેંકિંગ જેવી સરકારી કલ્યાણકારી યોજનાઓ વિશે જાગૃતિ લાવવામાં આવી. ખાસ કરીને દૂરના અને બેંકિંગ સુવિધા વિનાના વિસ્તારો પર ધ્યાન આપવામાં આવ્યું. સ્થાનિક કારીગરો અને એમએસએમઈ માટે ઈ-કોમર્સ અને આંતરરાષ્ટ્રીય નિકાસ માટે ડાકઘર નિર્યાત કેન્દ્ર વિશે માહિતી આપવામાં આવી. યુવાનોને ફિલેટલી પ્રત્યે પ્રોત્સાહિત કરતાં તેમને ફિલેટેલિક ડિપોઝિટ એકાઉન્ટ અને માય સ્ટેમ્પ સાથે જોડવામાં આવ્યા.

સુકન્યા સમૃદ્ધિ યોજના પાસબુક અને બાળકીઓને ભેટ અર્પણ કરતી વખતે પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે દીકરીઓનું શિક્ષણ અને નાણાકીય સુરક્ષા એ મજબૂત સમાજનો પાયો છે. શ્રી યાદવે ઉપસ્થિત તમામ લોકોને સુકન્યા સમૃદ્ધિ યોજના હેઠળ તેમની દીકરીઓ માટે ખાતા ખોલવા અને નવરાત્રિ જેવા શુભ પ્રસંગોએ તેમને નાણાકીય ભેટ આપવા અપીલ કરી. આ નવીન પહેલ હેઠળ, સમગ્ર ઉત્તર ગુજરાતમાં ૪.૭૭ લાખ સુકન્યા સમૃદ્ધિ ખાતા કાર્યરત છે, જ્યારે ૮૫૦ ગામોને "સંપૂર્ણ સુકન્યા સમૃદ્ધિ ગ્રામ" તરીકે જાહેર કરવામાં આવ્યા છે. પાટણ જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૪,૦૦૦ થી વધુ સુકન્યા સમૃદ્ધિ ખાતા ખોલવામાં આવ્યા છે. વધુમાં, ૧૦૮ ગામોને "સંપૂર્ણ સુકન્યા સમૃદ્ધિ ગ્રામ" જાહેર કરવામાં આવ્યા છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે પોસ્ટ ઓફિસ બચત યોજનાઓ માત્ર સલામત અને વિશ્વસનીય રોકાણનો માર્ગ જ નહીં પરંતુ સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરવા ઉપરાંત આર્થિક આત્મનિર્ભરતાને પણ મજબૂત રીતે પ્રોત્સાહન આપે છે.

પાટણ મંડળના અધિક્ષક શ્રી એચ.સી. પરમારે જણાવ્યું કે સમાજના દરેક વ્યક્તિને પોસ્ટલ સેવાઓ સાથે જોડવામાં આવી રહ્યું છે. નાણાકીય સમાવેશ હેઠળ, પાટણ મંડળમાં કુલ ૨.૯૪ લાખ બચત ખાતા અને ૮૫,૦૦૦ આઈપીપીબી ખાતા કાર્યરત છે. પાટણના ૧૦૫ ગામોને "સંપૂર્ણ વીમા ગ્રામ" તરીકે જાહેર કરવામાં આવ્યા છે અને તાજેતરમાં શરૂ કરાયેલી પહેલ હેઠળ, ૧૪ ગામોને "સંપૂર્ણ બચત ગ્રામ" તરીકે જાહેર કરવામાં આવ્યા છે. આ નાણાકીય વર્ષમાં, પાટણ મુખ્ય પોસ્ટ ઓફિસ ખાતે પાસપોર્ટ સેવા કેન્દ્ર દ્વારા ૩,૦૦૦ થી વધુ લોકોએ પાસપોર્ટ મેળવ્યા છે. પાટણ મંડળની તમામ બ્રાંચ પોસ્ટ ઓફિસોએ "સિલ્વર વોરિયર" માટેના તમામ નિર્ધારિત ધોરણોને સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. ૦૨ બ્રાંચ પોસ્ટ ઓફિસોએ "ડાયમંડ વોરિયર" માં સ્થાન પ્રાપ્ત કર્યું છે, જ્યારે ૧૬ ને "ગોલ્ડન વોરિયર" માં સ્થાન મળ્યું છે.

**પોસ્ટલ કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું**

આ પ્રસંગે પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે યોગેશભાઈ આર. દવે, રેવાભાઈ એચ. ચૌહાણ, મલાજી ડી. ઠાકોર, સચિનભાઈ પી. જોશી, ગણપતભાઈ જી. જોશી, શૈલેશભાઈ જી. જોશી, યશ પી. મોદી, દીપ એમ. બારોટ, બલદેવ બી. પ્રજાપતિ, શ્યામભાઈ ડી. નાડોડા, મંજીજી એચ. ઠાકોર, વાલજીભાઈ એચ. રબારી, કૃષી એચ. નાઈ, ભાર્ગવ એસ. મોદી, હેપ્પી એમ. સોલંકી, રમીલાબેન બી. દેસાઈ, રોનક આર. રાઠોડ, એચ.ડી. ઠક્કર, નરેશ જે. સોલંકી, મુકેશ ડી. સોલંકી, મિત્તલ ડી. જોશીને વિવિધ સેવાઓમાં ઉત્તમ કાર્ય બદલ સન્માનિત કર્યા. સાથે જ પાટણ મંડળના ઉપ-મંડળીય પ્રમુખ શ્રી નેહલ પટેલ, શ્રી એસ. આઈ. ઘાંચી અને શ્રી જીતેન્દ્ર અડાલિયાને પણ સન્માનિત કરવામાં આવ્યા.

# બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન વર્ષ ૨૦૨૫-૨૬



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની



। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૨૩ ।

શ્રી કે.વી.એસ. હાઈસ્કુલ કડાણા ખાતે શાળા વિકાસ સંકુલ ૬ (સર્જન) કક્ષાનું પ્રદર્શન યોજવામાં આવેલ હતું કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય તેમજ સ્વાગત ગીત દ્વારા કરવામાં આવેલ હતી જેમાં વિભાગ:- ૧ ટકાઉ ખેતી. જેમાં પ્રથમ નંબર કે. વી.એસ. હાઈસ્કુલ કડાણા. દ્વિતીય નંબર એચ. એચ. શેઠ હાઈસ્કુલ માલવણ વિભાગ:- ૨ કચરાનું વ્યવસ્થાપન. જેમાં પ્રથમ નંબર સરકારી માધ્યમિક શાળા ઝાલાસાગ દ્વિતીય નંબર કે.વી.એસ. હાઈસ્કુલ કડાણા વિભાગ:- ૩ હરિત ઉર્જા જેમાં પ્રથમ નંબર આઈ હરસિધ્ધિ વિદ્યાલય નાની ખરસોલી. દ્વિતીય નંબર યુ.એચ. ભટ્ટ.મેમોરિયલ હાઈસ્કુલ મુનપુર વિભાગ:-૪. વિકસતી નવીન ટેકનોલોજી જેમાં પ્રથમ નંબર એચ.એચ. શેઠ હાઈસ્કૂલ માલવણ દ્વિતીય નંબર નવજીવન વિદ્યાલય દધાલીયા વિભાગ:-૫. માં પ્રથમ નંબર લીંભોલા સાર્વજનિક માધ્યમિક શાળા. દ્વિતીય નંબર નવ ચેતન ઉત્તર બુનિયાદી શાળા સરસવા ઉત્તર મેળવી વિદ્યાર્થીઓએ શાળાનું તેમજ સમાજનું ગૌરવ વધારેલ છે.

# સ્વસ્થ નારી - સશક્ત પરિવાર અભિયાન અંતર્ગત ઝાલોદ સબ જેલ ખાતે આરોગ્ય કેમ્પ યોજાયો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ ।

ઝાલોદ તાલુકાની સબજેલ ખાતે , આજે તા ૨૩/૯/૨૦૨૫ "સ્વસ્થ નારી - સશક્ત પરિવાર" અભિયાન અંતર્ગત આરોગ્ય કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ અયોજન માનનીય મુખ્ય જિલ્લા આરોગ્ય આધિકારી ડૉ ઉદય ટીલાવટ, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ તુષાર ભાભોર ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો તેમજ જેલના સ્ટાફ માટે આરોગ્ય પ્રત્યે જાગૃતિ અને આરોગ્ય સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થાય એ હેતુથી આ કેમ્પમાં આયોજન કરવામાં આવ્યું જેમાં કુલ ૨૬ લાભાર્થીઓએ વિવિધ આરોગ્ય સેવાઓનો લાભ લીધો.આ કેમ્પમાં ઝાલોદ સબ જેલના ઈન્ચાર્જ જેલર સંજયભાઈ પટેલ આરોગ્ય ટીમ ના ડો અર્પિત નીનામા ,cho જયેશભાઈ જોશી, વિમલભાઈ મુનિયા ,STI કાઉન્સેલર અનિલ ભુરિયા,STS ઝાલોદ સતીશભાઈ ગરાસીયા, SDH ઝાલોદ લેબટેક પ્રકાશભાઈ ડામોર , દ્વારા આરોગ્યની તપાસ કરવામાં આવી. આ કેમ્પ અંતર્ગત આપવામાં આવેલી મુખ્ય આરોગ્ય સેવાઓમાં સામેલ રહેલું: બન્દિવાનભાઈઓ તેમજ જેલ સ્ટાફના ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરની તપાસ TB અને હોવ તેમજ જાતીય રોગ લેપ્રસી રોગ અંગે માહિતી અને સલાહ સર્પદંશ અને ડોગ બાઈટના કેસમાં પ્રથમ સારવાર માટે SDH, PHC પર ઉપલબ્ધ ઈન્જેક્શન અંગે જાગૃતિ.





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



# પંજાબ માટે મેજર રેલ ડેવલપમેન્ટ : નવી રેલ લાઇન અને વંદે ભારત એક્સપ્રેસ

। (રેલવે) અમદાવાદ, તા.૨૩ ।

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વ હેઠળ પંજાબ માટે એક વધુ મોટું રેલવે માઈલસ્ટોન હાંસલ થયું છે. લાંબા સમયથી અપેક્ષિત પંજાબની રાજપુરા-મોહાલી નવી રેલ લાઈનને મંજૂરી આપવામાં આવી છે. કેન્દ્રિય રેલવે પ્રધાન શ્રી અશ્વિની વૈષ્ણવ અને રાજ્ય મંત્રી શ્રી રવિનીત સિંહ બિટ્ટૂએ આજે આ જાહેરાત કરી હતી. આ નિર્ણય પંજાબના લોકોએ છેલ્લા ૫૦ વર્ષથી કરી રહેલી માંગને પૂર્ણ કરે છે. ૧૮ કિમી લાંબી આ રેલ લાઈન માટે રૂ. ૪૪૩ કરોડનો ખર્ચ થશે અને તે માલવા વિસ્તારમાંથી સીધો રાજ્યની રાજધાની ચંદીગઢ સાથે સંપર્ક સ્થાપિત કરશે. નવી લાઈનના મુખ્ય લાભોઃ સીધી કનેક્ટિવિટીઃ અગાઉ, લુધિયાણાથી આવતી ટ્રેનોને ચંદીગઢ પહોંચવા માટે અંબાલા મારફતે જવું પડતું હતું,

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે સવારથી તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે તથા તમારે તેનો ઉપયોગ બાકી રહી ગયેલા કાર્યો પૂર્ણ કરવા માટે કરવો જોઈએ. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. પારિવારિક જવાબદારીઓ વધશે, તમારા મગજ પર તાણ વધશે. એકતરફી આકર્ષણ આજે તમારી માટે માથાનો દુખાવો જ લાવશે. સાવચેતી રાખો-કામના સ્થળે લોકો સાથે કામ લેતી વખતે હોંશિયારી અને ધીરજ રાખજો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દૃષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો. જો કે તમારો સાથી સમજણ બતાવીને તમને શાંત કરશે. તમે જો એક દિવસની રજા પર જતા હો તો તમારે ચિંતા કરવાની જરૂર નથી.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે બૅન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. તમે જો ઑફિસમાં વધારાનો સમય વિતાવશો તો તેની અસર તમારા ગૃહજીવન પર પડશે. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો. કામના સ્થળે આજે તમે એક અદભુત વ્યક્તિને મળો એવી શક્યતા છે. દરેક કાર્યને સમય પર પૂર્ણ કરવું ઠીક હોય છે.

**સિંહ (મ,ટ) :**
આજે તમારુ સ્વાસ્થ્ય સારૂં રહેશે. કાર્યક્ષેત્ર અથવા વેપારમાં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. એકાએક થયેલો રૉમેન્ટિક મેળાપ તમારા મિજાજને ખીલવશે. વ્યવસાયમાં ગણતરીપૂર્વકનાં પગલાં વળતર અપાવશે.પ્રૉજેક્ટ સમયસર પૂરા કરવામાં તે તમને મદદ કરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમે નવરાશની લહેજત માણવાના છો. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. રૉમાન્સ માટે બહુ સારો દિવસ નથી કેમ કે તમને સાચો પ્રેમ નહીં મળે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે કશુંક રસપ્રદ વાચી માનસિક વ્યાયામ કરો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. તમારા દિલ અને મગજ પર રૉમાન્સનું રાજ હશે. લાયક કર્મચારીઓ માટે નાણાકીય લાભો તથા બઢતી. તમારું કુટુંબ આજે તમારી સાથે ઘણી સમસ્યાઓ શેર કરશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે વાહન ચલાવતી વખતે તકેદારી રાખો. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે. વધારે પડતા કામ છતાંય કાર્યક્ષેત્ર માં તમારી અંદર ઉર્જા જોઈ શકાય છે. તમે આપેલા કામ ને સમય સીમા પહેલાજ પૂર્ણ કરી લેશો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કેમ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. પરિવારના સભ્યો સાથેના મતભેદો દૂર કરીને-તમે તમારા ધ્યેયોને આસાનીથી પ્રાપ્ત કરી શકશો.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે. ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. વેપારમાં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. બિઝનેસમેન્સ માટે સારો દિવસ કેમ કે તેમને અચાનક કેટલોક અણધાર્યો લાભ થશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. પત્ની સાથે ઝઘડો માનસિત તાણ ભણી દોરી જઈ શકે છે. બિનજરૂરી તાણ લેવાની જરૂર નથી. આપણે જે બાબતને બદલી નથી શકવાના તેને તે જેમ છે તેમ જ સ્વીકારવી એ જ જીવનની મહાન બાબત છે.

### ગાઝા પર ઈઝરાયેલના હુમલામાં બાળકો સહિત ૪૦ વ્યક્તિનાં મોત

। (એજન્સી) કૈરો, તા.૨૩ ।

દુનિયાભરના કેટલાક દેશો અલગ પેલેસ્ટેનિયન રાજ્યની માગ કરી રહ્યા છે ત્યારે ઈઝરાયેલ દ્વારા ગાઝામાં વધુ એક વખત પ્રચંડ હુમલો કરવામાં આવ્યો છે. ઈઝરાયેલે ગત રાત્રે ગાઝા શહેર પર કરેલા હુમલામાં બાળકો સહિત ૪૦ લોકોના મોત થયા હતા. ઈઝરાયેલે છેલ્લા થોડા સમયથી ગાઝાનો સફાયો બોલાવવા જમીની હુમલાઓ આક્રમક બનાવ્યા છે.શિફા હોસ્પિટલના આરોગ્ય અધિકારીઓના જણાવ્યા મુજબ, શનિવારે રાત્રે ઈઝરાયેલે શહેરના દક્ષિણમાં એક રહેણાક મકાન પર કરેલા હુમલામાં ૧૪ લોકોના મોત થયા હતા. હોસ્પિટલમાં કામ કરતા એક કર્મચારી, તેની પત્ની અને ત્રણ બાળકોનો પણ મૃતકોમાં સમાવેશ થયો હતો. ઈઝરાયેલ આ હુમલા અંગે કોઈ ટિપ્પણી કરી નહતી. ઈઝરાયેલ તેના બંધકોને મુક્ત કરાવવા માટે હમાસ પર હુમલાઓ વધારી રહ્યું હોવાનું જણાય છે.ઈઝરાયેલના હુમલાને પગલે ગાઝા સાથે સીઝફાયરની સંભાવના ધૂંધળી જણાઈ રહી છે. સોમવારે સંયુક્ત રાષ્ટ્રની સાધારણ સભા યોજાઈ રહી છે તે અગાઉ પશ્ચિમી દેશો અલગ પેલેસ્ટેનિયન રાજ્યની માન્યતા માટે તૈયારી કરી રહ્યા છે. યુકે, ળાન્સ, કેનેડા, માલ્ટા, બેલ્જિયમ અને લકઝ્મબર્ગ તેમાં સામેલ છે. ઈઝરાયેલ શનિવારના હુમલામાં હમાસના સ્નાઈપર માજીદ અબુ સેલ્મિયાને ઠાર કર્યો હોવાનો દાવો કર્યો હતો. માજીદ ગાઝાની સિફો હોસ્પિટલના ડાયરેક્ટર ડો. મોહમ્મદ અબુ સેલ્મિયાનો ભાઈ હતો. ડો. મોહમ્મદે ઈઝરાયેલના આ આક્ષેપોને જૂઠા ગણાવ્યા હતા. તેમના મતે માજીદને તીવ્ર તનાવ, ડાયાબીટીઝ સહિત અન્ય બીમારી હતી. ગાઝામાંથી લોકોને વિસ્થાપિત થવાની ફરજ પાડવામાં આવી રહી છે અને લાખો લોકોને શહેરના દક્ષિણ ભાગમાં માનવતાવાદી ક્ષેત્રમાં જવા જણાવાઈ રહ્યું છે.

#### ડ્રેગને ઝડપી તક!

## H-1B મુદ્દે ઘમાસાણ વચ્ચે ચીને ધડાધડ લોન્ચ કર્યા નવા K વિઝા

। (એજન્સી) બેઈજીંગ, તા.૨૩ ।

અમેરિકી સરકારના H1-B વિઝાની ફીમાં ધરખમ વધારો થયા બાદ દુનિયામાં ખળભળાટ મચી ગયો છે. આ બધા વચ્ચે ચીને એક મોટું પગલું ભર્યું છે. ચીનની શી જિનપિંગ સરકારે નવા K વિઝા કેટેગરી શરૂ કરી છે. આ વિઝાનો હેતુ દુનિયાભરથી યુવા અને પ્રતિભાશાળી વ્યવસાયિકોને આકર્ષવાનું છે. આ વિઝા હેઠળ ખાસ કરીને વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને એસટીઈએમ ક્ષેત્રમાં પ્રતિભાશાળી યુવાઓને ચીન તરફ વાળવાની કોશિશ કરાઈ છે. ચીની સરકાર તરફથી રવિવારે બહાર પાડવામાં




આવેલા એક અધિકૃત નિવેદનમાં નવા K વિઝા શ્રેણી લોન્ચ કરવાની જાહેરાત કરાઈ છે. જણાવવામાં આવ્યું છે કે આ વિઝા હેઠળ વિદેશીઓને પ્રવેશ અને બહાર જવા સંબંધિત નિયમોમાં સંશોધન કરાયા છે. આ નવા નિયમ ૧ ઓક્ટોબર ૨૦૨૫થી લાગૂ થશે. K વિઝાને પર્યવેક્ષક અમેરિકી H-1B વિઝાનું ચીની વર્ઝન કહે છે. ચીને એવા સમયે આ વિઝા ડિઝાઈન કર્યા છે જ્યારે દુનિયાના દેશ વર્ક વિઝા નિયમોને કડક કરી રહ્યા છે. ખાસ કરીને દક્ષિણ એશિયાના વ્યવસાયિકો માટે આ અમેરિકી વિઝાનો વિકલ્પ હોઈ શકે છે. ચીની ન્યાય મંત્રાલયના જણાવ્યાં મુજબ કે વિઝા એવા વિદેશી યુવા ટેક્નિકલ પ્રતિભાઓ અને વૈજ્ઞાનિકો માટે ઉપલબ્ધ હશે જેમણે પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ કે રિસર્ચ સંસ્થાનોમાંથી STEM ક્ષેત્રોમાં સ્નાતક કે ઉચ્ચતર ડિગ્રી મેળવી હોય. આ વિઝા એવા સંસ્થાનોમાં શિક્ષણ કે રિસર્ચમાં લાગેલા યુવા વ્યવસાયિકો માટે પણ ઉપલબ્ધ હશે.

#### આ હરકત કરવી પડી શકે છે ભારે

## હરિસ રઉફ અને સાહિબજાદા ફરહાનને ICC ફટકારશે સજા !

### હરિસ રૌફ ભારતીય ખેલાડીઓએ કરેલી ધોલાઈ અને બાઉન્ડ્રી પર ફેન્સે કરેલી ટ્રોલિંગ સહન કરી શક્યો નહીં

। (એજન્સી) દુબઈ, તા.૨૩ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે એશિયા કપ ૨૦૨૫ની સુપર ૪ મેચ રવિવાર, ૨૧ સપ્ટેમ્બરના રોજ દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાઈ હતી. ભારત-પાકિસ્તાન ટુર્નામેન્ટની પહેલી મેચ બાદ પાકિસ્તાન વિવાદમાં ફસાઈ ગયું હતું. નોંધનીય છે કે ભારતીય ટીમે પાકિસ્તાની ટીમ સાથે હાથ મિલાવવાનો ઈનકાર કર્યો હતો, જેના કારણે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે મેચ રેફરીને ટુર્નામેન્ટમાંથી દૂર કરવાની માંગ કરી હતી. આ પછી સુપર ૪ મેચમાં પાકિસ્તાનીઓએ બધી હદો ઓળંગી દીધી. હરિસ રૌફે ખૂબ જ ખરાબ હરકત કરી. બાઉન્ડ્રી પર ફિલ્ડિંગ કરતી વખતે ભારતીય ફેન્સે તેને વિરાટ કોહલી નામથી ટ્રોલ કરી રહ્યા હતા. ફેન્સને ચીડવવા માટે તેણે "૬-0" ઈશારો કર્યો, જેનો અર્થ એ હતો કે પાકિસ્તાને ઓપરેશન સિંદૂર દરમિયાન છ ભારતીય રાફેલ તોડી પાડ્યા હતા. જો કે, આ વાતની ક્યારેય પુષ્ટિ થઈ નથી. જ્યારે પણ પાકિસ્તાનને પુરાવા આપવાનું કહેવામાં આવતું હતું, ત્યારે તેઓ ફક્ત જવાબ આપતા હતા, "સોશિયલ મીડિયા પર જુઓ." હવે પ્રશ્ન એ ઊભો થાય છેઃ શું રૌફને આ માટે સજા મળશે ? ICC મુજબ, ખેલાડીઓ ક્રિકેટના મેદાન પર કોઈપણ યુદ્ધને સમર્થન આપી શકતા નથી. તેમને દંડ અને સજા પણ થઈ શકે છે. આના સૌથી મુખ્ય ઉદાહરણો ઓસ્ટ્રેલિયાના ઉસ્માન ખ્વાજા અને મોઈન અલી છે, જેમણે ઈઝરાયલ-પેલેસ્ટાઈન યુદ્ધ દરમિયાન ક્રિકેટના મેદાન પર પેલેસ્ટાઈનને સમર્થન આપ્યું હતું.

#### અચાનક ટીમમાં થઈ એન્ટ્રી

## ખૂંખાર બેટ્સમેન ક્વિન્ટન ડી કોકે ૨ વર્ષ બાદ સંન્યાસમાંથી કરી વાપસી

### તેને પાકિસ્તાન સામે વન-ડે અને ટી૨૦ સિરીઝ માટે દક્ષિણ આફ્રિકાની સ્ક્વોડમાં પસંદ કરવામાં આવ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

સાઉથ આફ્રિકાના ધાકડ વિકેટકીપર બેટ્સમેન ક્વિન્ટન ડી કોકે સંન્યાસમાંથી કમબેકનો નિર્ણય કર્યો છે. ૨૦૨૩ વન-ડે વર્લ્ડ કપ પછી ડીકોકે ઈન્ટરનેશનલ ક્રિકેટને અલવિદા કહી દીધું હતું. હવે તેને પાકિસ્તાન સામે વન-ડે અને ટી૨૦ સિરીઝ માટે દક્ષિણ આફ્રિકાની સ્ક્વોડમાં પસંદ કરવામાં આવ્યો છે. સાઉથ આફ્રિકન ટીમનો નિયમિત કેપ્ટન ટેમ્બા બાવુમા હાલ ઈજાગ્રસ્ત છે, એવામાં પાકિસ્તાન પ્રવાસ પર ટેસ્ટ, ટી૨૦ અને વન-ડે માટે અલગ અલગ કેપ્ટન પસંદ કરવામાં આવ્યાં છે. ક્વિન્ટન ડીકોકને પાકિસ્તાન સામે વન-ડે અને ટી૨૦, બંને સિરીઝ માટે સાઉથ આફ્રિકન સ્ક્વોડમાં પસંદ કરવામાં આવ્યો છે. ટેમ્બા બાવુમાની ગેરહાજરીમાં ડીકોકની વાપસી સાઉથ આફ્રિકાને બૂસ્ટ આપવાનું કામ કરશે. ક્વિન્ટન ડી કોક છેલ્લે ૨૦૨૩ વનડે વર્લ્ડ કપમાં રમતો જોવા મળ્યો હતો, જે વ્યક્તિગત રીતે તેના માટે સારો રહ્યો હતો. ડી કોકે વર્લ્ડ કપની ૧૦ મેચમાં ૫૯.૪૦ની શાનદાર સરેરાશથી ૫૪૯ રન બનાવ્યાં હતા. સાઉથ આફ્રિકાનો પાકિસ્તાન પ્રવાસ ૧૨ ઓક્ટોબરથી શરૂ થશે. બંને ટીમો



વચ્ચે ૨ ટેસ્ટ, ૩ ટી૨૦ અને ૩ વન-ડે મેચ રમાશે. ક્વિન્ટન ડી કોક વન-ડે અને ટી૨૦ સિરીઝમાં રમતો જોવા મળી શકે છે. ડી કોક પોતાના ઈન્ટરનેશનલ કરિયરમાં સાઉથ આફ્રિકા માટે અત્યાર સુધીમાં ૧૨,૬૫૪ રન બનાવી ચૂક્યો છે. તેણે ત્રણેય ફોર્મેટ મળીને ૨૮ સદી અને ૬૮ ફિફ્ટી પણ ફટકારી છે.

#### શોએબ અખ્તરે લાઈવ ટીવી પર પાકિસ્તાનની કરી ફજેતી

## શોએબ અખ્તરે કહ્યું ૨૦૦ રન કર્યા હોત તો પણ હારી જાત

### શોએબ અખ્તરે તેની ટીમની વ્યૂહરચના, બોલિંગ લાઇનઅપ અને ટીમ પસંદગીની આકરી ટીકા કરી હતી

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૩ ।

એશિયા કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની સુપર ફોર મેચમાં ટીમ ઈન્ડિયાએ વિરોધી ટીમનો સફાયો બોલાવી દીધો હતો. ભારતીય બેટ્સમેનોએ પાકિસ્તાની બોલરોને હંફાવ્યા હતા. અભિષેક શર્મા અને શુભમન ગિલનું બેટિંગ પ્રદર્શન ખાસ કરીને પ્રશંસનીય હતું. એક સમયે મેચ સંપૂર્ણપણે એકતરફી લાગી રહી હતી. અભિષેક અને ગિલ પાકિસ્તાની બોલરોને શેરી ક્રિકેટ બોલરો સમજી રહ્યા હતા. આ સમગ્ર ઘટના માટે અખ્તરે લાઈવ ટેલિવિઝન પર પાકિસ્તાની બોલરોની ટીકા કરી હતી. અખ્તરે ટીવી શોમાં કહ્યું, "જો પાકિસ્તાને ૨૦૦ રન બનાવ્યા હોત, તો પણ તેઓ જીતી




શક્યા ન હોત. આ બોલિંગ લાઈનઅપ તેનો બચાવ બિલકુલ કરી શક્યું ન હોત. તમે અબરાર અહેમદ જેવા મુખ્ય બોલરનો ઉપયોગ કરી રહ્યા નથી અને તેના બદલે બોલ સેમ અયુબને આપી રહ્યા છો. જો ફહીમ અશરફ બોલિંગ કરવા માંગતો હોય, તો તેણે એક નવો બોલ વાપરવો જોઈતો હતો.

## ઉત્તર પ્રદેશમાં જાતિ આધારિત રેલીઓ પર પ્રતિબંધ મુકાયો, FIR કે અરેસ્ટ મેમોમાં પણ નહીં હોય ઉલ્લેખ



। અલ્લાહાબાદ, તા.૨૩ ।

અલ્લાહાબાદ હાઈકોર્ટના તાજેતરના ઐતિહાસિક નિર્ણયનું પાલન કરતા ઉત્તર પ્રદેશ સરકારે જાતિગત ભેદભાવને ખતમ કરવા માટે એક મોટું પગલું ભર્યું છે. આ મુજબ, હવેથી રાજ્યમાં જાતિ-આધારિત રેલીઓ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. સાથે જ, જાહેર સ્થળો, પોલીસ FIR, ધરપકડ મેમો અને અન્ય સરકારી દસ્તાવેજોમાં કોઈની પણ જાતિનો ઉલ્લેખ કરવામાં આવશે નહીં. આ સંબંધમાં મુખ્ય સચિવે જરૂરી નિર્દેશો પણ જારી કર્યા છે.

મુખ્ય સચિવના આદેશ અનુસાર, હવેથી પોલીસ રેકોર્ડ્સ, જેમ કે FIR અને ધરપકડ મેમોમાં કોઈ પણ વ્યક્તિની જાતિનો ઉલ્લેખ કરવામાં આવશે નહીં. ઉપરાંત, સરકારી અને કાયદાકીય દસ્તાવેજોમાંથી પણ જાતિ સંબંધિત કોલમ દૂર કરવામાં આવશે. આ પગલાથી બધાને સમાન રીતે જોવામાં આવશે. જોકે, જ્યાં જાતિ કાયદાકીય રીતે જરૂરી હોય તેવા કેટલાક કેસોમાં આ નિયમ લાગુ નહીં પડે.

જાતિ આધારિત રેલીઓ અને કાર્યક્રમો પર હવે સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. આ ઉપરાંત, સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટ પર જાતિનો મહિમા કે દ્વેષ ફેલાવતી સામગ્રી વિરુદ્ધ IT એક્ટ હેઠળ કડક કાર્યવાહી કરાશે.

આ ઐતિહાસિક નિર્ણય ખરેખર અલ્લાહાબાદ હાઈકોર્ટના જજ વિનોદ દિવાકરની એકલપીઠે ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ આપ્યો હતો. આ નિર્ણય પ્રવીણ છેત્રી વિરુદ્ધ રાજ્યના દારૂની તસ્કરીના કેસની સુનાવણી દરમિયાન આપવામાં આવ્યો હતો. અરજદાર પ્રવીણ છેત્રીએ પોતાની ધરપકડ દરમિયાન FIR અને જપ્તી મેમોમાં તેની જાતિ (ભીલ)નો ઉલ્લેખ કરવા સામે વાંધો ઉઠાવ્યો હતો. કોર્ટે આ કૃત્યને બંધારણીય નૈતિકતાની વિરુદ્ધ ગણાવીને કહ્યું કે જાતિનું મહિમામંડન કરવું તે 'એન્ટિ-નેશનલ' (રાષ્ટ્ર-વિરોધી) છે. આ પછી, કોર્ટે તાત્કાલિક અસરથી ઉત્તર પ્રદેશ સરકારને પોલીસ દસ્તાવેજીકરણ પ્રક્રિયાઓમાં ફેરફાર કરવાનો આદેશ આપ્યો. જેમાં આરોપીઓ, માહિતી આપનાર અને સાક્ષીઓની જાતિ સંબંધિત તમામ કોલમ અને એન્ટ્રીઓ દૂર કરવાનો સ્પષ્ટ નિર્દેશ સામેલ હતો.

કોર્ટે DGPના સોગંદનામામાં આપવામાં આવેલા તર્કો (જેમ કે ઓળખ માટે જાતિ જરૂરી છે)ને ફગાવી દેતા કહ્યું કે ફિંગરપ્રિન્ટ, આધાર, મોબાઈલ નંબર અને માતા-પિતાની વિગતો જેવા આધુનિક સાધનોથી જાતિ આધારિત ઓળખની કોઈ જરૂર નથી. કોર્ટના નિર્દેશો બાદ મુખ્ય સચિવ દ્વારા ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ૧૦ મુદ્દાઓનો આદેશ જારી કરવામાં આવ્યો છે, જે જાતિગત ભેદભાવને જડમૂળથી નાબૂદ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. FIR, ધરપકડ મેમો, ચાર્જશીટ વગેરે દસ્તાવેજોમાંથી જાતિનો ઉલ્લેખ સંપૂર્ણપણે દૂર કરવામાં આવશે. આરોપીની ઓળખ માટે હવે પિતાની સાથે માતાનું નામ પણ ફરજિયાતપણે લખવામાં આવશે.

#### પોલીસે એક સપ્તાહમાં રૂ.૧૪ લાખ રિફંડ અપાવ્યું

## ભાજપ સાંસદના પત્ની ડિજિટલ અરેસ્ટનો શિકાર થયા હતા

। (એજન્સી) બેંગ્લુરૂ, તા.૨૩ ।

બેંગ્લુરૂ પોલીસે રૂ. ૧૪ લાખનો સાયબર ફ્રોડ કેસ ઉકેલ્યો છે. આ કેસમાં ડિજિટલ અરેસ્ટનો ભોગ ભાજપના સાંસદ અને કર્ણાટકના પૂર્વ મંત્રી ડો. કે. સુધાકરના પત્ની ડો. પ્રીતિ સુધાકર બન્યા હતાં. તેમણે સાયબર ફ્રોડમાં ગુમાવેલા રૂ. ૧૪ લાખ બેંગ્લુરૂ પોલીસે શોધી કાઢ્યા છે. પોલીસે જણાવ્યા અનુસાર, ૨૬ ઓગસ્ટના રોજ ૪૪ વર્ષીય ડો. પ્રીતિને સાયબર ફ્રોડર તરફથી વોટ્સએપ કોલ મળ્યો હતો. જેમાં સ્કેમરે પોતાને મુંબઈ સાયબર ક્રાઈમના અધિકારી તરીકે રજૂ કરી પ્રીતિનું ડિજિટલ અરેસ્ટ કર્યું હતું. સ્કેમરે દાવો કર્યો હતો કે, તમારૂ બેંક એકાઉન્ટ ગેરકાયદે ઈન્ટરનેશનલ ટ્રાન્ઝેક્શન સાથે લિંક છે. જો તેઓ વેરિફિકેશન એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર નહીં કરે તો ધરપકડ થઈ શકશે. કોલરે આરબીઆઈના નિયમો અનુસાર, ૪૫ મિનિટમાં રિફંડ આપવાની ખાતરી સાથે પૈસા ટ્રાન્સફર કરાવ્યા હતા. ધરપકડના ભય હેઠળ પ્રીતિએ પોતાના એચડીએફસી બેંક એકાઉન્ટમાંથી અજાણ્યા યસ બેંકના એકાઉન્ટમાં રૂ. ૧૪ લાખ ટ્રાન્સફર કર્યા હતા. પૈસા ટ્રાન્સફર કર્યાના ૪૫ મિનિટથી વધુ સમય થયો હોવા છતાં રિફંડ ન આવતાં પ્રીતિને શંકા થઈ કે, તેઓ સાયબર ક્રાઈમનો ભોગ બન્યા છે. જેથી તાત્કાલિક ધોરણે વેસ્ટ ડિવિઝન સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. સાયબર પોલીસે ટ્રાન્સફર કરવામાં આવેલું એકાઉન્ટ તુરંત ફ્રિઝ કરાવ્યું હતું. બાદમાં વધુ તપાસ હાથ ધરી હતી. ૩ સપ્ટેમ્બરના રોજ 47th ACJM કોર્ટે યસ બેંકને ફ્રોઝન ફંડ પરત કરવા નિર્દેશ આપ્યો હતો.

#### છત્તીસગઢમાં સુરક્ષાદળોને મોટી સફળતા

## ૧ કરોડ રૂપિયાનો ઈનામી નક્સલી કોસા અને રાજૂને ઠાર મરાયા

। (એજન્સી) રાયપુર, તા.૨૩ ।

છત્તીસગઢમાં ચાલી રહેલા નક્સલ વિરોધી અભિયાનને વધુ એક મોટી સફળતા મળી છે. નારાયણપુર જિલ્લાના અબુઝમાડ વિસ્તારમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું હતું. આ એક્રાઉન્ટરમાં નક્સલવાદીઓના ટોચના નેતાઓ કોસા અને રાજુ ઉર્ફે વિકલ્પને ઠાર મરાયા છે. બંને લાંબા સમયથી સુરક્ષા એજન્સીઓ દ્વારા વોન્ટેડ યાદીમાં સામેલ હતા. કોસા નક્સલવાદીઓની સેન્ટ્રલ કમિટીનો સભ્ય હતો અને તેના પર ૧ કરોડ રૂપિયાનું ઈનામ હતું. રાજુ ઉર્ફે વિકલ્પ પર ૭૦ લાખ રૂપિયાનું ઈનામ હતું. પ્રાપ્ત માહિતી પ્રમાણે સુરક્ષા દળોને આ વિસ્તારમાં નક્સલીઓની



હાજરીની સૂચના મળી હતી. ત્યારબાદ સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું. આ દરમિયાન નક્સલીઓએ ફોર્સ પર ફાયરિંગ કર્યું હતું. જવાબી કાર્યવાહીમાં થયેલા એક્રાઉન્ટરમાં કોસા અને રાજુ ઉર્ફે વિકલ્પ ઠાર મરાયા. ઘટનાસ્થળેથી AK-47 રાઈફલ, વિસ્ફોટકો અને મોટી માત્રામાં નક્સલી સામગ્રી મળી આવી હતી. એસપી ડૉ. જિતેન્દ્ર યાદવે જણાવ્યું કે, આ કાર્યવાહી નક્સલી સંગઠન માટે મોટો ઝટકો છે. કોસા ટોચનો નક્સલી નેતા ગણાતો હતો અને તે અનેક મોટી ઘટનાઓનો માસ્ટરમાઈન્ડ રહ્યો છે. રાજુ ઉર્ફે વિકલ્પ પણ સંગઠનમાં મહત્ત્વપૂર્ણ ચહેરો હતો. આ બંનેના મૃત્યુ નક્સલવાદી નેટવર્કની વ્યૂહાત્મક ક્ષમતાને નબળી પાડી દેશે. સુરક્ષા દળોનું કહેવું છે કે, છેલ્લા એક વર્ષમાં નક્સલ વિરોધી અભિયાન સતત તેજ બન્યું છે. અત્યાર સુધીમાં ૩૬ નવા સુરક્ષા કેમ્પ સ્થાપિત કરવામાં આવ્યા છે. ૪૯૬ માઓવાદીઓ આત્મસમર્પણ કરી ચૂક્યા છે. ૧૯૩ નક્સલવાદીઓ માર્યા ગયા છે અને લગભગ ૯૦૦ લોકોની ધરપકડ કરી લેવામાં આવી છે.

## રાજ્યોએ ૧૦ વર્ષમાં પેન્શન, પગાર, વ્યાજ પાછળ ૨.૫ ગણા વધુ ખર્ચ્યા

### નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ રેવન્યુ ખર્ચ રૂ.૩૫,૯૫,૭૩૬ કરોડ હતો અને તેમાં નિશ્ચિત ખર્ચનું પ્રમાણ રૂ.૧૫,૬૩,૬૪૯ કરોડ હતું




। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

રાજ્યોના ફાઈનાન્સ અંગે કેગનો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ મુજબ, પગાર, પેન્શન અને વ્યાજ ચૂકવણા જેવા નિશ્ચિત ખર્ચમાં છેલ્લા ૧૦ વર્ષ દરમિયાન ૨.૫ ગણો વધારો થયો છે. નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં નિશ્ચિત ખર્ચની રકમ રૂ. ૬,૨૬,૮૪૯ કરોડ હતી, જે ૨૦૨૨-૨૩માં વધીને રૂ.૧૫,૬૩,૬૪૯ કરોડ થઈ હતી. રેવન્યુ ખર્ચમાં આવા સ્ટેટ ફાઈનાન્સ ૨૦૨૨-૨૩ અંતર્ગત જાહેર થયેલા કેગના રિપોર્ટમાં જણાવાયા મુજબ, ૨૦૧૩-૧૪થી ૨૦૨૨-૨૦૨૩ના ૧૦ વર્ષ દરમિયાન કુલ ખર્ચમાં રાજ્યોના રેવન્યુ ખર્ચનું પ્રમાણ ૮૦-૮૭ ટકા હતું. સંયુક્ત GSDPમાં તેનું પ્રમાણ ૧૩-૧૫ ટકા રહ્યુ હતું. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ખર્ચમાં રેવન્યુ ખર્ચ ૮૪.૭૩ ટકા અને GSDPમાં ૧૩.૮૫ ટકા રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટ જનરલ ઓફ ઈન્ડિયા (CAG) દ્વારા સૌ પ્રથખમ વખત સ્ટેટ ફાઈનાન્સ અંગે રિપોર્ટ જાહેર કરાયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ રેવન્યુ ખર્ચ રૂ.૩૫,૯૫,૭૩૬ કરોડ હતો અને તેમાં નિશ્ચિત ખર્ચનું પ્રમાણ રૂ.૧૫,૬૩,૬૪૯ કરોડ હતું. સબસિડી પેટે રૂ. ૩,૦૯,૬૨૫ કરોડ અને ગ્રાન્ટ માટે રૂ.૧૧,૨૬,૪૮૬ કરોડ ખર્ચાયા હતા. આ ત્રણેય પાસા હેઠળ રૂ. ૨૯,૯૯,૭૬૦ કરોડ ખર્ચ થયો હતો, જે કુલ રેવન્યુ ખર્ચના ૮૩ ટકા હતો. કેગ દ્વારા તાજેતરમાં જાહેર થયેલા રિપોર્ટમાં છેલ્લા ૧૦ વર્ષ દરમિયાન ૨૮ રાજ્યોની આર્થિક સ્થિતિનો ચિતાર આપવામાં આવ્યો છે. આ રિપોર્ટ મુજબ, વર્ષ ૨૦૧૩-૧૪માં તમામ રાજ્યોનો પગાર-પેન્શન અને વ્યાજ ચૂકવણા જેવા નિશ્ચિત ખર્ચમાં રૂ. ૬,૨૬,૮૪૯ કરોડ વપરાયા હતા, જે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં વધીને રૂ. ૧૫,૬૩,૬૪૯ કરોડ થયા હતા. સબસિડી માટેનો ખર્ચ રૂ. ૯૬,૪૭૯ કરોડથી વધીને રૂ. ૩,૦૯,૬૨૫ કરોડ થયો હતો. આ ૧૦ વર્ષ દરમિયાન રેવન્યુ ખર્ચમાં ૨.૬૬ ગણો અને નિશ્ચિત ખર્ચમાં ૨.૪૯ ગણો વધારો થયો હતો, જ્યારે સબસિડીમાં ૩.૨૧ ગણો વધારો થયો હતો.

## ૨૭૦૦૦ કરોડના ખર્ચે બોડીગાર્ડ સેટેલાઇટ્સ બનાવશે ભારત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ભારત દ્વારા હવે 'બોડીગાર્ડ' સેટેલાઈટ્સ બનાવવાનું પ્લાનિંગ કરવામાં આવી રહ્યું છે. સ્પેસમાં દેશની સિક્યોરિટીને ધ્યાનમાં રાખીને હવે આ પગલું ભરવામાં આવી રહ્યું છે. ભારતની અને તેના પાડોશી દેશની સેટેલાઈટ્સ વચ્ચે અથડામણ થતાં બચી ગઈ ત્યાર બાદ હવે સિક્યોરિટી વધારવાની તૈયારી ચાલી રહી છે. આથી 'બોડીગાર્ડ' સેટેલાઈટ્સ બનાવવામાં આવી રહી છે. આ પ્રોજેક્ટમાં ઓરબિટમાં સિક્યોરિટી વધારવા માટે ૩ બિલિયન અમેરિકન ડોલર એટલે કે ૨૭૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે. એમાં ૫૦ સર્વેલન્સ સેટેલાઈટ્સ બનાવવામાં આવશે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ની સેટેલાઈટ પૃથ્વીથી ૫૦૦-૬૦૦ કિલોમીટરના અંતરે સ્પેસમાં ઓરબિટ કરે છે. ઈસરોની સેટેલાઈટ્સથી લગભગ એક કિલોમીટરના અંતરે પાડોશી દેશની સેટેલાઈટ્સ આવી ગઈ હતી. ૨૦૨૪ના મધ્યમાં થયેલી આ ઘટનામાં બે સેટેલાઈટ્સ વચ્ચે અથડામણ થતી બચી ગઈ હતી. જોકે પાડોશી દેશની સેટેલાઈટ્સ મિલિટરી એપ્લિકેશન માટે નજીક આવી હતી એવું માનવામાં આવી રહ્યું છે. તેઓ મેપિંગ અને ગ્રાઉન્ડ ઓબ્જેક્ટ્સને મેપિંગ કરી રહ્યાં હોવાનું કહેવામાં આવી રહ્યું હતું. અન્ય દેશ દ્વારા તેમનામાં કેટલી શક્તિ છે અથવા તો કેટલા પાવરફુલ છે એ દેખાડવા માટેનું પણ આ કાવતરું હોઈ શકે છે. છેલ્લા ૭૦ વર્ષમાં પાકિસ્તાન અને ચીન સાથે ભારતે ઘણા યુદ્ધ લડ્યા છે. બન્ને દેશમાં સ્પેસની ક્ષમતા એકદમ અલગ છે. સેટેલાઈટ્સને ટ્રેક કરતી વેબસાઈટ ą૨૩૦.ર્ષ્ઠ્ઠ અનુસાર ભારત પાસે ૧૦૦થી વધુ સેટેલાઈટ્સ છે. બીજી તરફ પાકિસ્તાન પાસે ફક્ત આઠ છે. ચીન પાસે ૯૩૦ સેટેલાઈટ્સ છે. પાકિસ્તાન કરતાં ભારત સ્પેસ ટેક્નોલોજી અને સર્વેલન્સમાં ખૂબ જ આગળ છે, પરંતુ ચીન ભારત કરતાં પણ ખૂબ જ આગળ છે. ઈન્ડિયા અને અમરિકા બન્ને દ્વારા ઘણી વાર કહેવામાં આવ્યું છે કે ચીનની લિબરેશન આર્મીને લઈને સ્પેસમાં ખૂબ જ ખતરો છે. ઈન્ડિયાના એર માર્શલ આશુતોષ દિક્ષિતે જૂનમાં કહ્યું હતું કે બેઈજિંગ ખૂબ જ ઝડપથી સેટેલાઈટ્સ પ્રોગ્રામમાં આગળ વધી રહ્યું છે. આ વોર્નિંગ ભારત અને અન્ય દેશ માટે ખૂબ જ ચિંતાનો વિષય છે. ચીન સ્પેસમાં જેટલું આગળ વધશે એટલો દરેક દેશને ખતરો છે. ભારત સરકાર હવે સેટેલાઈટ્સને પ્રોટેક્ટ કરવા માટે સ્ટાર્ટઅપ સાથે પાર્ટનરશિપ કરી રહી છે જેથી ખૂબ જ અસરકારક સોલ્યુશન મેળવી શકાય. આ માટે હજી ચર્ચા પહેલાંના ચરણમાં છે, પરંતુ તેમનો પ્લાન લાઈટ ડિટેક્શન એન્ડ રેન્જિંગ સેટેલાઈટ્સ લોન્ચ કરવાનો છે. આ સેટેલાઈટ્સની મદદથી કોઈ પણ જોખમને ખૂબ જ ઝડપથી ઓળખી શકાશે. એની મદદથી પૃથ્વી પર જે પણ ટેક્નિશિયન છે.

### રાજકોટની લાલબત્તીરૂપ અને ચોંકાવનારી ઘટના

# ફેસબુક પર કોમેન્ટમાં સ્માઈલીની ઈમોજીને કારણે યુવાનની હત્યા

## દાદાના અવસાન નિમિત્તે યુવકે ફેસબુક પર મુકેલી સેડ સ્ટોરીમાં ૨ આરોપીઓએ સ્માઈલીની ઈમોજી મુકી, ઝઘડો થતાં પતાવી દીધો

। (એજન્સી) રાજકોટ, તા.૨૩ ।
ફેસબુક પરની સ્ટોરીમાં મુકાયેલી સ્માઈલીની ઈમોજી રાજકોટમાં એક યુવાનની હત્યાનું કારણ બની છે. મૂળ બિહારના આ યુવાને દાદાનું અવસાન થતાં તેને શ્રધ્ધાંજલિ આપવા ફેસબુક પર મુકેલી સ્ટોરીમાં તેના જ વતનના બે આરોપીઓએ સ્માઈલીની ઈમોજી પોસ્ટ કરી હતી. આ બાબતે ઝઘડો થતાં બંને આરોપીઓએ યુવાનને છરીના ઘા ઝીંકી પતાવી દીધો હતો. મૂળ બિહારના કૈમુર બભુવા જીલ્લાનો વતની પ્રિન્સ અનિલભાઈ ભીંડ (ઉ.વ. ૨૦) રાજકોટના પટેલનગર-૨માં આવેલા જહાનવી પ્રોસેસ હાર્ડવેર નામના કારખાનામાં મજુરી કામ કરતો હતો. તે કારખાનામાં જ તેના કાકા-બાપના ભાઈઓ સાથે રહેતો હતો. ચારેક મહિના પહેલાં તેના દાદાજી રૂપનારાયણ બીનનું અવસાન થયું હતું. જેથી તેણે પોતાના ફેસબુક એકાઉન્ટમાં દાદાજીના ફોટા સાથેની સેડ સ્ટોરી મુકી હતી. તે જ દિવસે તેના ગામના અને હાલ પટેલનગરમાં તેની બાજુમાં રહેતાં બિપીન રજીન્દર ગોડે તેની સ્ટોરીમાં સ્માઈલીની ઈમોજી મુકી રીપ્લાય આપ્યો હતો. જેને કારણે બંને વચ્ચે મોબાઈલ ફોનમાં બોલાચાલી થઈ હતી. ત્યાર પછી બંને એક-બે વખત રૂબરૂ મળતાં ત્યારે પણ બોલાચાલી થઈ હતી. ગઈ તા. ૧૧ના રોજ રાત્રે પ્રિન્સ તેના કારખાનાની બહાર રિક્ષામાં બેસી મોબાઈલ ફોન જોતો હતો ત્યારે અચાનક બિપીન અને તેના જ વતનનો બ્રિજેશ ધસી આવ્યા હતા. બંને આરોપીઓને જોઈ પરિસ્થિતી પામી ગયેલા પ્રિન્સે પોતાના કારખાના તરફ દોટ મુકી હતી. તે સાથે જ બંને આરોપીઓએ તેનો પીછો કરી આંતરી લીધા બાદ બીપીને તું શું મારી સાથે અવાર-નવાર ઝઘડો કરે છે, આજે તો તને મારી જ નાખવો છે તેમ કહી તેને છરીના બે ઘા ઝીંકી દીધા હતા. ગંભીર રીતે ઘાયલ પ્રિન્સની બુમાબુમ સાંભળી તેના મિત્રો અને પરિવારના સભ્યો દોડી આવ્યા હતા. તત્કાળ તેને ગુંદાવાડી બાદ સિવીલ હોસ્પિટલમાં ખસેડયો હતો. ભક્તિનગર પોલીસે તેની ફરિયાદના આધારે બંને આરોપીઓ વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા પ્રિન્સે સિવીલમાં સારવાર દરમિયાન દમ તોડી દેતાં બનાવ હત્યામાં પરિણમ્યો છે. નિયમ મુજબ જે-તે વખતે એક આરોપી હાથમાં આવતાં પોલીસે તેને નોટીસ આપી જવા દીધો હતો. હવે તેની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે. સાથો-સાથ ભાગી ગયેલા બીજા આરોપીની પણ શોધખોળ શરૂ કરી છે.

### ટ્રકની ટક્કરે ગાંધીનગર કોર્ટના સ્ટેનોગ્રાફરનું મોત

।(એજન્સી)ગાંધીનગર, તા.૨૩।
રાજ્યમાં માર્ગ અકસ્માત અને હિટ એન્ડ રનની ઘટના સામે આવતી હોય છે, ત્યારે ગાંધીનગરના મહાત્મા મંદિર નજીક પૂરઝડપે આવતા ટ્રક ચાલકે એક્ટિવા ચાલકને ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. ઘટનાને અંજામ આપીને ટ્રક ચાલક ત્યાથી ફરાર થઈ ગયો હતો. અકસ્માતના બનાવમાં એક સ્ટેનોગ્રાફરનું કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ, ગાંધીનગરના મહાત્મા મંદિર રોડ પર અકસ્માતની ઘટના બની હતી. જેમાં ગાંધીનગર કોર્ટમાં સ્ટેનોગ્રાફર તરીકે ફરજ બજાવતા દિનેશભાઈ વાઘેલા એક્ટિવા મારફતે જઈ રહ્યા હતા.

### ખંભાતના બંને નબીરાની ધરપકડ

## આણંદમાં ચાલુ કારે બોનેટ ઉપર ચડી સ્ટંટ કરતો વીડિયો વાયરલ

। (એજન્સી) આણંદ, તા.૨૩ ।
આણંદ શહેરની ડી.એન. હાઈસ્કૂલ તરફના રોડ ઉપર ચાલુ કારે બોનેટ ઉપર ચડી સ્ટંટ કરતો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા આણંદ શહેર પોલીસે બે નબીરાઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી બંનેને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સોશિયલ મીડિયામાં ગત રોજ એક વીડિયો વાયરલ થયો હતો. જેમાં યુવક ચાલુ કારે બોનેટ ઉપર બેઠેલો હોવાનું અને બીજો શખ્સ ડ્રાઈવરની બાજુની સીટ પરથી પોતાનો હાથ બહાર કાઢી વીડિયો બનાવતો હોવાનું જણાયું હતું. સાથે સાથે કાર પૂરઝડપે પસાર થઈ રહી હોવાનું જોવા મળ્યું હતું. આ વીડિયો આણંદનો હોવાનું ઉજાગર થતા આણંદ શહેર પોલીસ હરકતમાં આવી હતી. પોલીસે તપાસ કરતા આણંદની ડીએન હાઈસ્કૂલ તરફના રોડ ઉપર નબીરાઓએ આ સ્ટંટ કરતો વીડિયો ઉતાર્યો હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે ગઈકાલ રાત્રિના સુમારે ગુનો નોંધ્યો હતો. કારના નંબરના આધારે તપાસ હાથ ધરી જોખમી સ્ટંટ કરી વીડિયો ઉતારનારા ધ્રુવકુમાર દેવેન્દ્રભાઈ સંતરોલા અને હાદક મનોજભાઈ મકવાણા બંને રહે. ખંભાતવાળાને પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. કારના નંબરના આધારે તપાસ હાથ ધરી જોખમી સ્ટંટ કરી વીડિયો ઉતારનારા ધ્રુવકુમાર દેવેન્દ્રભાઈ સંતરોલા અને હાદક મનોજભાઈ મકવાણા બંને રહે. ખંભાતવાળાને પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### ભરણપોષણનો દાવો તૈયાર કરી આપવા માટે

# દહેગામમાં મહિલા કલ્યાણ કેન્દ્રના સંચાલક ૫૦૦ની લાંચ લેતા ઝડપાયા

## ફરિયાદ બાદ ગાંધીનગર એસીબીની ટીમ દ્વારા છટકું ગોઠવીને મહિલાને ઝડપી લેવામાં આવી : ગુનો દાખલ

।(એજન્સી) ગાંધીનગર, તા.૨૩।
જિલ્લાના દહેગામ ખાતે આવેલી વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રના સંચાલક દ્વારા ભરણપોષણનો દાવો અને ઘરેલુ હિંસા કાયદા અંતર્ગતનો દાવો દાખલ કરવા માટે ૫૦૦ રૂપિયાની લાંચ માંગવામાં આવી હતી. જેના પગલે ગાંધીનગર એસીબી દ્વારા છટકું ગોઠવીને આ મહિલા સંચાલકને ઝડપી લેવામાં આવી છે.હાલમાં વિવિધ સરકારી કચેરીઓમાં લાંચ લેવાની પ્રવૃત્તિ વધી છે ત્યારે સરકાર અનુદાનીત સંસ્થાઓમાં પણ કામ કરવા માટે લાંચ લેવામાં આવી રહી છે. ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર કાર્યરત છે. જ્યાં મહિલાઓને મફત કાનૂની સેવા આપવાની હોય છે પરંતુ આ કેન્દ્રનું સંચાલન કરતી મહિલા દ્વારા પણ લાંચ લેવામાં આવી હોવાની ઘટના બહાર આવી છે. જે અંગે મળતી વિગતો પ્રમાણે એક મહિલા દ્વારા ભરણપોષણનો દાવો અને ઘરેલુ હિંસા કાયદા અંતર્ગતનો દાવો દાખલ કરવા મહિલા કલ્યાણ કેન્દ્રના સંચાલક કાજલબેન ભાનુકાંતભાઈ દાણીનો સંપર્ક કરવામાં આવ્યો હતો. જોકે તેમના દ્વારા ફાઈલ તૈયાર કરી આપવા માટે ૫૦૦ રૂપિયાની લાંચની માંગણી કરવામાં આવી હતી.

### વ્યકિત પોતાનું મકાન કે પ્લોટ બીજાને વેચવા માંગતી હોય તો સોસાયટી ના પાડી શકે નહીં : રજિસ્ટ્રાર

# વ્યક્તિને સભ્યપદે દાખલ કરવાની ના પાડી શકે નહીંઃ રજિસ્ટ્રારનો ચુકાદો



। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।
કોઈપણ હાઉસીંગ સોસાયટી સહકારી કાયદાની અને તે સોસાયટીના પેટા નિયમોની જોગવાઈ હેઠળ સભ્ય થવા માટે કાયદાકીય લાયકાત ધરાવતી કોઈપણ વ્યકિતને પોતાના સભ્ય તરીકે દાખલ કરવાની પૂરતા કારણો વિના ના પાડી શકે નહીં. આ મહત્ત્વનો ચુકાદો અમદાવાદ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (હાઉસીંગ) દ્વારા આપવામાં આવ્યો છે. જેમાં શહેરના સોલા, સાયન્સ સીટી રોડ પર આવેલ ધી એવરેસ્ટ એમ્પાયર્સ કો.ઓ.હા. સર્વિસ સો. લિમાં કાયદાકીય રીતે મકાન ખરીદનાર પિતા-પુત્રીના નામ શેર સર્ટિફિકેટમાં દાખલ નહીં કરવાના સોસાયટીના નિર્ણયને જિલ્લા રજિસ્ટ્રારે ફગાવતાં આ હુકમ કર્યો હતો અને બંને અરજદાર પિતા-પુત્રીના નામ સોસાયટીના સભ્ય તરીકે દાખલ કરી શેર સર્ટિફિકેટમાં પણ તેમના નામ ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા ૩૦ દિવસમાં પૂર્ણ કરવા સોસાયટીને હુકમ કર્યો હતો.અમદાવાદ જિલ્લા રજિસ્ટ્રારે પોતાના હુકમમાં ગુજરાત સહકારી કાયદાની વિવિધ જોગવાઈઓ અને નિયમોને ટાંકતાં જણાવ્યું હતું કે, સોસાયટી દ્વારા અરજદારની સભ્યપદ અંગેની અરજી સોસાયટીની વ્યવસ્થાપક સમિતિની પૂર્વ મંજૂરી વિના મકાન ખરીદ્યુ હોવાથી નામંજૂર કરી હતી. પરંતુ સોસાયટી સર્વિસ સોસાયટી હોવાથી તેને મિલકત ખરીદ વેચાણ કરવાની પ્રક્રિયામાં દખલગીરી કરવાનો કોઈ અધિકાર રહેતો નથી. આ કેસમાં અરજદાર સહકારી કાયદા કાનૂન અને તેના નોંધાયલા પેટા નિયમોની જોગવાઈઓને આધીન રહીને સભ્યપદ માટે લાયકાત ધરાવતા હોવાનું જણાય છે. આ સંજોગોમાં અરજદારની અપીલ ગ્રાહ્ય રાખી સદર મિલકતના શેર અરજદાર પિતા-પુત્રી પ્રવીણભાઈ જશરૂપચંદ સિંઘવી તથા શિલ્પા પ્રવીણભાઈ સિંઘવીના નામે તબદલિ કરવા અને તેમના નામો સભ્યપદે દાખલ કરવાનો હુકમ કરવો યોગ્ય, વાજબી અને ન્યાયોચિત જણાય છે.અરજદારપક્ષ તરફથી જિલ્લા રજિસ્ટ્રારનું વિશેષ ધ્યાન દોરાયું હતું કે, ઉપરોકત સોસાયટી હાઉસીંગ સર્વિસ પ્રકારની સોસાયટી છે. સોસાયટીનો હેતું ફક્ત કોમન જગ્યામાં એમેનીટીસ પૂરી પાડવાનો છે. મિલકત ખરીદ-વેચાણમાં દખલ કરવાનો સર્વિસ સોસાયટીનો કોઈ જ પ્રકારનો અધિકાર હોતો નથી.

### ઝૂકતી દુનિયા ઝૂકાનેવાલા ચાહિયે કહેવતને સાબિત કરતો કિસ્સો

## સાત હજારમાં ટું વ્હીલરની લાલચમાં પંદર મહિલાએ રૂ.૩૮,૦૦૦ ગુમાવ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।
ઝૂકતી દુનિયા ઝૂકાનેવાલા ચાહિયે કહેવાતને સાબિત કરતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શાહીબાગમાં રહેતી મહિલાને સાઈબર ગઠિયાએ રૂ.૭,૦૦૦ હજારમાં ટુ વ્હીલર આપવાની લાલચ આપી હતી, જેને લઈને મહિલાએ ૧૫ સગા -સંબંધી મહિલાના રૂ. ૩૮,૨૫૦ રૃપિયા ભર્યા હતા. જો કે મહિના પછી પણ વાહન કે રૃપિયા પરત નહી આપીને ઠગાઈ કરી હતી.આ બનાવ અંગે શાહીબાગ પોલીસે અજાણી વ્યકિત સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.ગિરધરનગર ખાતે રહેતી મહિલાએ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં અજાણી વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી છે કે તા. ૨૭-૦૮-૨૫ના રોજ તેમની દુકાને સફાઇ કામદાર મહિલાએ આરોપીનો નંબર આપીને કહ્યું કે આ વ્યકિત ભારત સરકારની સ્કીમ અંતર્ગત રૂ. ૭,૦૦૦માં એક્ટિવા ટુ વ્હીલર આપે છે જેને લઈને ફરિયાદી મહિલાએ આરોપીનો સંપર્ક કરતાં તેણે આ સ્કીમ માત્ર મહિલાઓ માટે છે તેવી વાત કરી હતી.જેને લઈને મહિલાએ પોતાના પરિચીત ૧૫ મહિલાઓના આઈડીપ્રૂફ અને મોબાઈલ નંબર સહિતની વિગતો આપીને તેઓના નામે પ્રથમ વખતા રૂ.૩૩,૦૦૦ અને બીજી વખત લોડીગના ૫,૨૫૦ મળી કુલ રૂ. ૩૮,૨૫૦ ઓન લાઈન મોકલી આપ્યા હતા. ત્યારબાદ આરોપીઓ બહાના બતાવીને ગલ્લા તલ્લા કરીને વાહન મોકલી આપ્યા નહી અને રૃપિયા પણ પરત આપ્યા ન હતા. જેને લઈને શાહીબાગ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. રૂ.૩૩,૦૦૦ અને બીજી વખત લોડીગના ૫,૨૫૦ મળી કુલ રૂ. ૩૮,૨૫૦ ઓન લાઈન મોકલી આપ્યા હતા. ત્યારબાદ આરોપીઓ બહાના બતાવીને ગલ્લા તલ્લા કરીને વાહન મોકલી આપ્યા નહી અને રૃપિયા પણ પરત આપ્યા ન હતા. જેને લઈને શાહીબાગ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### જામનગરની બે શૈક્ષણિક સંસ્થામાં ચકચારી બનાવ

## સ્વામિનારાયણ ગરૂકુળમાં વિદ્યાર્થીના વાળ સ્પોર્ટ્સ શિક્ષકે બ્લેડથી કાપી નાખ્યા

। (એજન્સી) જામનગર, તા.૨૩ ।
જામનગરમાં બે શાળામાં શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓના બળજબરીથી વાળ કાપી નાખવાના બનાવે શિક્ષણ જગતમાં ચર્ચા જગાવી છે. શહેરના સ્વામિનારાયણ ગુરુકુળમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીના વાળ સ્પોર્ટસ ટીચરે બ્લેડથી કાપી નાખ્યા હતા. જ્યારે સરકારી નવાનગર હાઈસ્કૂલમાં ધોરણ-૯ના વિદ્યાર્થીના આગળના વાળ એક શિક્ષિકાએ કાતર લઈને કાપી નાખ્યા હતા.આ બન્ને બનાવમાં વિદ્યાર્થીઓના વાલીઓ દ્વારા આજે જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ ફરિયાદ કરી પગલાંની માંગ કરાઇ છે.જામનગરની અમુક શૈક્ષણિક સંસ્થાઓ સમયાંતરે વિવાદમાં સપડાતી રહે છે. જામનગરમાં એરફોર્સ રોડ પર રહેતા એક ગૃહસ્થનો ૧૦ વર્ષનો પુત્ર ધોરણ ૪માં સ્વામિનારાયણ ગુરુકુળ અભ્યાસ કરે છે. આ વિદ્યાર્થીએ માથામાં તેલ નાખ્યું નહીં હોવાથી શાળાના સ્પોર્ટસ ટીચરે બ્લેડથી વિદ્યાર્થીના વાળ કાપી નાખ્યા હતા. આ બાબતની જાણ વિદ્યાર્થીને ઘરે જતા તેના પિતાએ જામનગર જિલ્લા શિક્ષણાધિકારીને લેખિતમાં પત્ર પાઠવીને ફરિયાદ કરી છે અને યોગ્ય પગલાં લેવા માગણી કરી છે.નવાનગર સરકારી હાઈસ્કૂલમાં પણ આવો જ બનાવ બન્યો હતો. શાળામાં વિદ્યાર્થીઓના વાલીઓને મીટીંગ માટે બોલાવવાની સૂચના હોવાથી ધોરણ-૯નો વિદ્યાર્થી તા. ૧૯ના બપોરે શાળાની ઓફિસમાં વાલીના નંબર લખાવવા માટે ગયો હતો, જ્યાં એક શિક્ષિકા બેઠા હતા. તેણીએ વિદ્યાર્થીને જોઈને કહ્યું કે તારા વાળ બહુ વધી ગયા છે. વિદ્યાર્થીએ કહ્યું કે, હું કપાવી નાંખીશ. ત્યાં તો શિક્ષિકાને શું થયું કે, જાતે કાતર લઈને વિદ્યાર્થીના આગળના વાળ કાપી નાંખ્યા હતા. ડઘાયેલા વિદ્યાર્થીએ કોઈકના ફોનમાંથી વાલીને ફોન કરીને રોતા-રોતા હકીકત જણાવી હતી. આજે વિદ્યાર્થીના વાલીએ જિલ્લા શિક્ષણાધિકારીને ફરિયાદ અરજી કરી પગલાં લેવા માંગ કરી છે.

# લોકો શેડ, સાબરમતી દ્વારા સામાજિક જવાબદારી હેઠળ માનવતાની સેવા માટે નોંધપાત્ર યોગદાન



। (રેલ્વે) અમદાવાદ, તા.૨૩ ।
તારીખ ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ ૫શ્ચિમ રેલવે, અમદાવાદ મંડળના લોકોમોટિવ શેડ, સાબરમતીના અધિકારીઓ અને કર્મચારીઓએ સામાજિક જવાબદારીનું નિર્વાહ કરતા એક સરાહનીય પહેલ કરી. આ અવસરે રોબિન હૂડ આર્મી (NGO) ને વિવિધ ઉપયોગી વસ્તુઓ જેવી કે પુરુષો, મહિલાઓ અને બાળકોના કપડાં, બાળકોના રમકડાં તથા શૈક્ષણિક સામગ્રી દાનરૂપે અર્પણ કરવામાં આવી. આ દાન અભિયાન લોકો શેડ, સાબરમતી ખાતે ઉત્સાહપૂર્વક યોજાયું, જેમાં કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. આ અવસરે મંડળ યાંત્રિક એન્જિનિયર દ્વારા કર્મચારીઓને સંબોધન કરતાં જણાવ્યું કે "આ પ્રકારના પ્રયાસો જયાં એક તરફ જરૂરિયાતમંદોની મદદ કરે છે, સાથે જ સમાજમાં સકારાત્મક સંદેશ પણ ફેલાવે છે. આ માનવીય મૂલ્યોને મજબૂત કરે છે તેમજ કર્મચારીઓમાં સામાજિક જવાબદારીની ભાવના પ્રબળ બનાવે છે." તેમણે તમામ કર્મચારીઓને ભવિષ્યમાં પણ આવી પહેલોમાં સક્રિય ભાગ લેવા માટે પ્રેરિત કર્યા તેમજ આવી સામાજિક પ્રવૃત્તિઓને નિયમિત રીતે ચાલુ રાખવા પર ભાર મૂક્યો. આ સહયોગથી નિશ્ચિતપણે સમાજના નબળા વર્ગોને રાહત મળશે અને લોકો શેડ, સાબરમતીના કર્મચારીઓની સામાજિક પ્રતિબદ્ધતાનું દ્રઢ ઉદાહરણ મળશે. આ પહેલ 'રેલવે પરિવાર'ની સંવેદનશીલતા અને સેવા ભાવનાનું પ્રતિક છે.







